સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભ ાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૧૭૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# સોરઠ જળબંબાકાર : વંથલીમાં ૧૫ , વિસાવદરમાં ૧૪ ઇંચ

## જુનાગઢ શહેર-ગ્રામ્ય ૧૨, કેશોદ ૧૦, માણાવદર ૯, મેંદરડા ૮, ભેંસાણ-માળીયા હાટી ૭, માંગરોળ ૫ ઇંચ વરસાદ ઝીંકાયો : ઓઝત, મધુવતી નદીઓમાં ઘોડાપુર



ગાંધીનગર,તા.૦૨

ગઈકાલે સવારે ૬થી સવારે ૬ દરમ્યાન છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ વંથલીમાં ૧૫ ઈંચ ખાબકતા જળબંબાકાર થઈ જવા પામતા ખેતરો પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા છે.

ઓઝત, ઉબેણ, મધુવંતી છલકાય જવા પામ્યા છે. બારે મેઘ ખાંગા હોય તેમ ૨૪ કલાકમાં મેઘરાજાએ સટાસટી બોલાવી દીધી છે. વિસાવદર અને જંગલ વિસ્તારમાં આભ ફાટ્યું હોય તેમ ૨૪ કલાકમાં બીજા ક્રમે ૧૪ ઈંચ વરસાદ ખાબકયો છે. વિસાવદરની ઓઝત નદીમાં ઘોડાપુર આવતા એક ઝાટકે પાણીનો પ્રશ્ન હલ થઈ જવા પામ્યો છે.

માણાવદરમાં ગઈકાલ સવારના ૮થી સવારના ૮ દરમ્યાન ૯ ઈંચ વરસાદ નોંધાયો છે જેમાં બાંટવા ખારા ડેમ, માણાવદરનો રસાલા ડેમ છલકાયો છે. બાંટવા ખારા ડેમના ગઈકાલે ૬ દરવાજા ખોલી નાખવામાં આવતા ભલગામ, કોડવાવ, રેવદ્રા સહિતના ગામડાઓ પુરના પાણીમાં વિખુટા પડી જવા પામ્યા હતા.ઉપરાંત ઓસમના ડુંગરમાં ભારે ધોધમાર વરસાદ ખાબકતા સરાડીયાની ધુંધવી નદીના ઘોડાપુર સરાડીયા ગામે ફરી વળ્યા છે. સરાડીયા બસ સ્ટેશનથી આગળ જુનાગઢ-પોરબંદર સ્ટેટ હાઈવે ગઈકાલથી બંધ થઈ જવા પામ્યો હતો. બાંટવા ખારા ડેમના દરવાજા ખોલી નાખતા ખારા ડેમ નીચેના બેઠા પુલમાં વાહન વ્યવહાર બંધ થઈ જવા પામ્યો હતો.જે આજે વહેલી સવારે જુનાગઢ-પોરબંદર વાહન વ્યવહાર સરાડીયાથી આગળ મેલના વાયા (પુલ)માં પાણી ઓસરતા પૂર્વવત થઈ જવા પામ્યો છે. ગઈકાલે આખો દિવસ પોરબંદર હાઈવે જુનાગઢનો બંધ થઈ જવા પામ્યો હતો. ઉપરવાસ ભાદર નદીમાં ઓછા વરસાદના કારણે આ વખતે સરાડીયા સ્ટેટ હાઈવેની દુકાનોમાં પાણી અંદર ઘુસ્યા ન હતા જેથી રાહતનો શ્વાસ લીધો છે. સાંબલીયા, ઘેડ પંથકના બાંટવા, મૈયારી, પાદરડી, અમીપુર, બગસરા સહિતના ઘેડ પંથકમાં જળબંબાકાર થઈ જતા વાહન વ્યવહાર બંધ થઈ જવા પામેલ હતો.સરાડીયાથી આગળ મરમઢ, દેશીગાથી આગળ રત્નાગર નદી બે કાંઠે વહી રહી છે જેના કારણે ઘેડ પંથકના રસ્તાના ગામડાઓનો સંપર્ક આજે બીજા દિવસે પણ તુટી જવા પામ્યો છે. જુનાગઢ બાંટવા, સમેગાની એસ.ટી. બસ સમેગા ખાતે અટવાઈ જવા પામી છે. ભારે વરસાદના કારણે બાંટવા ખારા ડેમના દરવાજા ખોલતા સમેગા ગામ કોડવાવ ચોતરફથી દરિયામાં ફેરવાઈ જતા એસ.ટી. બસ સમેગા ખાતે ગઈકાલે અટવાઈ જવા પામી છે.

અનુસંધાન પાના ૭ પર

# રાહુલ ગાંધીએ લોકસભામાં કરેલા નિવેદનનો હિસ્સો હટાવી દેવાયો

### ગૃહની કાર્યવાહી પૂર્વે ભાજપે સંસદીય દળની બેઠક યોજી

નવી દિલ્હી,તા.૦૨

સંસદ સત્રના ૭મા દિવસની કાર્યવાહી મંગળવાર, ૨ જુલાઈએ . રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર લોકસભામાં ચર્ચા થઈ રહી છે. સપા પ્રમુખ અખિલેશ યાદવ સૌથી પહેલા બોલવા આવ્યા હતા. તેમણે કહ્યું- ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશને આઝાદી મળી, ૪ જૂને સાંપ્રદાયિક રાજનીતિનો અંત આવ્યો.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે ગૃહમાં આપેલા ભાષણના ઘણા ભાગો હટાવી દેવામાં આવ્યા છે. હટાવવામાં આવેલા ભાગોમાં હિન્દુઓ અને પીએમ નરેન્દ્ર મોદી, બીજેપી, ઈજીજી અને અન્ય લોકો વિશેની ટિપ્પણીઓ સામેલ હતી.

મંગળવાર, ૨ જુલાઈએ સંસદ સત્રનો ૭મો દિવસ છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર લોકસભામાં ચર્ચા થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે લોકસભામાં આભાર પ્રસ્તાવનો જવાબ આપશે. આ પહેલા ભાજપ સંસદીય દળની બેઠક શરૂ થઈ ગઈ છે.

સોમવારે રાહુલ ગાંધીએ વિપક્ષના નેતા તરીકે પહેલીવાર લોકસભામાં ભાષણ આપ્યું હતું. ૯૦ મિનિટના ભાષણમાં રાહુલે મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપ હિંસા ભડકાવે છે. જેઓ પોતાને હિન્દુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા કરે છે.

રાહુલના નિવેદન પર પીએમ મોદીએ ઉભા થઈને કહ્યું કે સમગ્ર હિન્દુ સમાજને હિંસક કહેવું ગંભીર બાબત છે. રાહુલે કહ્યું કે નરેન્દ્ર મોદીજી સમગ્ર હિન્દુ સમાજ નથી. ભાજપ સમગ્ર હિન્દુ સમાજ નથી. RSS એ સમગ્ર હિન્દુ સમાજ નથી.

સપાના વડા અખિલેશ યાદવે કહ્યું- અમને ગઈકાલે EVM પર વિશ્વાસ નહોતો, ન તો આજે છે અને ન તો કાલે રહેશે. જો અમે ૮૦માંથી ૮૦ સીટો જીતીએ તો પણ અમને ઈવીએમ પર વિશ્વાસ નથી. અમે EVMÚી જીતીશું અને ઈફસ હટાવીશું.

અનુસંધાન પાના ૭ પર

# આસામમાં પૂરની સ્થિતિ વણસી પૂરના કારણે કુલ ૩૫નાં મોત

### આસામમાં પૂરથી ૬ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત

નવી દિલ્હી,તા.૦૨

આસામમાં સતત વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ૧૯ જિલ્લાઓમાં ૬.૪૪ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. પૂરમાં અત્યાર સુધીમાં ૩૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. તિનસુકિયા જિલ્લામાં સોમવારે (૧ જુલાઈ) એક વ્યક્તિનું મોત થયું હતું.

આસામ અને અરુણાચલ પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદને કારણે ઘણી નદીઓમાં પૂર આવ્યું છે. બ્રહ્મપુત્રા, સુબનસિરી, દિખૌ, દિસાંગ, બુરહિદિહિંગ, જિયા-ભરાલી, બેકી અને કુશિયારા નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં પૂરના પાણીથી ૪૪ રસ્તાઓ, એક પુલ અને ૬ ડેમને નુકસાન થયું છે.

મિઝોરમના આઈઝોલમાં મંગળવારે (૨ જુલાઈ) ભૂસ્ખલનમાં ચાર વર્ષની બાળકી સહિત ત્રણ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. ભૂસ્ખલનને કારણે ટીનની છતવાળી ઈમારત ધરાશાયી થઈ ત્યારે દરેક વ્યક્તિ પોતાના ઘરમાં સૂઈ રહ્યા હતા. આ દરમિયાન પરિવારના કેટલાક સભ્યો જીવ બચાવવા ભાગ્યા હતા, પરંતુ એક દંપતી અને તેમની પુત્રી કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

શનિવારે (૨૯ જૂન) પુણેના

અનુસંધાન પાના ૭ પર

# દંપત્તિ પર જાહેરમાં હુમલા અંગે મમતા સરકાર પાસે જવાબ માંગતા ગર્વનર

### રાજ્યપાલ આનંદ બોઝ આજે પીડિતોને મળશે

નવી દિલ્હી,તા.૦૨

રાજયપાલ આનંદ બોઝે સોમવારે (૧ જુલાઈ) પશ્ચિમ બંગાળના ઉત્તર દિનાજપુરના ચોપરામાં એક મહિલાને રસ્તા પર માર મારવાના મામલામાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પાસેથી રિપોર્ટ માંગ્યો છે.

રાજભવનના અધિકારીએ જણાવ્યું કે બોઝ હાલમાં દિલ્હીમાં છે. તેઓ મંગળવારે ચોપરા પહોંચશે અને પીડિતાને મળશે. મહિલાને મળ્યા બાદ તેઓ ફરીથી દિલ્હી જશે અને ઘટનાનો રિપોર્ટ કેન્દ્ર સરકારને સોંપશે.

આ તરફ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) એ પણ સોમવારે આ મામલાની નોંધ લીધી છે. પંચે મમતા સરકાર અને પશ્ચિમ બંગાળના ડીજીપીને નોટિસ પાઠવી છે. NHRCએ ડાયરેક્ટર જનરલ (તપાસ) ને તાત્કાલિક એક ટીમ બનાવવા અને તેને ઉત્તર દિનાજપુરમાં ચોપરા મોકલવા કહ્યું છે.

NHRCએ કહ્યું છે કે, 'આ ઘટનાનો મુખ્ય ગુનેગાર કથિત રીતે પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી સાથે સંકળાયેલો છે. મહિલાને માર મારતા વાયરલ વીડિયોમાં તે સ્પષ્ટ દેખાય છે. ટીમનું નેતૃત્વ એક વરિષ્ઠ એસપી રેન્કના અધિકારીએ કરવું જોઈએ અને ઘટનાનો રિપોર્ટ શક્ય તેટલી વહેલી તકે કમિશનને મોકલવો જોઈએ.

પશ્ચિમ બંગાળ પોલીસે સોમવારે કહ્યું, 'આ બાબતને લઈને નકલી સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. કેટલાક લોકો આ ઘટનાને રાજકીય રંગ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સત્ય એ છે કે ઘટનાની માહિતી મળતાં જ પોલીસે તરત જ ગુનેગારની ઓળખ કરી અને તેની ધરપકડ કરી હતી. પીડિતાને પોલીસ સુરક્ષા પુરી પાડવામાં આવી છે.

# અદાણી જૂથને બદનામ કરનાર હિંડન બર્ગેને સેબી દ્વારા નોટિસ

### સેબીએ નોટીસ આપી હોવાનો હિંડનબર્ગે જ ખુલાસો કર્યો

નવી દિલ્હી,તા.૦૨

મુંબઈ,તા.૨

ભારતના ટોચના ઉદ્યોગપતિ અદાણી જુથ સહિત સમગ્ર ભારતીય શેરબજારમાં હાહાકાર સર્જનાર અમેરિકા સ્થિત રિસર્ચ કંપની હિંડનબર્ગ સામે જ હવે ગાળીયો કસાયો છે. સેબી દ્વારા હિંડનબર્ગને શોકોઝ નોટીસ ફટકારવામાં આવી છે. ભારતીય શેરબજારના નિયમોનો ભંગ કરાયાની શંકા દર્શાવી છે.

હિંડનબર્ગ દ્વારા જ એવુ જાહેર કરાયુ છે કે, કંપનીએ ૨૭મી જૂને સેબીએ નોટીસ ફટકારી છે. જો કે, ભારતીય વર્તુળો સાથેની વાતચીતના આધારે એવી શંકા છે કે સેબી અદાણીને બચાવવા મેદાને પડી છે. કંપનીએ જાન્યુઆરી ૨૦૨૩માં અદાણી વિશે રિપોર્ટ જારી કર્યો તેના તુરંત બાદ સેબીએ પડદા પાછળ રહીને શોરબ્રોકરોને દબાવવાનુ અને અદાણી ગ્રુપની કંપનીઓમાં 'શોર્ટ પોઝીશન' સરખી કરી લેવાનું કહ્યું હતું.

કંપનીએ એવો પણ આક્ષેપ કર્યો છે કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સેબી દ્વારા અમારા રિપોર્ટના આક્ષેપ પર તપાસ કરવામાં આવી હતી. વાસ્તવમા અમારા રિપોર્ટના મહત્વના ખુલાસામાં તથ્ય જણાયુ

અનુસંધાન પાના ૭ પર

# હું રાજ્યસભામાં સોનિયા ગાંધીને લીધે છું : ખડગે

### રાજ્ય સભામાં ખડગે અને ધનખડ વચ્ચે ઉગ્ર બોલાચાલી

નવી દિલ્હી,તા.૦૨

સંસદ સત્રના ૭મા દિવસની કાર્યવાહી મંગળવાર, ૨ જુલાઈએ ચાલુ છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા ખડગે અને અધ્યક્ષ ધનખડ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. કોંગ્રેસના સાંસદ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- સોનિયા ગાંધીએ મને બનાવ્યો છે. ન તો રમેશ બનાવી શકે, ન તમે બનાવી શકો, જનતાએ મને બનાવ્યો.

તેના પર ઉપાધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું- હું તે સ્તર પર આવવા માંગતો નથી. તમે જાણો છો કે તમને કોણે બનાવ્યા છે. એવા ઘણા પ્રસંગો હતા જ્યારે તમારી પ્રતિષ્ઠાને ફટકો પડ્યો, મેં તમારી પ્રતિષ્ઠાને બચાવી.

તમે દર વખતે ખુરશી નીચે ન કરી શકો. તમે દરેક વખતે ખુરશીનો અનાદર કરી શકતા નથી. હું શું કહું છું તે સમજ્યા વિના તમે અચાનક ઉભા થઈને કંઈ પણ બોલો છો.

આ દેશના ઈતિહાસમાં અને સંસદીય લોકશાહી અને રાજ્યસભાની કાર્યવાહીમાં તમે ક્યારેય અધ્યક્ષની આટલી અવગણના કરી નથી. હવે તમારા માટે આત્મનિરીક્ષણ કરવાનો સમય છે .અહીં લોકસભામાં પણ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા થઈ રહી છે. સપા પ્રમુખ અખિલેશ યાદવ સૌથી પહેલા બોલવા આવ્યા હતા. તેણે કહ્યું- અમે નાનપણથી સાંભળતા આવ્યા છીએ - હોઈહિ સોઈ જો રામ રચી રખા. અયોધ્યાની જીતે આ સાબિત કર્યું. તેઓએ તેમને હરાવ્યા જેમણે કહ્યું કે અમે તેમને લાવ્યા છીએ. તેમણે કહ્યું- સરકાર પોતે પેપર લીક કરી રહી છે, જેથી યુવાનોને નોકરી ન આપવી પડે.

વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- સોનિયા ગાંધી જ મને અહીં લાવ્યાં છે. ના તો બીજા કોઈ લાવ્યા છે, ન તમે લાવ્યા છો, મને દેશની જનતા લાવી છે. તેના પર અધ્યક્ષ જગદીપ ધનખરે કહ્યું- તમે દરેક વખતે ખુરશીનો અનાદર ન

અનુસંધાન પાના ૭ પર

### ગુજરાતમાં નવા કાયદા હેઠળ પ્રથમ દિવસે ૧૬૪ કેસ દાખલ

ગાંધીનગર,તા.૦૨

દેશમાં ઈન્ડીયન પિનલ કોડના સ્થાને ભારતીય ન્યાય સંહીતા સહીત ત્રણ નવા ફોજદારી કાયદા લાગુ પડયા છે.ત્યારે ગઈકાલે પ્રથમ દિવસે ગુજરાતમાં નવા કાયદા હેઠળ કુલ ૧૬૪ કેસ નોંધવામાં આવ્યા હતા.

સમગ્ર ગુજરાતમાં નવા કાયદા હેઠળનો પ્રથમ કેસ ગાંધીનગર નજીક બાઈક ચાલક સામે થયો હતો.મોટા ચિલોડા-દેહગામ નજીક જાહેર માર્ગ પર અડચણ સર્જવાનો ગુન્હો દાખલ થયો હતો. ત્યારબાદ દિવસ દરમ્યાન રાજયમાં ભારત ન્યાય સંહીતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમ હેઠળ કુલ ૧૬૪ ગુના દાખલ થયા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે જણાવ્યું હતું કે કેન્દ્ર શાસીત પ્રદેશોમાં ૧૫ ઓગસ્ટ સુધીમાં નવા કાયદા

અનુસંધાન પાના ૭ પર

# એક દાયકામાં ખર્ચમાં વધારો અને આવકમાં થયો ઘટાડો

### આવક ઘટી જતા પરિવારોની બચત પણ ખુટી

નવી દિલ્હી,તા.૦૨

પુરા દેશમાં લોકોની નેટ બચતમાં મોટો ઘટાડો અને ખર્ચમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારતીય રીઝર્વ બેંકે નાણાકીય સ્થિરતા રિપોર્ટ ૨૦૨૪માં જાહેર કર્યું છે કે છેલ્લા એક દાયકામાં લોકોની બચત ઘટવા સાથે કોરોના મહામારીના કારણે બચતની પધ્ધતિમાં મોટો ફેરફાર આવ્યો છે.

આરબીઆઈના અહેવાલ મુજબ બચત ઘટવાના બે મુખ્ય કારણ છે. પહેલુ.. હવે લોકો સોના ચાંદી, જમીન, ઘર અને મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરે છે. બીજુ.. લોકોનો ઘરનો ખર્ચ વધ્યો છે જેના કારણે નેટ બચત ભાંગી ગઈ છે.

૨૦૨૨-૨૩માં ભારતની નેટ બચતમાં નેટ આવકનો હિસ્સો ૨૯.૭ ટકા હતો. ૨૦૨૨-૨૩માં પરિવારોના પ્રાથમિક બચતકર્તાઓની ભાગીદારી ૬૦.૯ ટકા હતી. જયારે ૨૦૧૩થી ૨૨ વચ્ચે આ ટકાવારી ૬૩.૯ ટકા હતી.

રિપોર્ટ મુજબ આ રીતે લોકોની નેટ બચતમાં ૧૧.૩ ટકાનો ઘટાડો દેખાયો છે. જે ૨૦૨૨-૨૩માં ઘટીને ૨૮.૯ ટકા રહી ગઈ છે. જયારે ૧૦ વર્ષની સરેરાશ ૩૯.૮ ટકા છે. સતત ખર્ચમાં થતા વધારાના કારણે બચત ઘટતા જીડીપીમાં નેટ બચતનો હિસ્સો ૨.૭ ટકા ઘટયો છે.

કાયદા અગાઉ આ દર ૮ ટકા

અનુસંધાન પાના ૭ પર

# સલમાન ખાનની હત્યા માટે રૂ. ૨૫ લાખમાં સોપારી અપાઈ હતી

### હથિયાર પાક.થી આવ્યા હતા : બિશ્નોઈ ગેંગનો પ્લાન હતો




મુંબઈ,તા.૦૨

બોલીવુડ ફિલ્મ અભિનેતા સલમાન ખાનની હત્યાના કાવતરાના કેસમાં નવી મુંબઈ પોલીસે ચાર્જશીટમાં કહ્યું હતું કે સિદ્ધુ મૂસેવાલાની હત્યાની જેમજ તેની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

બિશ્નોઈ ગેંગ એક્ટર સલમાનની દરેક પ્રવૃત્તિઓ પર નજર રાખતી હતી. તેના બાંદ્રા ઘર, પનવેલ ફાર્મહાઉસ અને ફિલ્મ સિટીમાં અને તેની પ્રવૃત્તિઓની વિગતો એકત્રિત કરી હતી.

સલમાનની હત્યા માટે એકે-૪૭, એમ-૧૬ અને એકે-૯૨નો ઉપયોગ કરવાના હતા જે પાકિસ્તાનથી બિશ્નોઈ ગેંગના સભ્ય દ્વારા લાવવામાં આવ્યા હતા. સલમાન ખાનને મારવા માટે શૂટર્સને ૨૫ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.

પનવેલ સિટી પોલીસે તેની ચાર્જશીટમાં કહ્યું છે કે, ફિલ્મ અભિનેતા સલમાન ખાનની હત્યાનું કાવતરું ઓગસ્ટ ૨૦૨૩થી એપ્રિલ ૨૦૨૪ વચ્ચે બિશ્નોઈ ગેંગ દ્વારા ઘડવામાં આવ્યું હતું. પોલીસે તેમની ચાર્જશીટમાં બિશ્નોઈ ગેંગના અનેક સભ્યોની ધરપકડ કરી હતી અને કાવતરામાં ૬૦ થી ૭૦ લોકો સામેલ હતા.

ડોગરે વિડિયો કોલમાં કહ્યું હતું કે તે આ હાઈટેક હથિયારો ખરીદશે પરંતુ તેની ચુકવણી તેના બોસ ગોલ્ડી બ્રારના કેનેડિયન એકાઉન્ટમાં કરવાની રહેશે. તેણે કહ્યું કે શૂટર્સ

અનુસંધાન પાના ૭ પર

# ચીનનું યાન્જિન કાઉન્ટી વિશ્વનું સૌથી સાંકડુ શહેર જાહેર થયું

### શહેરમાં પાંચ લાખની વસ્તી પણ એક જ રસ્તો

બીજીંગ,તા.૦૨

દરેક શહેરની કોઈને કોઈ ખાસિયત હોય છે. ચીનમાં એક એવું શહેર છે જે વિશ્વનું સૌથી સાંકડું શહેર કહેવાય છે. આ શહેરનું નામ યાન્જિન કાઉન્ટી છે. જે ચીનના યુનાન પ્રાંતમાં નાન્કસી નદીના કિનારે આવેલું છે. એની આજુબાજુ તીવ્ર ઢાળવાળા પર્વતોની હારમાળા છે .સોશ્યલ મીડિયા પર આ અનોખા શહેરનો વિડીયો વાઈરલ થયો છે. લીલાછમ પર્વતો વચ્ચે વહેતી નદીના બંને કિનારે બાંધવામાં આવેલી ઈમારતો જોઈને નવાઈ લાગે કે આવું પણ કોઈ શહેર અસ્તિત્વ ધરાવે છે. જોકે આ શહેર જોવામાં ભલે સુંદર લાગતુ હોય પણ અહીં રહેવું એટલું સરળ નથી ?

આ શહેરનો સૌથી સાંકડો વિસ્તાર ૩૦ મીટરનો અને સૌથી પહોળો વિસ્તાર ૩૦૦ મીટરનો છે. ટ્રાન્સપોર્ટેશન માટે નદીની વચ્ચે માત્ર એક મુખ્ય રસ્તો છે અને શહેરની વચ્ચે બનાવવામાં આવેલા રસ્તા નદીની લંબાઈને કારણે બહુ લાંબા છે. મુલાકાતીઓ પણ આ જ રસ્તાનો ઉપયોગ કરીને જ શહેરમાં આવી શકે છે.

અનુસંધાન પાના ૭ પર

# જ્યોર્જિયામાં અકસ્માતના કેસમાં અધધ ૧૬૨ મિલિયન ડોલરનું વળતર જાહેર

### દુર્ઘટનામાં સાત મહિલાના મોત થયા હતા અને નવ ઘાયલ થયા હતા

જ્યોર્જિયા,તા.૦૨

ગ્વિનેટ કાઉન્ટીમાં ત્રણ વર્ષ પહેલા થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં રેકોર્ડ ૧૬૨ મિલિયન ડોલરમાં સેટલમેન્ટ થયું છે. આ અકસ્માતમાં સાત મહિલાના મોત થયા હતા જ્યારે નવ અન્ય લોકો ઘાયલ થયા હતા.

૨૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ થયેલા અકસ્માતમા I-૮૫ પર દોડી રહેલી વાન પલ્ટી ખાધા બાદ આગની જવાળામાં લપેટાઈ ગઈ હતી. તમામ મૃતક મહિલાઓ તેમજ વાનમાં સવાર અન્ય લોકો એડિક્શન રિકવરી ગ્રુપ હોમના મેમ્બર હતા અને અકસ્માત થયો તે દિવસે એક મિટિંગમાં સામેલ થવા માટે વાનમાં જઈ રહ્યા હતા.

આ કેસમાં મૃતકો તેમજ ઘાયલોના પરિવારજનોએ જે સંસ્થામાં તે લોકો રહેતા હતા તેના પર તેમજ પેસેન્જર વાનના મેકર પર અને વાન ચલાવી રહેલી મોનિકા એલિઝાબેથ સહિતના લોકો સામે લોસ્યૂટ ફાઈલ કર્યા હતા.બંને પક્ષો વચ્ચે ૧૬૨ મિલિયન ડોલરમાં સમાધાન થયું છે અને જ્યોર્જિયાના ઈતિહાસમાં સિંગલ વ્હીકલ એક્સિડન્ટમાં આટલી મોટી રકમમાં સમાધાન થયું હોય તેવો આ પહેલો કિસ્સો છે.અકસ્માતનો ભોગ બનેલી વાનમાં કુલ ૧૬ લોકો સવાર હતા, જેની મહિલા ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત થયો હતો.

કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલા ડોક્યુમેન્ટ્સ અનુસાર ફરિયાદ પક્ષે અકસ્માતનો ભોગ બનેલી વાનની ડિઝાઈન પર સવાલ ઉઠાવી તેને બનાવનારી કંપની પર દાવો માંડ્યો હતો. તેમનો દાવો હતો કે વાનની ડિઝાઈન ભયજનક અને અનસ્ટેબલ હતી, જેના કારણે લેન ચેન્જ કરતી વખતે વાન પલ્ટી ખાઈ

અનુસંધાન પાના ૭ પર

# ટીમ ઈન્ડિયા ઝિમ્બાબ્વે માટે રવાના, 5 T20 મેચની સિરીઝ રમાશે

T20 વર્લ્ડકપ 2024નો ખિતાબ જીત્યા બાદ હવે ટીમ ઈન્ડિયાનું આગામી લક્ષ્ય ઝિમ્બાબ્વેને ઘરઆંગણે હરાવવાનું છે. ટીમ ઈન્ડિયા હવે ઝિમ્બાબ્વે પ્રવાસ માટે રવાના થઈ ગઈ છે. આ સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની કમાન શુભમન ગિલના હાથમાં છે. આ પ્રવાસમાં ટીમ ઈન્ડિયા માટે ઘણા ખેલાડીઓ ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. શુભમન ગિલ પ્રથમ વખત ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરતો જોવા મળશે. આ સિરીઝ 6 જુલાઈથી શરૂ થઈ રહી છે. બંને ટીમો વચ્ચે આ સિરીઝમાં 5 T20 મેચ રમાશે.

ટીમ ઈન્ડિયા ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ફ્લાઈટમાં બેસી ગઈ છે. ટીમ ઈન્ડિયાના નવા કોચ સાથે ખેલાડીઓની તસવીર પણ સામે આવી છે. BCCIએ આ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. વીવીએસ લક્ષ્મણ આ પ્રવાસમાં ટીમ ઈન્ડિયાના કોચ હશે. આ સિવાય IPL 2024માં ધૂમ મચાવનાર અભિષેક શર્મા, રિયાન પરાગ અને તુષાર દેશપાંડે જેવા ખેલાડીઓ હવે આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની ઓળખ બનાવવા માટે તૈયાર છે.



**ભારતીય ટીમ ઝિમ્બાબ્વે પ્રવાસ માટે રવાના થઈ; સિરીઝમાંટીમનીકમાન શુભમન ગિલનાહાથમાં; બંને ટીમો વચ્ચે આ સિરીઝમાં 5 T20 મેચ રમાશે**

T20 વર્લ્ડકપ 2024નો ખિતાબ જીત્યા બાદ ટીમ ઈન્ડિયા હજુ સુધી પરત ફરી નથી. ટીમના તમામ ખેલાડીઓ હાલ વેસ્ટ ઈન્ડિઝમાં હાજર છે. વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયામાં સામેલ માત્ર ત્રણ ખેલાડી હવે ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમ સાથે જોડાશે. ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ટીમમાં યશસ્વી જયસ્વાલ, સંજુ સેમસન અને શિવમ દુબેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

વેસ્ટ ઈન્ડિઝના આ ત્રણ ખેલાડીઓ સીધા ઝિમ્બાબ્વેમાં ભારતીય ટીમ સાથે જોડાશે. આ વખતે આ ત્રણ ખેલાડીઓને પ્રથમ વખત વર્લ્ડકપ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે.

જયસ્વાલ અને સંજુને આ ટુર્નામેન્ટમાં એક પણ મેચ રમવાની તક મળી નથી, જ્યારે શિવમ દુબેએ પોતાના ખરાબ પ્રદર્શનથી ટીમને નિરાશ કરી હતી.

# હવે અમારો ટાર્ગેટ WTC ફાઇનલ અને ચેમ્પિયન્સ ટ્રોફીજીતવાનો છે: જય શાહ

બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે રોહિત શર્માના નેતૃત્વ હેઠળની ટેસ્ટ તથા વન-ડે ટીમના આગામી ટાર્ગેટનો ઘટસ્ફોટ કરીને જણાવ્યું હતું કે ગયા વર્ષે પણ રોહિત જ સુકાની હતો અને ચાલુ વર્ષે પણ છે.આપણે 2023ના વન-ડે વર્લ્ડ કપમાં ફાઇનલને બાદ કરતાં તમામ મેચો જીતી હતી પરંતુ એક મેચમાં ઓસ્ટ્રેલિયાએ શાનદાર પ્રદર્શન કરીને ટ્રોફી છીનવી લીધી હતા.



અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં રમાયેલા ટી20 વર્લ્ડ કપને જીતવા માટે ટીમે વધારે મહેનત કરીને ક્ષમતા કરતાં પણ વધારે સારો દેખાવ કર્યો હતો. જય શાહે જણાવ્યું હતું કે ભારતીય ટીમનો આગામી લક્ષ્યાંક ઇંગ્લેન્ડ ખાતે રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલ તથા 2025માં પાકિસ્તાન ખાતે રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી જીતવાનો છે. ભારત તમામ ટાઇટલ જીતે તેવી મારી ઇચ્છા છે. આપણી પાસે અન્ય બોર્ડ કરતાં વધારે મોટી બેન્ચ સ્ટ્રેન્થ છે. વર્તમાન ટીમના માત્ર ત્રણ ખેલાડી ઝિમ્બાબ્વે જઇ રહ્યા છે અને જરૂર પડશે તો અમે ત્રણ ટીમો મેદાનમાં ઉતારી શકવાની ક્ષમતા ધરાવીએ છીએ. જે રીતે વર્તમાન ટીમ એક યુનિટ તરીકે રમીને આગળ વધી રહી છે તે જોતાં અમારો ટાર્ગેટ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ તથા ચેમ્પિયન્સ ટ્રોફી જીતવાનો છે. સિનિયર ખેલાડીઓ પણ આ ઇવેન્ટ્સમાં રહેશે.

બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે જણાવ્યું હતું કે ટી20 ફોર્મેટ માટે ભારતીય ટીમના નવા સુકાની અંગેનો નિર્ણય પસંદગીકારો કરશે. નોંધનીય છે કે બાર્બાડોસમાં સાઉથ આફ્રિકાના સાત રનથી હરાવીને ટ્રોફી જીત્યા બાદ રોહિત શર્માએ ટી20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી અને હવે આ ફોર્મેટમાં ભારત પાસે કોઇ સુકાની રહ્યો નથી.

# બાર્બાડોસમાં વધુ એક તોફાનનું એલર્ટ, જાણો હજુ કેટલા દિવસમાં પરત ફરશે ટીમ ઈન્ડિયા

T20 વર્લ્ડકપ 2024ની ફાઇનલ મેચ 29 જૂને બાર્બાડોસમાં રમાઈ હતી. જેમાં ભારતનો વિજય થયો હતો. ત્યારથી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ, તેમના પરિવારજનો અને કોચિંગ સ્ટાફ બાર્બાડોસમાંછે. જેનું કારણ છે બાર્બાડોસમાં ભારે વરસાદ અને ભારે તોફાન, જેના કારણે ટીમ ઈન્ડિયા બાર્બાડોસમાં અટવાઈ ગઈ છે. ટીમ ઈન્ડિયા બાર્બાડોસ છોડીને ક્યારે ભારત પહોંચશે તેની ચાહકોને સતત ચિંતા છે.



બીજી તરફ બાર્બાડોસમાં વધુ એક તોફાનનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જે બાદ ટીમ ઈન્ડિયા વધુ કેટલાક દિવસો સુધી બાર્બાડોસમાં અટવાઈ શકે છે. બાર્બાડોસના ત્રણ ભારતીય ખેલાડીઓ પણ ઝિમ્બાબ્વે જવાના હતા, જ્યાં ભારત 6 જુલાઈથી T20 સિરીઝ રમશે. આવી સ્થિતિમાં આ ખેલાડીઓને ઝિમ્બાબ્વેમાં ટીમ સાથે જોડવામાં વિલંબ થઈ શકે છે.

બાર્બાડોસમાં છેલ્લા ઘણા દિવસોથી હવામાન ખૂબ જ ખરાબ છે. ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે લોકો તેમના ઘરોમાં કેદ છે કારણ કે સરકારે તોફાનને ધ્યાનમાં રાખીને લોકડાઉન લાદી દીધું છે. બાર્બાડોસ એરપોર્ટ પણ બંધ કરી દેવામાં આવ્યું છે જેના કારણે ટીમ ઈન્ડિયા ત્યાં અટવાઈ ગઈ છે. હવે બાર્બાડોસમાં વધુ એક તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. જે બુધવારે આવે તેવી શક્યતા છે.

આ અંગે બાર્બાડોસના પીએમ મિયા મોટલીએ કહ્યું કે બુધવારે વધુ એક તોફાન આવવાનું છે. જેના માટે અમે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. અમે જાણીએ છીએ કે ટીમ ઈન્ડિયા પણ બાર્બાડોસમાં અટવાઈ ગઈ છે. અમે આગામી 12 કલાકમાં એરપોર્ટ ખોલવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું. અમે એરપોર્ટ સ્ટાફ સાથે સતત સંપર્કમાં છીએ. તેઓ તાત્કાલિક અસરથી યાત્રા શરૂ કરવા માટે તેમની અંતિમ તપાસ કરી રહ્યા છે. મને આશા છે કે આગામી 12 કલાકમાં એરપોર્ટ ખુલી જશે. 29 જૂનના રોજ ભારતીય ટીમે સાઉથ આફ્રિકાને હરાવી ખિતાબ જીત્યો હતો. ત્યારથી ટીમ ઈન્ડિયા બાર્બાડોસમાં છે.

# ભારત-ઝિમ્બાબ્વે સિરીઝમાં ત્રણ એવા ખેલાડીઓ છે જેના પર તમામની નજર રહેશે: બની શકે છે ભવિષ્યના સ્ટાર

T20 વર્લ્ડકપ 2024 સમાપ્ત થઈ ગયો છે. ટીમ ઈન્ડિયા ખિતાબ સાથે સ્વદેશ પરત ફરવા જઈ રહી છે. પરંતુ આ પછી તરત જ ભારત ઝિમ્બાબ્વે સામે T20 સિરીઝ રમશે. પરંતુ આ સિરીઝમાં મોટાભાગે યુવા ખેલાડીઓ હશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની પસંદગી સમિતિએ ઘણા યુવા ખેલાડીઓને તક આપી છે.

ભારત-ઝિમ્બાબ્વે સિરીઝમાં ત્રણ એવા ખેલાડીઓ છે જેના પર તમામની નજર રહેશે. અભિષેક શર્મા, રિયાન પરાગ અને તુષાર દેશપાંડેએ IPLમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. આ સાથે તેણે ઘરેલું મેચોમાં પણ સારું પ્રદર્શન કર્યું છે. હવે આ ખેલાડીઓ ઝિમ્બાબ્વે સામે મેદાનમાં ઉતરશે.



**T20 વર્લ્ડકપ 2024 ટીમ ઈન્ડિયા બની ચેમ્પિયન; ભારત ઝિમ્બાબ્વે સામે 5 મેચની T20 સિરીઝ રમશે; સિરીઝમાં BCCI ઘણા યુવા ખેલાડીઓને તક આપી છે**

**અભિષેક શર્મા**

અભિષેક તેની વિસ્ફોટક બેટિંગને કારણે ઘણો ચર્ચામાં છે. અભિષેકે IPLમાં જોરદાર પ્રદર્શન કર્યું છે. તેણે અત્યાર સુધીમાં 104 T20 મેચ રમી છે. આ દરમિયાન 2671 રન બનાવ્યા છે. તેણે આ ફોર્મેટમાં 3 સદી અને 16 ફિફ્ટી ફટકારી છે. આ સાથે 32 વિકેટ પણ લીધી છે. અભિષેક ઝિમ્બાબ્વે સામે મેદાનમાં ઉતરશે. તે આ સિરીઝમાં પણ જોરદાર પ્રદર્શન કરી શકે છે.

**રિયાન પરાગ**

રિયાન પરાગ પ્રતિભાશાળી ખેલાડી છે. તે ઝિમ્બાબ્વે સામે પ્લેઈંગ ઈલેવનમાં સામેલ થઈ શકે છે. રિયાને અત્યાર સુધીમાં 114 T20 મેચ રમી છે. આ દરમિયાન 2616 રન બનાવ્યા છે. રિયાને 22 ફિફ્ટી ફટકારી છે. આ સાથે તેણે 41 વિકેટ પણ લીધી છે. રિયાને IPLમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. હવે બધાની નજર તેના પર રહેશે. રિયાન ભારતીય ટીમનો ભાવિ સ્ટાર બની શકે છે.

**તુષાર દેશપાંડે**

તુષાર ઘરેલુ મેચોમાં મુંબઈ માટે રમે છે. તેની છેલ્લી રણજી સિઝન શાનદાર રહી હતી. તુષાર IPLમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમે છે. તેણે અહીં પણ પોતાની તાકાત બતાવી છે. તુષાર અત્યાર સુધીમાં 80 T20 મેચ રમી ચૂક્યો છે. આ દરમિયાન 116 વિકેટ લીધી છે. આ ફોર્મેટમાં તુષારનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 13માં 4 વિકેટ લેવાનું રહ્યું છે.

# સૂર્યકુમાર યાદવે જણાવી બાર્બાડોસના હવામાન સ્થિતિ, ઈન્સ્ટાગ્રામ પર શેર કરી ડરામણી તસવીર

ટીમ ઈન્ડિયાએ T20 વર્લ્ડકપની ફાઈનલમાં શાનદાર જીત નોંધાવીને વર્લ્ડકપની ટ્રોફી જીતી લીધી છે. લગભગ 13 વર્ષ બાદ ભારતીય ટીમે વર્લ્ડકપ ટ્રોફી જીતી હતી. ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામેની શાનદાર જીતમાં સૂર્યકુમાર યાદવનો મોટો ફાળો હતો. તેણે 20મી ઓવરમાં ડેવિડ મિલરનો શાનદાર કેચ લીધો હતો. ટીમ ઈન્ડિયા હજુ પણ બાર્બાડોસમાં અટવાઈ છે. ત્યાં તોફાને ભારતીય ટીમનું ટેન્શન વધાર્યું છે.



આ દરમિયાન સૂર્યાએ બાર્બાડોસની હવામાનની સ્થિતિ જણાવી છે. સૂર્યકુમારે તેના રૂમમાંથી એક વીડિયો રેકોર્ડ કર્યો છે. જેમાં જોઈ શકાય છે કે ત્યાં જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. સૂર્યાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી સ્ટોરીમાં આ સ્થિતિનો ખુલાસો કર્યો છે.

તેણે તેના કેપ્શનમાં લખ્યું- પવન ઝડપથી ફૂંકાય છે, દિનકર રાવ ટોપીની સંભાળો. સૂર્યાની પત્ની દેવીશાએ પણ એક વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં દરિયામાં જોરદાર પવન ફૂંકાતા જોવા મળી રહ્યા છે. આ બંને વીડિયોએ ફેન્સનું ટેન્શન વધારી દીધું છે.

મળતી માહિતી મુજબ, બેરીલ એક ગંભીર ત્રીજી શ્રેણીનું તોફાન છે. આ વાવાઝોડાની પવનની ઝડપ 195 કિલોમીટર પ્રતિ કલાકની હોવાનું કહેવાય છે. બેરીલ તોફાનને કારણે ભારે વરસાદ અને પૂરનો પણ ભય છે.

# G-T20: મોહમ્મદ રિઝવાન બન્યો ટીમનો કેપ્ટન, ખેલાડી તરીકે રમશે બાબર આઝમ

T20 વર્લ્ડકપમાં શરમજનક પ્રદર્શન બાદ પાકિસ્તાન ક્રિકેટમાં ખળભળાટ મચી ગયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે PCB પણ ટીમના કેટલાક ખેલાડીઓ સામે કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. બાબર આઝમને ફરી એકવાર સુકાની પદ પરથી હટાવી શકાય છે. આવી સ્થિતિમાં ટીમનો કેપ્ટન કોણ હશે? આ અંગે અનેક અટકળો ચાલી રહી છે. દરમિયાન, કેનેડામાં યોજાનારી ગ્લોબલ T20 લીગની એક ફ્રેન્ચાઈઝીએ મોટી જાહેરાત કરી છે.



GT20 કેનેડાની વેંકુવર નાઈટ્સ ફ્રેન્ચાઈઝીએ પાકિસ્તાનના વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ રિઝવાનને તેના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. ખાસ વાત એ છે કે બાબર આઝમ તેની નીચે રમશે. તેને પણ આ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, પરંતુ તે બેટ્સમેન તરીકે રમતો જોવા મળશે. ટીમે બાબરને બદલે મોહમ્મદ રિઝવાનને આ જવાબદારી આપવાનો નિર્ણય કર્યો છે. વેંકુવર નાઈટ્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી જેમાં કહ્યું- વેંકુવર નાઈટ્સે GT20 સીઝન 4 માટે મોહમ્મદ રિઝવાનની કેપ્ટન તરીકે પસંદગી કરી છે. તેની શાનદાર બેટિંગ કુશળતા અને વિકેટ કીપિંગથી તે અમને જીત તરફ લઈ જવા માટે તૈયાર છે.

આ ટીમમાં ફાસ્ટ બોલર મોહમ્મદ આમિરની પણ પસંદગી કરવામાં આવી છે. આ સાથે આસિફ અલી, ન્યૂઝીલેન્ડના માઈકલ રિપ્પોન અને દક્ષિણ આફ્રિકાના ડ્વેન પ્રિટોરિયસનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. નામિબિયાના રુબેન ટ્રમ્પલમેન અને ગયાનાના જેરેમી ગોર્ડન પણ ટીમમાં સ્થાન પામ્યા છે. GT20 કેનેડાની ચોથી સિઝન 25 જુલાઈથી શરૂ થશે.



# ફૂટબોલ 2024માં સ્પેન-જર્મની વચ્ચે બ્લોકબસ્ટર ક્વાર્ટર ફાઇનલ રમાશે

પ્રારંભિક 18મી મિનિટે રોબિન લી નોર્મંડે નોંધાવેલા આત્મઘાતી ગોલ બાદ દબાણમાં આવેલી સ્પેનની ટીમ વધારે સારો દેખાવ કરીને જ્યોર્જિયાને 4-1થી હરાવીને યૂરો કપ ફૂટબોલ 2024માં યજમાન જર્મની વચ્ચે બ્લોકબસ્ટર ક્વાર્ટર ફાઇનલ નિશ્ચિત કરી લીધી હતી.

મિડફિલ્ડર રોડ્રીએ 39મી તથા ફેબિયન રુઇઝે 51મી મિનિટે ગોલ કરીને સ્કોર 2-1નો કરવા ઉપરાંત સ્પેનને ફરીથી રમતમાં લાવી દીધી હતી. બીજા હાફમાં ભારે વરસાદ વચ્ચે નિકો વિલિયમ્સને 75મી તથા ડાની ઓલ્મોએ 83મી મિનિટે ગોલ કરીને ટીમનો 4-1થી વિજય નિશ્ચિત કર્યો હતો. જ્યોર્જિયાના ગોલકિપર જિઓર્ગી મામાડાશવિલીએ સાત વખત સ્પેનિશ ટીમના શોટ્સને રોક્યા હતા.


યૂરો કપમાં હરીફ ટીમને આત્મઘાતી ગોલ વડે 1-0ની લીડ અપાવ્યા બાદ જ્યોર્જિયા સામે સ્પેને મેળવેલો 4-1નો વિજય બિગેસ્ટ માર્જિનવાળો છે. સ્પેને 2012ની ફાઇનલમાં ઇટાલી સામે 4-0થી વિજય મેળવ્યા બાદ પ્રથમ વખત નિર્ધારિત 90 મિનિટમાં શાનદાર તાલમેલવાળી રમતનું પ્રદર્શન કર્યું છે. અગાઉની તેની પાંચ મેચ એક્સ્ટ્રા ટાઇમમાં ગઇ હતી. આ મેચોમાં સ્પેને બે વખત વિજય મેળવ્યો હતો અને ત્રણ વખત ટૂર્નામેન્ટની બહાર થયું હતું. જ્યોર્જિયાએ સ્પેન સામેની તમામ સાતેય મેચ ગુમાવી છે. તેની સામે સ્પેને 23 ગોલ કર્યા છે અને તે માત્ર ચાર ગોલ નોંધાવી શક્યું છે. સ્પેન હવે શુક્રવારે સ્ટુટગાર્ટ ખાતે જર્મની સામે અંતિમ-8નો મુકાબલો રમશે. બીજી તરફ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પોર્ટુગલની ટીમને 2-0થી હરાવીને મેજર અપસેટ સર્જનાર જ્યોર્જિયાના યૂરો કપ અભિયાનનો અંત આવી ગયો છે.

સુકાની હેરી કેને પોતાની નેશનલ ટીમ તરફથી હાઇએસ્ટ સ્પર્ધાત્મક મેચ રમનાર પ્રથમ ઇંગ્લિશ ફૂટબોલર બનવાની સિદ્ધિ વચ્ચે ઇંગ્લેન્ડે સ્લોવાકિયાને 2-1થી હરાવીને યૂરો કપ 2024 ફૂટબોલની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. સ્લોવાકિયાએ નિર્ધારિત 90 મિનિટ સુધી પોતાની 1-0ની લીડ જાળવી રાખી હતી. ઇવાન શ્રાઝેએ 25મી મિનિટે ગોલ કર્યો હતો. સુકાની હેરી કેને 91મી તથા જૂડ બેલિંગહામ દિલધડક સાઇક્લિંગ કિક વડે 95મી મિનિટે ગોલ કરીને ઇંગ્લેન્ડનો વિજય નિશ્ચિત કર્યો હતો. 1986ના વર્લ્ડ કપમાં આર્જેન્ટિના સામેની મેચ બાદ ઇંગ્લેન્ડની ફૂટબોલ ટીમ કોઇ પણ મેજર ટૂર્નામેન્ટના નોકઆઉટ તબક્કાના પ્રથમ હાફમાં ગોલ કરવામાં પ્રથમ વખત નિષ્ફળ રહી છે. ઇવાને સ્લોવાકિયા માટે પ્રથમ અને પોતાનો ત્રીજો ગોલ કર્યો હતો. તે નોકઆઉટમાં ગોલ કરનાર પ્રથમ સ્લોવાકિયન ખેલાડી બની ગયો છે.

**4-1ના પરાજય સાથે જ્યોર્જિયાના અભિયાનનો અંત, સ્પેન સામે સાતમી મેચ ગુમાવી; સ્પેન હવે શુક્રવારે સ્ટુટગાર્ટ ખાતે જર્મની સામે અંતિમ-8નો મુકાબલો રમશે; જ્યોર્જિયાએ સ્પેન સામેની તમામ સાતેય મેચ ગુમાવી**

# રોહિત શર્મા-વિરાટ ન હતા લેવા માંગતા સંન્યાસ, શું ગૌતમ ગંભીર બન્યો કારણ?

આ વખતે ટીમ ઈન્ડિયાએ રોહિત શર્માની કેપ્ટન્સીમાં T20 વર્લ્ડકપ 2024નો ખિતાબ જીત્યો હતો. 17 વર્ષ બાદ ટીમ ઈન્ડિયાએ બીજી વખત T20 વર્લ્ડકપની ટ્રોફી જીતી છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા માટે પણ આ વર્લ્ડકપ છેલ્લો હતો. ફાઈનલ જીત્યા બાદ પહેલા વિરાટ કોહલી અને પછી રોહિત શર્માએ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય લીધો હતો.




T20 વર્લ્ડકપ જીત્યા બાદ રોહિત શર્માએ પોતાની નિવૃત્તિ વિશે કહ્યું હતું કે તેની હજુ સુધી નિવૃત્તિ લેવાની કોઈ ઈચ્છા નથી પરંતુ સ્થિતિ એવી બની ગઈ કે તેને સંન્યાસ લેવો પડ્યો છે. જે બાદ ઘણા ચાહકો રોહિતની નિવૃત્તિને ગૌતમ ગંભીર સાથે જોડી રહ્યા છે. કારણ કે ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયાના આગામી કોચ બનવાની રેસમાં છે. તે મુખ્ય કોચ બનશે તે લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. ગંભીર T20 ક્રિકેટમાં નવી અને યુવા ટીમ બનાવવા માંગશે.

આ અંગે એક યુઝરે રોહિત શર્માનો વીડિયો શેર કર્યો અને લખ્યું કે રોહિત શર્માઃ "હું T20Iમાંથી નિવૃત્તિ લેવાના મૂડમાં નહોતો, પરંતુ સંજોગો ઉભા થયા, તેથી મેં તેમ કરવાનું નક્કી કર્યું." શું તે ગંભીરને નિશાન બનાવી રહ્યો છે? કદાચ તે નવી ટીમ બનાવવાનું વિચારી રહ્યો છે. કદાચ તેણે પોતે નિવૃત્તિનો વિચાર કર્યો હશે. સંદેશ ન્યુઝ આ વીડિયોની પુષ્ટિ કરતું નથી.

અન્ય યુઝરે લખ્યું કે ગંભીરને આ નિર્ણય સાથે કોઈ લેવાદેવા નથી.

# શું હાર્દિક પંડ્યા પત્ની નતાશાથી થશે અલગ? નતાશાનું દિલ કેમ ન પીગળ્યું?

ક્રિકેટર હાર્દિક પંડ્યા અને અભિનેત્રી નતાશા સ્ટેનકોવિકના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં આવ્યા હતા. જ્યારે અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પરથી તેના લગ્ન અને ક્રિકેટર સાથેની તસવીરો હટાવી દીધી હતી ત્યારે છૂટાછેડાના સમાચારે જોર પકડ્યું હતું. જો કે, ત્યાર બાદ અભિનેત્રીએ તેના ઈન્ટાગ્રામ પર ફરી ફોટો અપડેટ કર્યા હતા અને ફેન્સને લાગ્યું હતું કે, બંને વચ્ચે બધું જ બરાબર થઈ ગયું છે. ભારતની જીત બાદ ફરી એકવાર નતાશા અને હાર્દિકના સંબંધોમાં તિરાડના સમાચારને વેગ આપ્યો છે.



ભારત જીત્યા બાદ હાર્દિકના ચહેરા પર ખુશીના આંસુ હતા અને મેદાનમાં ધ્રુસકે-ધ્રુસકે રડી રહ્યો હતો પરંતુ પતિની આ જીત પર નતાશા સ્ટેનકોવિકનું દિલ ન પીગળ્યુ અને હાર્દિક પંડ્યાને સપોર્ટ નહોયો કર્યો. નતાશા સ્ટેનકોવિકનું મૌન અને હાર્દિક પંડ્યાના શાનદાર પ્રદર્શને ફરી એકવાર સંબંધોમાં તિરાડના સમાચારને વેગ આપ્યો છે.

હકીકતમાં અભિનેત્રી અને મોડલ નતાશા સ્ટેનકોવિકે હજુ સુધી ઈન્સ્ટાગ્રામ પર T20 વર્લ્ડ કપ 2024માં ભારતની જીત અને તેના પતિ હાર્દિક પંડ્યા માટે કોઈ પ્રતિક્રિયા આપી નથી જે બાદ ફરી એકવાર લોકો નતાશાને ટ્રોલ કરી રહ્યા છે અને હાર્દિક સાથે આવું ન કરવાની સલાહ આપી રહ્યા છે.

# ભારતની આર્થિક અસમાનતાનું મૂળ તેની સામાજિક અસમાનતામાં છે

લોકસભાની ચૂંટણી માટેના પ્રચાર દરમિયાન ભારતીય જનતા પાર્ટી અને કૉંગ્રેસ વચ્ચે એક રસપ્રદ ચર્ચા છેડાઈ હતી: વેલ્થ રીડિસ્ટ્રિબ્યૂશન- સંપત્તિનું પુનઃવિતરણ. વેલ્થ રીડિસ્ટ્રિબ્યૂશન એટલે જેમની પાસે અધિક સંપત્તિ છે તેમાંથી અમુક હિસ્સો કરવેરા, કલ્યાણકારી યોજનાઓ, જાહેર સેવાઓ, જમીન સુધારણા અને આર્થિક નીતિઓ જેવા સામાજિક ઢાંચાઓ મારફતે જેમની પાસે સંપત્તિ ઓછી હોય તેમને આપવો તે. સાદી ભાષામાં કહીએ તો અમીર લોકો પાસેથી પૈસા લઈને ગરીબોને વહેંચવા તે.૧૯૭૨માં દેવ આનંદની એક ફિલ્મ ‘અમીર ગરીબ’ આવી હતી. તે ફિલ્મમાં મનમોહન (દેવ આનંદ) નામનો નાયક દિવસે સંગીતકાર તરીકે પૈસા કમાય છે અને રાત્રે બગલા ભગત નામનો ચોર બનીને શહેરના અમીર લોકોને લૂંટે છે અને તે પૈસા ગરીબોમાં વહેંચી દે છે.



તેને રોબિન હૂડ સિદ્ધાંત પણ કહે છે. ઈંગ્લેન્ડની લોકકથા પ્રમાણે ૧૩મી સદીમાં રોબિન હૂડ નામનો એક કુશળ તીરંદાજ અને ઘોડેસ્વાર હતો, જે અમીર લોકોની સંપત્તિ લૂંટીને ગરીબોને આપી દેતો હતો. બંને ઉદાહરણ ધૃષ્ટ છે, પરંતુ આર્થિક નીતિની સારી ભાષામાં તેને જ વેલ્થ રીડિસ્ટ્રિબ્યૂશન કહેવાય છે.

આ વિચાર નવો નથી. જૂના જમાનામાં જયારે દુનિયામાં રાજાશાહી હતી ત્યારે તેને પેલેસ ઈકોનોમી કહેવાતી હતી- તેમાં રાજ્યની સંપત્તિનો અમુક હિસ્સો કેન્દ્રીય વહીવટીતંત્ર (મહેલ)માં જાય અને ત્યાંથી તે સામાન્ય લોકો વચ્ચે જાય. એવી જ રીતે ટેમ્પલ ઈકોનોમી પણ કામ કરતી હતી. બંનેમાં સુચિતાર્થ એ હતો કે સમાજના કલ્યાણમાં સંપત્તિનું અસરકારક વિતરણ કરવા માટે મહેલ (અથવા ટેમ્પલ) સૌથી સક્ષમતંત્ર છે.વેલ્થ રીડિસ્ટ્રિબ્યૂશનને લઈને લોકોની વ્યક્તિગત સમજ, તેમની રાજકીય માન્યતાઓ, પાર્ટી પ્રત્યેની વફાદારી વગેરે અનુસાર તેની તરફેણમાં કે વિરોધમાં દલીલો થતી રહે છે, પરંતુ દુનિયામાં એવી એક પણ લોકશાહી નથી જ્યાં દેશના ગરીબ વર્ગના ઉદ્ધાર માટે સરકારો કામ કરતી ન હોય. બુનિયાદી રૂપે સમાજમાં આર્થિક અસમાનતાને

દૂર કરવાનો દરેક સરકારોનો હેતુ હોય છે. સરકાર તેના માટે સંપત્તિના સર્જન માટે અવસરો ઉપલબ્ધ કરાવે છે અને સંપત્તિના વિતરણ માટે નીતિઓ ઘડે છે. સંપત્તિનું સર્જન અને સંપત્તિનું વિતરણ એ બે ધારણાઓ કોઈપણ દેશના વિકાસના પાયામાં હોય છે.

ભારતમાં આ બંને વિચારો દાયકાઓથી તમામ રાજકીય ચર્ચાઓના કેન્દ્રમાં રહ્યા છે કારણ કે ભારત સદીઓથી એક અસમાન સમાજ રહ્યો છે અને આઝાદીની ચળવળથી લઈને સ્વતંત્ર ભારતની નીતિઓનો મૂળ ઉદ્દેશ્ય એક ન્યાયી સમાજનું નિર્માણ કરવાનો રહ્યો છે. એટલા માટે ભારતને વેલ્ફેર સ્ટેટ (કલ્યાણકારી રાજ્ય) કહે છે જેમાં શાસન ભારતીયોના આર્થિક અને સામાજિક કલ્યાણનું રક્ષણ અને સંવર્ધન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દરેક નાગરિકને સંપત્તિનું સર્જન કરવા માટે સમાન તક મળે અને સંપત્તિનું સમાન વિતરણ થાય તે કલ્યાણકારી રાજ્યનો હેતુ હોય છે.એ વાત પણ એટલી જ સાચી છે કે આઝાદીનાં ૭૦ વર્ષ પછી અને કલ્યાણકારી નીતિઓ છતાં ભારતમાં આર્થિક અને સામાજિક સમાનતાનું સ્વપ્ન સિદ્ધ થયું નથી. ઉલટાની, અમીર-ગરીબ અને ઊંચ-નીચ વચ્ચેની ખાઈ વધુ પહોળી થઇ છે. ભારતમાં આજે ૧ ટકો અમીરો પાસે દેશની ૪૦.૫ ટકા સંપત્તિ છે (ઓક્ઝામ રિપોર્ટ-૨૦૨૨) અને બાકીની સંપત્તિ ૯૯ ટકા લોકો વચ્ચે વહેંચાયેલી છે.સામાજિક ન્યાય ભારતની સૌથી મોટી સમસ્યા છે. ભારતમાં સામાજિક ‘ન્યાય’ શબ્દનો ઉપયોગ વિભિન્ન વિચારધારાઓ સમજાવવા કરવામાં આવે છે. અમુક લોકો સામાજિક ન્યાયને મૂળભૂત માનવ અધિકાર માને છે અને અમુક લોકો માને છે કે આર્થિક સુધાર મારફતે તેને સિદ્ધ કરી શકાય છે.

ભારતમાં એવા ઘણા લોકો છે જે માને છે કે ભારતમાં સામાજિક ન્યાય નથી, ગરીબો અને વંચિતોની પરિસ્થિતિ બદથી બદતર થઇ છે. ભારતમાં જાતિવાદ, ઊંચ-નીચ ભેદભાવ, ગરીબી અને સ્ત્રીઓ સામે ભેદભાવના કારણે સામાજિક ન્યાય સિદ્ધ કરી શકાયો નથી.ઘણા લોકો તો સામાજિક ન્યાયને ભ્રમ માને છે. તેઓ માને છે કે ભારતમાં જ્યાં લોકો જાતિ, ધન અને લિંગના આધારે વિભાજિત હોય ત્યાં સમાનતા લાવવી શક્ય નથી. તેમના મતે સામાજિક ન્યાય પશ્ચિમની ધારણા છે અને ભારતમાં તેની સામે જટિલ સમસ્યાઓ છે.ભારતનું સંવિધાન (જે પશ્ચિમનાં રાષ્ટ્રોનો અભ્યાસ કરીને ઘડવામાં આવ્યું હતું) સમાન સમાજની વાત કરે છે. તેની નજરમાં દરેક ધર્મ, જાતિ, લિંગ કે ગરીબ-તવંગર નાગરિક સમાન છે અને રાજ્ય તેમની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પ્રગતિમાં ભેદભાવ નહી કરે.ભારત અનેક જાતિઓ, ધર્મો, ભાષાઓ, માન્યતાઓ, સંસ્કૃતિઓ અને અવસ્થાઓ વાળો દેશ છે. ભારતના લોકો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક વગેરે બાબતોમાં એકબીજાથી ભિન્ન છે. લોકો વચ્ચે અસમાનતાનું મુખ્ય કારણ તેમની વચ્ચે આર્થિક સ્થિતિમાં અંતર છે. ભારતની આર્થિક નીતિઓ આ હકીકતને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં સંપત્તિ અને આવકના વિતરણમાં હંમેશાં અસમાનતા રહી છે.વિતરણની આ અસમાનતા દેશના સામજિક અને આર્થિક સંકટોના મૂળમાં છે. દેશનો સર્વગ્રાહી વિકાસ ત્યારે જ સંભવ છે જયારે આર્થિક અસમાનતાને ઓછી કરીને અંતતઃ ખતમ કરી દેવામાં આવે. સરકારોએ એ દિશામાં પગલાં ભર્યાં છે પણ સમયની સાથે અસામનતા ઓછી થવાને બદલે વધુ પહોળી થઇ રહી છે.વર્લ્ડ ઈનઈક્વાલિટી લેબનો એક નવો અભ્યાસ કહે છે કે ભારતમાં હવે સંપત્તિનું અસમાન વિતરણ બ્રિટિશ રાજ કરતાં પણ બદતર છે. હુરુન રિસર્ચ ઈન્સ્ટિટયુટ તરફથી પ્રકાશિત વૈશ્ર્વિક અમીરોની સૂચી અનુસાર ભારતમાં અબજપતિઓની વર્તમાન સંખ્યા ૨૭૧ સુધી પહોંચી ગઈ છે. એકલા ૨૦૨૩માં જ તેમાં ૯૪ નવા અબજપતિ જોડાયા હતા. અમેરિકા સિવાય કોઈપણ દેશની તુલનામાં આ સૌથી મોટી સંખ્યા છે.૧૯૯૦ના દાયકામાં શરૂઆતના આર્થિક સુધારાઓ પછી ભારતે અભૂતપૂર્વ પ્રતિ વ્યક્તિ વિકાસ દર હાંસલ કર્યો છે, પરંતુ એ વૃદ્ધિની સાથે અસમાનતા પણ વધી છે. જો કે આ વર્ષોમાં ગરીબી પણ ઓછી થઇ છે અને લોકો હજુ પણ ગરીબીમાંથી બહાર નીકળી રહ્યા છે પણ તેઓ પાછા ગરીબીમાં ધકેલાઈ જાય તેનું જોખમ પણ એટલું જ વાસ્તવિક છે. એ ઉપરાંત, ભારતમાં હજુ પણ મોટી સંખ્યામાં લોકો ગરીબ છે અને તેમની પરિસ્થિતિ બગડતી રહી છે. સરકારની મદદ તેમના સુધી નથી પહોંચી રહી તે પણ હકીકત છે.વાસ્તવમાં, ભારતની આર્થિક અસમાનતાનું મૂળ તેની સામાજિક અસમાનતામાં છે. ભારત સદીઓથી વિભાજિત સમાજ રહ્યો છે પરિણામે અવસરોમાં પણ અસમાનતા રહે છે અને એટલે અમુક લોકો પ્રગતિ કરે છે અમુક નથી કરતા. પછાત વર્ગો માટે આરક્ષણની નીતિ પાછળ આ જ ઉદ્દેશ્ય હતો કે તેમને પ્રગતિ કરવા માટે સમાન તકો મળે. જો કે એમાં હજુ પણ વધુ પ્રયાસની જરૂર છે. ભારતમાં પાંચ રીતે સમાનતા આવી શકે:

### દરેક વ્યક્તિ સાથે સમાન અને ન્યાયી વ્યવહાર થાય

દરેક ધર્મો અને સંસ્કૃતિનું સન્માન થાય

દરેક નાગરિકને સમાન તકો મળે

દરેક વ્યક્તિ તેની પ્રતિભાનો વિકાસ કરી શકે

લોકો અસમાનતા બાબતે વધુ જાગૃત અને સંવેદનશીલ બને

સમાનતા લાગુ કરે તેવા વધુ કાનૂનો બને અને તેનો ઉચિત અમલ થાય



## અહમ

બ્રહ્માસ્મિ
માપો નહીં મને,
હું તો ચારેકોર અમાપ છું.
પણ આમ જુઓ તો,
એક કણમાં પણ પર્યાપ્ત છું....

હાજરી પૂરવી અનાવશ્યક છે,
અણુ અણુમાં "હું" વ્યાપ્ત છું,
અંધકારને ઓગાળતો,
જ્ઞાનનો સોનેરી એવો પ્રકાશ છું...

ઉઘાડી આંખે સૂપ્ત બનીને,
ભાવ બધા સ્વીકારું છું.
બંધ આંખે જાગૃત થઈને,
અંતઃકરણ જગાડું છું...

આંખોને અભિમાન છે,
રૂડું વિશ્વ "હું" દેખાડું છું.
પણ બંધ આંખે ’ધ્યાન’ બનીને,
સમાધિમાં સરી જાઉં છું....

સાત ચક્રોના ચકડોળમાં બેસીને,
ખૂબ હું હરખાઉ છું,
માનવ દેહના માધ્યમ દ્વારા,
વિરાટમાં દોટ લગાવું છું..

-ભાવિની રાઠોડ "ભાવાગ્નિ "
-અમદાવાદ

## ખંત

ખિસકોલી ખંતની, ખૂબસૂરત ખુશ મિજાજી,
ખુશીઓનો ખજાનો, ખેરાતમાં ખૂટાડી,
ખૂબ ખેતર ખેડે એ, ખેલ દિલીનું,
ખંજન ખીલે ત્યારે ખુમારીનું....

ખોટ ખાઈને, ખરા ખોટાની ખૂબ,
ખરા ખોવાય, ને ખોટા ખટકે...
ખંડેર ખ્વાહિશો ખૂણે ખાંચે ખોવાય,
ને ’ખાસ’ ખૂબ ખરડાય...

ખાબોચીયે ખોવાયેલી, ખતરનાક ખુબીઓ,
ને ખાટલે ખડકલો, ખખડધજ ખયાલોનો....
ખંજર ખાઈ ખાઈને, ખડતલ ખાનદાની એ,
ખુદાની ખાસ ખંતીલી ખબરી એ....

ખુદાને ખૂદીની ખટપટમાં ખોવાઈ એ,
ખુદને ખુદમાં ખોજે ખંતથી,
ખબર છે ખુદા ખુદમાં જ ખોવાયા છે,
ખુદમાં ખોવાઈ ને ખુદાને ખોજે એ.

-ભાવિની રાઠોડ "ભાવાગ્નિ"
અમદાવાદ

# એક ઘઉંની કણક, જેમ રાંધો તેમ ખરી

આવતી કાલે પહેલી જુલાઈ. ગુજરાતીમાં પ્રગટ થયેલું સૌપ્રથમ અખબાર ‘મુંબઈ સમાચાર’ ૨૦૨ વર્ષ પૂરાં કરશે. ગુજરાતી અખબારોની યાદીમાં એક નંબરના સ્થાને બિરાજવાની અનન્ય સિદ્ધિ કાયમ ‘મુંબઈ સમાચાર’ના નામે રહેશે. પહેલાથી પહેલ કરનાર ‘મુંબઈ સમાચાર’નું નામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયું છે. એક પ્રથમ આંક છે અને અહીંથી જ શરૂ થાય છે આંકડાની માયાજાળ. એક જીવ જ્યારે બીજા જીવના સહવાસમાં આવે એ પછી સંસારની રચના થાય છે. શબ્દ એકના અર્થ છે અનેક. ભાષામાં સરસ રીતે વણાઈ ગયેલા એકના અનેક સ્વરૂપની ઝલક જોઈએ. સંત કબીરનો જાણીતો દુહો છે: એક કબીરા જલ બસે, એક જલ કે તીર, મૈં તને પૂછું પંડિતા! ઉનમેં કોણ કબીર? સાચો કબીર કોણ એવો સવાલ કરવામાં આવ્યો છે. કદ પરથી શક્તિનું માપ કાઢીએ તો ક્યારેક ખોટા પડવાની શક્યતા રહેલી છે. આ વાત એક ઘઉંની કણક, જેમ રાંધો તેમ ખરી સુપેરે સમજાવે છે. ઘઉંના લોટમાંથી કણક તૈયાર થાય ત્યારે દેખાવમાં નાની લાગે, પણ એમાંથી ઘણા લોકોને પીરસી શકાય એટલી રોટલી બનાવી શકાય. એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખવું કહેવતનો અર્થ છે સાંભળ્યું ન સાંભળ્યું કરવું, અત્યંત બેદરકારી



દેખાડવી. શાસ્ત્રમાં કહ્યું છે કે ષટકર્ણો ભિદ્યતે મંત્રઃ મતલબ કે છ કાન સુધી પહોંચેલી વાત છાની નથી રહેતી, જાહેર થઈ જાય છે. એક અનન્ય હોય તો ક્યારેક એક ખુવારી કરનાર પણ હોય. એક સડેલી કેરી ટોપલામાં રહેલી બાકીની બધી સારી કેરી બગાડી નાખે. આ ભાવાર્થની કહેવત છે કે એક જારના છોડમાં અંગારિયો આવે તો આખું ખેતર બાળે. અંગારિયો એટલે અગ્નિ – દેવતા કે દેવતાનો તણખો. માત્ર એક તણખો પડવાથી જુવારનું સમગ્ર ખેતર બળીને ખાખ થઈ જાય. અમુક વસાહત એવી હોય જ્યાં રહેતા લગભગ બધા લોકો કાયમ કજિયા – કંકાસ કરતા હોય. એ દર્શાવતી કહેવત છે કે એક ગામમાં બે નકટા વસે. ખાસડાં પડે ને ખડખડ હસે, આણીગમ લડે ને પેલીગમ હસે.

અનેક શબ્દો માટે એક શબ્દગુજરાતી સહિત અનેક ભાષાઓનો વૈભવ અનન્ય હોય છે. કોઈ વાત સમજાવવા માટે પાંચ છ કે સાત શબ્દના વાક્યની જરૂર પડે એ જ વાત માટે એક શબ્દ પણ હોય છે. આજે આપણે એવા એકલવીર શબ્દો જાણીએ જે ઓછા જાણીતા છે, પણ જાણવાથી આપણા ભાષા જ્ઞાનનો વિસ્તાર થાય છે. કોઈના હસ્તાક્ષર સુંદર (મોતીના દાણા જેવા) હોય એવી વ્યક્તિ માટે શબ્દ છે ખુશનવીસી. આ શબ્દની વ્યુત્પત્તિ સમજવા જેવી છે. નવીસી એટલે લખવાની ક્રિયા અથવા લખાઈ. નવીસીદો કે નવીસંદો એટલે સારા અક્ષરે લખનાર લહિયો. ખુશ એટલે આનંદ અથવા સરસ ભાવ જગાડનાર વસ્તુ કે અવસ્થા. એના પરથી તૈયાર થયો શબ્દ ખુશનવીસી. કેવી સુંદર અને જ્ઞાનવર્ધક વાત છે. અખોવની જાણવા જેવો બીજો શબ્દ છે.આ શબ્દ સંસ્કૃતમાંથી ઊતરી આવ્યો છે જેમાં અક્ષય એટલે અખંડ અને સવન એટલે પ્રસવ એ બે શબ્દ અને અર્થ યુગ્મનો સમાવેશ છે. જે સ્ત્રીનું એક પણ સંતાન ગુજરી ન ગયું હોય એવી સૌભાગ્યવતી સ્ત્રી અખોવની તરીકે ઓળખાય છે. મહાભારતની ગાંધારી યુદ્ધ પૂર્વે અનન્ય અખોવન તરીકે જાણીતી હોવી જોઈએ, કારણ કે તેના ૧૦૦ સંતાન જીવંત હતાં. વસ્ત્ર અનેક પ્રકારે બનતા હોય છે, પણ આદિ માનવ ઝાડની છાલમાંથી બનાવેલાં વસ્ત્રો પહેરતો જેને માટે એક શબ્દ છે વલ્કલ.

# આખું જીવન પાણીમાં વિતાવતો મત્સ્યભક્ષી સાપ

મત્સ્ય ભક્ષી સાપ એક અદ્ભુત સાપ છે. અંગ્રેજીમાં તેને ફિશિંગ સ્નેક એટલે કે માછલીઓનો શિકાર કરનાર સાપ કહેવાય છે. તે સંપૂર્ણપણે જળચર પ્રાણી છે અને તેનું આખું જીવન પાણીમાં વિતાવે છે. આ મત્સ્યભક્ષી સાપ ચીનથી લઈને ન્યુ ગિની અને ઉત્તરી ઓસ્ટ્રેલિયા સુધીના ભાગોમાં જોવા મળે છે. તે ધીમી અને ઝડપી વહેતી નદીઓ, તળાવો અને નદીમુખોમાં રહે છે. મત્સ્યભક્ષી સાપની એક પ્રમુખ વિશેષતા એ છે કે તે નદીઓ અને તળાવોના તાજા પાણી તેમજ સમુદ્રના ખારા પાણીમાં સરળતાથી રહી શકે છે. થાઈલેન્ડ, કંબોડિયા અને દક્ષિણ વિયેતનામના દલદલવાળા વિસ્તારોમાં આ સાપ મોટી સંખ્યામાં જોવા મળે છે. અહીં તેને સિયામીઝ સ્વેમ્પ સ્નેક કહેવામાં આવે છે.



મત્સ્યભક્ષી સાપ પાણીમાં છોડની નજીક રહેવાનું પસંદ કરે છે. તેની પૂંછડીની મદદથી, તે તેના શરીરના કેટલાક ભાગને છોડની ડાળીની આસપાસ લંગરની જેમ લપેટીને તેના શરીરને સીધું કરે છે અને તેને સખત બનાવે છે. આ સમયે તેને જોતા એવું લાગે છે કે જાણે પાણીમાં લાકડી પડી હોય કે છોડની ડાળી હોય. મત્સ્ય ભક્ષી સાપ પોતાની સુરક્ષા માટે આ પ્રકારનું વર્તન કરે છે. તેથી જ તેને કાષ્ઠ ફલક સાપ કહેવામાં આવે છે. જો તેને પાણીમાંથી બહાર કાઢવામાં આવે તો પણ તેનું શરીર કઠોર રહે છે અને સીધી, ચપટી લાકડી જેવું દેખાય છે.આ નર સાપ માદા કરતા લાંબો હોય છે, પરંતુ લંબાઈ ૭૦ થી ૮૦ સેન્ટિમીટર સુધીની હોય છે. આ મત્સ્યભક્ષી સાપની ચામડી લાલ કથ્થઈ રંગની હોય છે અને સફેદ રંગના પટ્ટાઓ હોય છે. ક્યારેક હળવા રંગના મત્સ્યભક્ષી સાપ પણ જોવા મળે છે. તરતી વખતે તે તેના મોઢાનો આગળનો ભાગ પાણીની બહાર રાખે છે. મત્સ્યભક્ષી સાપ પહેલા પાણીની અંદર ડૂબકી લગાવે છે. તે સમયે તેના નાકના વાલ્વ બંધ થઈ જાય છે, તેથી પાણી ફેફસામાં પહોંચતું નથી, પરંતુ તે લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકતો નથી. તેથી શ્ર્વાસ લેવા માટે તેને થોડી – થોડી વારમાં પાણીની સપાટી પર આવવું પડે છે.મત્સ્યભક્ષી સાપના મોઢાની આગળની બાજુએ બે સંસ્પર્શિકાઓ હોય છે, જે દૂરથી જોવામાં પાંદડા જેવા દેખાય છે. તેથી જ કેટલાક લોકો તેને સંસ્પર્શિકા સર્પ પણ કહે છે. આ પ્રકારની સંસ્પર્શિકા વિશ્ર્વના કોઈપણ સાપમાં જોવા મળતી નથી. આ કોમાફ્લાસ તરીકે કાર્ય કરે છે. આ સાપ માત્ર માછલીઓ જ નથી ખાતા. તે માછલીઓ સાથે પાણીના અન્ય જીવ જંતુઓનો પણ શિકાર કરે છે.મત્સ્યભક્ષી સાપ જળચર છોડની વચ્ચે છોડની ડાળીની જેમ શાંતિથી રહે છે અને જેવો તેનો શિકાર તેની નજીક આવે છે, તે તેને પકડીને ગળી જાય છે.મત્સ્યભક્ષી સાપ ઝેરી હોય છે, પરંતુ તેનું ઝેર માત્ર પ્રાણીઓને જ અસર કરે છે. તેના ઝેરની મનુષ્યો પર કોઈ અસર થતી નથી. મત્સ્યભક્ષી સાપમાં આંતરિક સંવનન અને આંતરિક ગર્ભાધાન જોવા મળે છે. સમાગમ પછી નર માદાથી અલગ થઈ જાય છે. આમાં, નર એક સમાગમની સિઝનમાં ઘણી માદાઓ સાથે સમાગમ કરતા જોવા મળે છે. સામાન્ય રીતે સાપ ઈંડા મૂકે છે, પરંતુ મત્સ્યભક્ષી સાપમાં ગર્ભાધાન પછી, માદા સાપના ઈંડા તેના શરીરની અંદર પરિપક્વ થાય છે અને શરીરની અંદર જ ફૂટે છે. આ જ કારણ છે કે માદા મત્સ્ય ભક્ષી સાપ ઈંડા નથી મૂકતી પણ જીવતા બાળકોને જન્મ આપે છે. તે એક સમયે ૭ થી ૧૩ બાળકોને જન્મ આપી શકે છે. મત્સ્યભક્ષી સાપ તેના બાળકોનું રક્ષણ કે સંભાળ રાખતી નથી. તેના બાળકો જન્મ પછી તરત જ નાના જંતુઓનો શિકાર કરવા લાગે છે અને અમુક મોટા થતાં જ માછલી પકડવાનું શરૂ કરી દે છે અને જમીનના સાપ કરતાં વહેલા પ્રજનન માટે સક્ષમ બને છે.મત્સ્યભક્ષી સાપ એક અદ્ભુત સાપ છે. તેના દુશ્મનો બહુ ઓછા છે. તે તેના કોમાફ્લાસ અને ઝેર દ્વારા મોટાભાગના દુશ્મનોથી બચી રહે છે. મત્સ્ય ભક્ષી સાપની કોઈ આર્થિક ઉપયોગિતા નથી, તેથી માણસો પણ તેનો શિકાર કરતા નથી. આ જ કારણ છે કે તે સારી રીતે વિકસી રહ્યા છે અને નજીકના ભવિષ્યમાં તેના લુપ્ત થવાની કોઈ શક્યતા નથી.

# આપણી આઇટેમ, ફોરેનની માર્કેટ કલા પર અવેલેબલ લેબલ!

આ દેશમાં જ્યાં સુધી પાડોશી આંખ ન મારે ત્યાં સુધી લોકોને એમની પત્નીઓ સુંદર નથી લાગતી. એ જ રીતે જ્યારથી વિદેશોમાં ભારતીય કલ્ચર અને કળાકૃતિઓનું વેચાણ વધવા માંડ્યું છે, ત્યારથી ભારતીયોમાં પણ આપણી ભારતીય કળા વિશે શોખ જાગ્યો છે. ઈંડિયનો પણ ભારતીય હસ્તકલાની દુકાનોમાં હવે વધારે આંટાફેરા મારવા માંડ્યા છે. ખાદી અને હસ્તકલાનું ખરેખર તો ત્યારે જ જોરદાર વેચાણ થાય છે, જ્યારે મોટું વાર્ષિક સેલ આવે છે. લોકો આખું વર્ષ રાહ જુએ છે કે ક્યારે સેલ શરૂ થાય અને અમે ચાદર-તકીયા ખરીદીએ. પણ નવાઈ તો ત્યારે લાગે છે જ્યારે વેચનાર પણ એ જ સીઝનની રાહ જોઈને આખું વર્ષ હાથ પર હાથ રાખીને બેઠાં રહે છે.

આપણા દેશમાં પરાણે ખાદી પહેરનારા કહેવાતા નેતાઓ પણ દર વરસે કાગડોળે ખાદી સસ્તી થવાની રાહ જોતા હોય છે. આઝાદી બાદ હવે તો લગભગ નિયમ બની ગયો છે કે ગાંધીજીની ફિલોસોફી ગઇ તેલ લેવા પણ કમસેકમ ખાદીનાં ક્ષેત્રેમાં એમને જીવતા રાખવા હોય તો ખાદીમાં થોડું ડિસ્કાઉંટ આપો, નહીં તો ૧૦-૨૦ વર્ષમાં ‘ગાંધી, ખાદી ને ગ્રામોદ્યોગ’ ક્યાં ગુમ થઈ જશે એ ખુદ ગાંધીને ય કલ્પના નહીં હોય!

છેક ૨૫-૩૦ વરસ અગાઉ મુન્ના નામનું એક ભારતીય રીંછ, પેરિસના કોઇ ફેસ્ટિવલમાં પોતાની કળા દેખાડીને આવેલું ત્યારે આપણા દેશનાં લોકો એ રીંછનાં ડાન્સ તરફ અચાનક આકર્ષાવા માંડેલા, જાણે રીંછ કોઇ હેલન કે ગોપી કૃષ્ણ જેવું વિખ્યાત ડાન્સર ના હોય! અગાઉ પણ ગામેગામ ગલીગલી રીંછનાં ખેલ થતાં જ હતા, રીંછ પહેલાં પણ કમર લચકાવીને નાચતાં જ હતા પણ ત્યારે રસ્તા પર જતા આવતા ઈંડિયન લોકો પાસે મામૂલી રીંછ માટે ઊભા રહેવાનો સમય નહોતો. એક સમયે, એ મુન્ના નામાનં રીંછ પર આર્ટિકલો અને ફોટા, અનેક છાપાઓમાં છપાવા લાગ્યા.

આખી વાતનો સાર એ કે ભારતીય કળાનો જે માલ ભારતમાં જ વેચાતો નહોતો તે હવે વિદેશોમાં યોજાતા મહોત્સવોમાં ઘણો વેચાઈ રહ્યો છે. આમ ને આમ વિદેશીઓ ક્યાંક ધીમે ધીમે આપણાં નકામા કલાત્મક દેસી માલને હજમ કરનારી કચરાપેટીઓ ના બની જાય! ખરેખર સત્ય તો એ છે કે આપણી બજારમાં આપણી કલાનાં માલની ઘટતી માંગને કારણે શુદ્ધ, પ્રાદેશિક કલા હવે સાવ અદશ્ય થઈ ગઈ છે. રાજસ્થાની દુપટ્ટા કલકત્તામાં બને છે, બંગાળની બાટિક પ્રિન્ટ મધ્ય પ્રદેશમાં બને છે, કોલ્હાપુરની ચપ્પલ કાનપુરમાં બને છે, આર્ટિફિશ્યલ કોસા સિલ્ક બનાવવામાં આવે છે, ટેરીકોટમાંથી ખાદી ઈફેક્ટ બનાવવામાં આવે છે.



કોઈપણ પ્રદેશની કળાની ક્વોલિટી કે એનાં વિશિષ્ટ રંગો, હવે બીજા પ્રદેશો દ્વારા અપનાવાય છે. બંગાળ, આજે જે મીઠાઇ બનાવે છે તેના નમૂના લઈને હવેથી ગુજરાતે બનાવવાનું શરૂ કરશે. આજે દેશમાં પંજાબી ફૂડ આઈટેમો, દેશનાં હાઇ-વેમાં ધાબે-ધાબે એટલી વેંચાય છે, જેટલી તો ખુદ પંજાબમાં પણ નથી વેંચાતી. ઈન શોર્ટ, આપણાં દેશમાં ખાદી હોય કે ખાણીપીણી, બધું અહીંનું તહીં થઈને ભેલસેળિયું થઈ ગયું છે.

આવી સ્થિતિમાં છેતરપિંડી કરવી અને જૂઠું બોલવું સ્વાભાવિક છે અને એ માટે વિદેશ જ શ્રેષ્ઠ જગ્યા કે માર્કેટ છે. વિદેશોનાં મહોત્સવોની મદદથી આપણી સ્વદેશી વસ્તુઓ ગમે તે રીતે ગમે તે ભાવે, ત્યાં વેંચી મારો અને પછી વધેલી આઈટેમોને અહીં ભારતમાં વાર્ષિક સેલ અને ડિસ્કાઉન્ટની મદદથી વેંચી નાખો. મતલબ કે ટૂંકમાં ભારતીય કળાની પ્રગતિ, આ રીતે થઈ રહી છે. ભારતીય બજારોની સ્થિતિ એવી છે કે અહીં બિચારી સસ્તી વસ્તુઓ, અમીર ઘરાકોની રાહ ગમે તે ભાવે જુએ છે અને મોંઘી વસ્તુઓ, ગરીબ ગ્રાહકોની રાહ જુવે છે! હેન્ડલૂમની સાડી ખરીદનાર ગ્રાહકો મર્સિડીસમાં બેસીને આવે છે અને ટેરીકોટન કે નાયલોનના કપડાં ખરીદનાર ગ્રાહકો પગપાળા કે બસમાં આવે છે.

સસ્તા હેન્ડીક્રાફ્ટસનું સદભાગ્ય એ છે કે એના ચાહકો કે ગ્રાહકો, ભારતીય કે વિદેશી એવા અમીર લોકો છે. જો ભારતના ગરીબ લોકો આવી હસ્તકળાની વસ્તુઓ ખરીદે અને ઘરને સજાવવા લાગે તો અમીર લોકો એ વસ્તુઓ તરફ નજર પણ ન નાખે.

## તંત્રી લેખ...-

મંગળવાર, તા.૦૨ જુલાઈ ૨૦૨૪

# મમતાના બંગાળનું તાલિબાનીકરણ

મમતા બેનર્જીની સરકારને મુસલમાનો એકતરફી વોટ આપે છે, એ ચૂંટણી દર ચૂંટણી સાબિત થતું રહે છે. પરંતુ કઈ શરત પર? સંદેશખાલીનો કિસ્સો હોય કે લ-મીકાંતપુરનો, સંદેશ સાફ છે! મમતા સરકારના મુસલમાન સમર્થકો પશ્ચિમ બંગાળમાં શરિયતનું શાસન ઈચ્છે છે અને તેમાં આમ જનતા પીસાય છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસના ચોપડાથી ધારાસભ્ય હમિદુર રહમાને તો સંકેતોમાં ત્યાં સુધી કહી દીધું કે પશ્ચિમ બંગાળ નહીં તો કમ સે કમ તેમનાં -ેત્રો તો 'મુસ્લિમ રાષ્ટ્ર' જ છે. તેમણે મહિલાને ભીડ વચ્ચે સરેઆમ બેરહમીથી માર મારવાની ઘટનાની નિંદા તો કરી, પરંતુ સાથે જ એમ પણ કહી દીધું કે મહિલાએ મુસ્લિમ રાષ્ટ્રના નિયમો વિરુદ્ધ કામ કર્યું. ટીએમસી ધારાસભ્ય હમિદુર રહમાને લખ્યું, 'અમે ઘટનાની નિંદા કરીએ છીએ, પરંતુ મહિલાએ પણ ખોટું કર્યું. તેણે પતિ, પુત્ર અને પુત્રીની છોડીને જાનવર બની ગઈ. મુસ્લિમ રાષ્ટ્રના કેટલાક નિયમ-કાયદા છે અને એ અંતર્ગત જ ન્યાય આપવામાં આવ છે. જોકે જે થયું એ થોડું વધારે હતું. આ મામલે કાનૂની કાર્યવાહી થશે.'ચોપડાના લ-મીકાંતપુરનો વીડિયો વાયરલ થઈ ગયો છે જેમાં એક પહેલવાન જેવો દેખાતો શેતાન લાકડીઓથી મહિલાને દયનીય રીતે ઝૂડી રહ્યો ચે. મહિલા જમીન પર આમતેમ તરફડિયાં મારે છે અને તાજેમુલ હક નામનો આ હેવાન તેને ચોતરફથી માર મારી રહ્યો છે. કદ-કાઠી અને હેવાનિયતને કારણે આ શખ્સ સ્થાનિક લોકોમાં જેસીબીના નામે કુખ્યાત છે. તે મહિલાને માર મારીને પુરુષ સાથે પણ એવી જ ક્રૂરતા આચરે છે. તાજેમુલ લાકડીઓથી પહેલાં મહિલા અને પછી પુરુષ પર પ્રહાર કરતો રહે છે અને ભીડ જોતી રહે છે. આશ્ચર્યની વાત છે કે ભીડમાં મહિલાઓ પણ છે, પરંતુ કોઈ મહિલાને બચાવવા આગળ નથી આવતું. લોકસભા ચૂંટણી પહેલાં પશ્ચિમ બંગાળમાં એક હેવાનનો ચહેરો ઉજાગર થયો હતો. એ હેવાન શેખ શાહજહાં પર સ્થાનિક મહિલાઓએ જાતીય સતામણીના આરોપો લગાવ્યા હતા. હાલમાં તે જેલમાં છે. વીડિયો વાયરલ થયા બાદ તાજેમુલ પણ જેલમાં ધકેલાયો છે, પરંતુ સવાલ એ છે કે શું મમતા સરકારની પોલીસ તેને પાઠ ભણાવશે?મમતાએ 'મા, માટી, માનુષ'નો નારો આપ્યો હતો. પશ્ચિમ બંગાળમાં ના તો મા સુરિ-ાત છે, ના માટીના મોલ બચ્યા છે અને ના માનુષનું મૂલ્ય. દેશમાં લોકતંત્ર બચાવોનો નારો આપનારાં પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની સરકાર અને તેમની પાર્ટી કઈ રીતે તાલિબાની માનસિકતા ધરાવતા કટ્ટરવાદી શખ્સોને સંર-ાણ આપી રહી છે, તેનું ઉદાહરણ વારંવાર જોવા મળી રહ્યું છે. વોટબેંકની લાલચમાં મમતા મુસ્લિમ સમાજના ઉદાર લોકોને હાંશિયામાં ધકેલીને ગુંડા તત્ત્વોને ઉત્તેજન આપી રહ્યાં છે. વિધાનસભા ચૂંટણી હોય કે લોકસભાની, પશ્ચિમ બંગાળમાં ટીએમસીના વિરોધમાં વોટ આપનાર લોકોનું આવી બને છે. બંગાળમાં વિરોધી મતદારોની હત્યા, તેમની મા-બહેન, પુત્રીઓની સતામણીની ખોફનાક ઘટનાઓની લાઈન લાગી જાય છે અને લોકો જાન-માલની ર-ાા કરવા પોતાનાં ઘરબાર છોડી પલાયન કરી જાયછે. વિચારો, ક્યારેક બંગાળને ભદ્રલોક કહેવાતું. પરંતુ મમતાના રાજમાં તેનું તાલિબાનીકરણ થઈ રહ્યું છે.આશ્ચર્યની વાત છે કે ખાસ ઘટનાઓ પર બેનર-પોસ્ટર લઈને આવી જનારી ફિલ્મી અભિનેત્રીઓ હોય કે અલગ-અલગ પ-ાોના નેતા, જ્યારે અપરાધી મુસલમાન હોય તો બધાનાં મોં સિવાઈ જાય છે. વોટબેંકને કારણે રાજકીય નેતાઓ અને પ-ોની તો મજબૂરી સમજી શકાય, પરંતુ બોલિવુડિયાઓ કેમ ચૂપ રહે છે? મજબૂરીઓ મોટા મોટાનાં મોં સીવી દે છે અને એવા જ લોકો 'ખાસ' ઘટનાઓ પર ગળું ફાડવા લાગે છે. એને આ દેશનું દુર્ભાગ્ય જ કહી શકાય. અપરાધીની જાતિ-ધર્મ જોઈને બૂમરાણ મચાવવા કે ચૂપ રહેવાની વિકૃતિ દેશને ક્યાં લઈ જશે, તેનો અંદાજો લગાવતાં જ કંપારી વછૂટી જાય છે. પરંતુ બધાને સ્વાર્થની પડી છે. કોઈને વોટનો સ્વાર્થ છે, કોઈને કરિયરનો તો કોઈને રોકડાનો! દરમ્યાન સામાન્ય જનતા કાંગારુ કોર્ટમાં કોરડા ખાવા માટે મજબૂર છે.

## નવા અપરાધિક કાયદા

અંગ્રેજોના જમાનાની અપરાધિક ન્યાય પ્રણાલીમાં આમૂલ પરિવર્તન કરવા અને ન્યાય વ્યવસ્થાને પ્રભાવી બનાવવા માટે ત્રણ નવા અપરાધિક કાયદા પર અમલની તૈયારી વચ્ચે વિરોધના સ્વર ઉભરે તો આશ્ચર્ય નહી. આપણા દેશમાં હંમેશાં એવું જ થાય છે. છેલ્લા કેટલાક સમયથી એવું કંઇક વધુ જ થવા લાગ્યું છે. સુધારના દરેક પગલાનો વિરોધ કરવામાં આવે છે. કેટલીય વાર તો એ પગલાના ગુણદોષને ધ્યાનમાં લીધા વિના જ વિરોધ કરવામાં આવે છે. આવું વિરોધ ખાતર વિરોધની રાજનીતિ અંતર્ગત કરવામાં આવે છે. એના પર આશ્ચર્ય નહીં કે જ્યાં બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પહેલી જુલાઈથી લાગુ થયેલા નવા અપરાધિક કાયદાઓ વિરુદ્ધ વડાપ્રધાનને પત્ર લખી દીધો છે, ત્યાં જ તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને પણ વાંધો નોંધાવ્યો છે. વિપ-ી દળોના કેટલાક બીજા નેતાઓએ પણ આ નવા અપરાધિક કાયદાઓ લાગુ કરવાનો વિરોધ કરવાનું શરૂ કરી દીધું છે. કેટલાક લોકો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચી ગયા છે. વિરોધ માટે તે ચવાયેલી દલીલો કરી રહ્યા છે, જેમ કે આ નવા કાયદા લાગુ કરતાં પહેલાં પૂરતી તૈયારી નથી કરવામાં આવી. સ્પષ્ટ છે કે આ દલીલ કરનારા જાણીજોઈને એની અવગણના કરી રહ્યા છે કે આ કાયદાઓને રાષ્ટ્રપતિની સ્વીકૃતિ મળ્યા બાદથી લાખો પોલીસકર્મીઓ સતત જેલ, ફોરેન્સિક, ન્યાયિક અને અભિયોજન અધિકારીઓને પ્રશિનિત કરી ચૂકાયા છે. તે ઉપરાંત અન્ય જરૂરી પગલાં પણ ભરવામાં આવ્યાં છે.

એનો ઇનકાર નહીં કે ત્રણેય નવા અપરાધિક કાયદા લાગુ કરવાના ક્રમમાં અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે, પરંતુ એવું તો દરેક નવી વ્યવસ્થા પર અમલ કરતી વખતે થાય છે. જેટલો મોટો બદલાવ થાય છે, પડકારો પણ એટલા જ વધુ હોય છે, પરંતુ તેનો એ અર્થ નહીં કે પડકારોથી બચવા માટે જરીપુરાણી અને કષ્ટદાયક વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે. કોઈપણ તેની અવગણના ન કરી શકે કે અંગ્રેજી સત્તા દ્વારા બનાવવામાં આવેલ અપરાધિક કાયદા ન્યાય આપવામાં સહાયક નથી બની રહ્યા. નાના-નાના કેસોમાં પણ ન્યાય મેળવવામાં જરૂર કરતાં વધુ વિલંબ અને સંસાધનોનો વપરાશ થાય છે. નવા અપરાધિક કાયદાઓ લાગુ કરવામાં જે પડકારોનો સામનો કરવો પડી શકે છે, તેમાંથી કેટલાકનું તો અનુમાન જ લગાવાય છે, પરંતુ કેટલાક એવા પડકારો પણ સામે આવી શકે છે, જેન વિશે હજુ કોઈને આભાસ ન હોય. એવામાં સરકારે જરૂરી પરિવર્તન અને સંશોધન કરવા માટે તત્પર રહેવું જોઈે, જેથી લોકોને સમય પર સુગમ રીતે ન્યાય મળી શકે. આ નવા અપરાધિક કાયદા લાગુ કરવાનો મૂળ ઉદ્દેશ્ય પણ એ જ છે. નવા અપરાધિક કાયદાઓ લાગુ કરવાના ક્રમમાં એ પ્રથામિકતાના આધાર પર જોવું પડશે કે તે ન્યાયિક તંત્ર સાથે પોલીસની કાર્યપ્રણાલી અને તેની છબિને સુધારવામાં સ-ામ હોય છે કે નહી?

**એનો ઇનકાર નહીં કે ત્રણેય નવા અપરાધિક કાયદા લાગુ કરવાના ક્રમમાં અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે, પરંતુ એવું તો દરેક નવી વ્યવસ્થા પર અમલ કરતી વખતે થાય છે. જેટલો મોટો બદલાવ થાય છે, પડકારો પણ એટલા જ વધુ હોય છે,**

### વિરાટની નિવૃત્તીના કલાક પછી રોહિતએ પણ ટી૨૦ ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત

# કોહલી, રોહિત, રવીન્દ્ર ગૌરવપૂર્ણ નિવૃત્તિ માટે યાદ રહેશે

ભારતે બાર્બાડોસમાં દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમને હરાવી ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી ભારતીય ક્રિકેટ ટીમના ત્રણ દિગ્ગજ ખેલાડીઓએ ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી. ભારતે બીજી વખત ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીએ શનિવારે નિવૃત્તિની જાહેરાત કરી હતી. રવિવારે જાડેજા પણ આ બંને ક્રિકેટરો સાથે જોડાઈ ગયો અને તેણે પણ ઈન્ટરનેશનલ ટી ૨૦ ક્રિકેટને અલવિદા કહી દીધું છે.

આ ત્રણ ધુરંધરો પૈકી સૌથી પહેલાં વિરાટ કોહલીએ ઈન્ટરનેશનલ ટી ૨૦માંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી. ફાઈનલમાં પ્લેયર ઓફ ધ મેચ પસંદ થયા બાદ વિરાટ કોહલીએ પ્રેઝન્ટેશન વખતે એલાન કરી દીધું કે, આ મારો છેલ્લો ટી ૨૦ વર્લ્ડ કપ હતો અને ભારત માટે પણ આ મારી છેલ્લી ટી ૨૦ મેચ હતી.

વિરાટની જાહેરાતના એકાદ કલાક પછી કેપ્ટન રોહિત શર્માએ પણ ટી૨૦ ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી નાખી. પ્રેઝન્ટેશન સેરેમની પતી પછી રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સમાં ઈન્ટરનેશનલ ટી૨૦ ફોર્મેટમાંથી સંન્યાસની જાહેરાત કરતાં કહ્યું કે, આ મારી પણ છેલ્લી મેચ છે અને ઈન્ટરનેશનલ ટી ૨૦ ફોર્મેટને અલવિદા કહેવા માટે આનાથી વધુ સારો સમય બીજો કોઈ હોઈ શકે નહીં. આ બંને દિગ્ગજોની જાહેરાત પછી બીજા દિવસે રવીન્દ્ર જાડેજાએ પણ ટી ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી નાખી.

વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવીન્દ્ર જાડેજા ત્રણેયે એક સાથે નિવૃત્તિની જાહેરાત કરીને ક્રિકેટ ચાહકોને નાનકુું સરપ્રાઈઝ આપી દીધું છે એમ કહી શકાય કેમ કે ભારતમાં કોઈ પણ ક્ષેત્રમાં લોકો ઝડપથી ખસતા જ નથી. તેમાં પણ અત્યારે તો ભારતીય ક્રિકેટ ટીમ ટોપ પર છે ને આ ત્રણેય ખેલાડી વ્યક્તિગત રીતે પણ લોકોના હીરો છે. તેના જોરે બીજા ચાર-છ મહિના આરામથી ખેંચી શકે તેમ છે પણ એવું કરવાના બદલે તેમણે ગૌરવભેર ખસી જવાનું નક્કી કરીને ખરેખર બહુ શાણપણ બતાવ્યું છે. કારકિર્દીમાં સર્વોચ્ચ શિખરે પહોંચ્યા પછી નિવૃત્ત થવું બહુ અઘં હોય છે ને વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજાએ ત્રણેયે એ અઘં કામ કરી બતાવ્યું એ બદલ તેમને સલામ મારવી જોઈએ. વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા ત્રણેયે સમયસર અને લોકોની નજરમાં હીરો છે ત્યારે જ નિવૃત્તિની જાહેરાત કરીને પોતાની કારકિર્દીને વધારે યશસ્વી બનાવી દીધી છે એમ કહી શકાય.

વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજાએ પોતપોતાની ઈન્ટરનેશનલ ક્રિકેટ કારકિર્દીમાં પોતાનાથી શક્ય હતો એવો શ્રેષ્ઠ દેખાવ કરી લીધો અને હવે આનાથી બહેતર દેખાવ કરી શકે તેમ નથી. રોહિત શર્માએ ટી-૨૦ ઈન્ટરનેશનલ કરિયરમાં ૧૫૯ મેચોની ૧૫૧ ઈનિંગમાં ૩૧.૩૪ની એવરેજ અને ૧૪૦.૮૯ની સ્ટ્રાઈક રેટથી ૪૨૩૧ રન બનાવ્યા છે કે જેમાં ૫ સદી અને ૩૨ અડધી સદી છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રોહિત શર્મા સૌથી વધુ રન ફટકારવામાં બીજા નંબરે છે. રોહિત શર્માએ ૮ મેચની ૮ ઈનિંગ્સમાં ૩૬.૭૧ની એવરેજ અને ૧૫૬.૭૧ની સ્ટ્રાઈક રેટથી ૨૫૭ રન નોંધાવ્યા હતા. અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝે ૮ મેચમાં ૨૮૧ રન બનાવ્યા હતા. રોહિતે પોતાની છેલ્લી ઈનિંગમાં ૯ રન બનાવ્યા હતા અને થોડાક વધારે રન કર્યા હોત તો ટોપ પર હોત.

રોહિત શર્મા ટી ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટના ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે અને ગ્લેન મેક્સવેલ સાથે સૌથી વધુ સદી ફટકારવામાં ટોપ પર છે. બેટ્સમેન તરીકે હવે રોહિત શર્મા વધારે કંઈ કરી શકે તેમ નથી. એક ખેલાડી તરીકે રોહિત શર્મા ૨૦૦૭ની મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં વર્લ્ડકપ જીતનારી ભારતીય ટીમનો સભ્ય હતો ને બે વર્લ્ડકપ જીતનાર ટીમના સભ્ય હોવું બહુ મોટા ગૌરવની વાત છે.

કેપ્ટન તરીકે પણ રોહિત શર્માનો રેકોર્ડ પ્રભાવશાળી છે. કપિલ દેવ (૧૯૮૩) અને મહેન્દ્રસિંહ ધોની (૨૦૦૭ અને ૨૦૧૧) પછી રોહિત શર્મા ભારતનો વર્લ્ડ કપ જીતનારો ત્રીજો ભારતીય કેપ્ટન બન્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૫૦ ટી ૨૦ મેચ જીતનારો પ્રથમ કેપ્ટન છે. આ વખતે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે એક પણ મેચ હાર્યા વિના વર્લ્ડકપ જીતનારી સૌપ્રથમ ટીમ બનવાનું ગૌરવ મેળવ્યું છે અને કેપ્ટન તરીકે રોહિત શર્માએ ભારતના ૧૧ વર્ષ જૂના આઈસીસી ટ્રોફીના દુકાળનો પણ અંત આણ્યો છે.

વિરાટ કોહલીની ઈન્ટરનેશનલ ટી ૨૦ ક્રિકેટ કારકિર્દી પણ યશસ્વી છે. વિરાટે ૧૨૫ મેચની ૧૧૭ ઈનિંગ્સમાં ૪૮.૬૯ની એવરેજ સાથે ૪૧૮૮ રન બનાવ્યા છે કે જેમાં એક સદી અને ૩૮ અડધી સદી છે. વિરાટ કોહલીનો ટી ૨૦માં સર્વશ્રેષ્ઠ સ્કોર અણનમ ૧૨૨ રન હતો. વિરાટ કોહલી ૩૧ વખત અણનમ રહ્યો છે અને તેણે ૩૬૯ ફોર અને ૧૨૪ સિક્સર ફટકારી છે. ભારતીય ટીમે ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવ્યું તેમાં વિરાટ કોહલીએ ટીમ માટે ૭૬ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમી હતી અને પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો.રવીન્દ્ર જાડેજાની કારકિર્દી પણ સારી જ છે.જાડેજાએ ભારત માટે ૭૪ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે કે જેમાં ૫૧૫ રન બનાવ્યા અને ૫૪ વિકેટ લીધી. સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર તરીકે જાડેજા લાંબા સમયથી ભારતીય ટીમમાં છે. ફેબ્રુઆરી ૨૦૦૯ માં શ્રીલંકા વિરુદ્ધ પહેલી મેચ રમનારા જાડેજાનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦૨૨ માં ઈંગ્લેન્ડ સામે હતું કે જ્યાં તેણે ૨૯ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા. ભારતીય ટીમે આ મેચ ૪૯ રને જીતી લીધી હતી. બોલિંગમાં તેનું શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન ૨૦૨૧ ટી ૨૦ વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડ સામે હતું કે જ્યાં તેણે દુબઈમાં ૧૫ રનમાં ૩ વિકેટ લીધી હતી. જાડેજા છ ટી ૨૦ વર્લ્ડ કપ રમ્યા છે. વર્લ્ડ કપ ૨૦૨૪માં રવીન્દ્ર જાડેજાએ ૫ ઈનિંગ્સમાં ૨૨ બોલમાં ૩૫ રન બનાવ્યા અને ૧૪ ઓવર નાખીને ૧ વિકેટ લીધી. રવીન્દ્ર જાડેજા એવા કેટલાક ક્રિકેટરોમાંથી એક છે, જેઓ છેલ્લા કેટલાક સમયથી ત્રણેય ફોર્મેટમાં ભારતની ટીમમાં હતા અને હજુ ટેસ્ટ અને વનડે તો રમશે જ.વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા એ ત્રણેય ક્રિકેટરો છેલ્લા કેટલાક સમયથી ટીમ ઈન્ડિયા માટે બોજ બનતા જાય છે એવી ટીકા થતી હતી. રોહિત અસાતત્યપૂર્ણ બેટિંગ કરે છે જ્યારે વિરાટ ટી ૨૦ માટે જરૂરી ઝડપે રમી શકતો નથી એવી ટીકાઓ થતી. જાડેજા મેચ વિનર બોલર કે બેટ્સમેન નથી એવું કહેવાતું. જાડેજાના વિકલ્પરૂપે અક્ષર પટેલ તૈયાર છે જ્યારે રોહિત અને વિરાટના વિકલ્પ તરીકે તો બહુ બધા બેટ્સમેન છે તેથી તેમની ખોટ નહીં સાલે પણ વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા ત્રણેય ગૌરવપૂર્ણ રીતે નિવૃત્તિ લેનારા ક્રિકેટરો તરીકે હંમેશાં યાદ રહેશે.

### એકંદરે જ્યારે અનામત પર ચર્ચા થાય છે તો એ પણ ચર્ચા સ્વાભાવિક છે

# અનામત પર સમગ્રતામાં વિચાર જરૂરી

### કેટલાય રિપોર્ટમાં એ વાત સામે આવી છે કે અનામતનો લાભ કેટલીક ચુનંદા ઓબીસી જાતિઓને જ મળતો રહ્યો છે

આપણા દેશમાં અનામત પર લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે કે શું કોલેજો, ઉચ્ચ શિ-ાણ સંસ્થાઓ અને નોકરીઓમાં અનામતથી અસમાનતાને ઉત્તેજન મળી રહ્યું છે? એના પર લોકોના પોતપોતાના વિચારો અને દષ્ટિકોણ છે. આ જ કારણ છે કે અનામત પર દેશ ક્યારેય એકમત નથી થઈ શક્યો. અનામતની નીતિ માત્ર ભારતમાં જ નહીં, બલ્કે વિશ્વના અનેક દેશોમાં અપનાવવામાં આવે છે. અલગ-અલગ દેશોમાં રંગ, લિંગ, જાતિ, ધર્મ અને વંશના આધાર પર થઈ રહેલા ભેદભાવને ખતમ કરવા માટે દલિત વર્ગને અનામતના માધ્યમથી ઉપર ઉઠાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. આપણા દેશમાં અનામતને વધુ માન્ય બનાવવા માટે વિદ્યાલય સ્તરથી જ તેની ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિને સમજવાની જરૂર છે. તેના માટે દરેક બાળકોના મનમાંથી જાતિ, વંશ, અને -ેત્રિયતાનો ભેદભાવ ખતમ કરવો પડશે. ત્યારે જ આપણો સમાજ સમાન બની શકશે.

કેટલાય લોકો અનામતને ઉચ્ચ શિ-ાણ, રોજગાર અને સત્તાવાર યોજનાઓ સુધી પછાત વર્ગની પહોંચને આસાન બનાવવાના રસ્તા રૂપે જુએ છે. વાસ્તવમાં આ અધૂરું સત્ય છે, કારણ કે એનાથી સરકારી નોકરીઓની સંખ્યા, સરકારી શિ-ાણ સંસ્થાઓમાં સીટો અને ત્યાં સુધી કે કલ્યાણકારી યોજનાઓ માટે પણ બજેટની મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને માંગને સાપે-ા આ બધાની ઉપલબ્ધતા ઓછી થતી જાય છે. જ્યારે છેલ્લા ત્રણ દાયકામાં ભારતના સામાજિક-આર્થિક પરિવર્તન વિશે એક મોટું સત્ય એ છે કે સુધારાએ લાખો લોકોને ગરીબીની બહાર કાઢ્યા છે.

એકંદરે જ્યારે અનામત પર ચર્ચા થાય છે તો એ પણ ચર્ચા સ્વાભાવિક છે કે જે લોકો અનામતને કારણે હવે સશક્ત થઈ ગયા છે અથવા તો પહેલેથી જ સશક્ત હતા, પરંતુ અનામતનો લાભ ઉઠાવતા આવ્યા છે, તેમની ઓળખ કરવામાં આવે અને તેમને અનામતથી વંચિત કરવામાં આવે. આ સંદર્ભે પહેલાં રોહિણી આયોગની રચના કરવામાં આવી હતી કે તે એની સમી-ાા કરે અને એક નવા વર્ગીકરણ રજૂ કરે જેનાથી અનામતનો લાભ એ વંચિત વર્ગોને મળી શકે જે વાસ્તવમાં અનામત લેવાને યોગ્ય છે. આયોગે પોતાની ભલામણો સોંપી હતી, જેના પર વિચાર કરવો જોઈએ.

રોહિણી આયોગનું મિશન સામાજિક અને શૈ-ાણિક રૂપે પછાત વર્ગોની સ્થિતની તપાસ કરવી, તેમની બહેતરી માટે ઉપાય સૂચવવાનું હતું. તેમને અનામતની અંદર લાભ વિતરણની નિષ્પ-ાતાનું આકલન કરવાનું હતું અને ઓબીસીની અંદર ઉપવર્ગીકરણ માટે માપદંડો નક્કી કરવાના હતા. તે ઉપરાંત આયોગે ઓબીસીની કેન્દ્રીય યાદીમાં એડજસ્ટમેન્ટની ભલામણ કરવા, દોહરાવ, અસ્પષ્ટતા, વિસંગતિઓ એ વર્તની કે લેખનમાં ત્રુટિઓ જેવા મુદ્દાઓને સંશોધિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ૨૦૧૮માં રોહિણી પંચે ઓબીસી માટે અનામત ૧.૩ લાખથી વધારે સરકારી નોકરીઓ અને સરકારી શૈ-ાણિક સંસ્થાઓમાં પ્રવેશની તપાસ કરી. અંતે નિષ્કર્ષોથી ખબર પડી કે ૯૭ ટકા અનામત અવસરોને ૨૫ ટકા ઓબીસી ઉપજાતિઓએ લઈ લીધા, જેનાથી ૯૮૩ સમુદાયોને શૂન્ય પ્રતિનિધિત્વ મળ્યું. જ્યારે ૯૯૪ જાતિઓ દ્વારા માત્ર ૨.૬૮ ટકા અનામતનો ઉપયોગ કરવામાં આવ્યો. રોહિણી આયોગના ડિસેમ્બર ૨૦૧૯ના પરામર્શમાં વધુ ન્યાયસંગત વિતરણ માટે ઉપ-શ્રેણીઓને ત્રણ વર્ગોમાં વિભાજિત કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો, જેમાં લાભ વિનાના સમુદાય, આંશિક લાભ અને અધિકતમ લાભ. પરંતુ ડેટા ગેપ અને ઓબીસી પ્રતિનિધિત્વ પર સીમિત જાણકારીને કારણે પડકારો ઊભા રહ્યા.

મંડલ કમિશનને લાગુ કરાયા બાદ દેશની ઓબીસી જાતિઓને અનામતના દાયરામાં લાવવામાં આવી હતી. ઓબીસીને ૨૭ ટકા અનામત નિર્ધારિત કરવામાં આવી હતી, પરંતુ તે લાગુ થયા બાદ પણ ઓબીસીની ઘણી જાતિઓ અનામતના લાભથી વંચિત રહી ગઈ હતી. એવામાં ઓબીસીમાં સામેલ જાતિઓમાં અનામતનો સમાન લાભ પહોંચાડવા માટે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે ૨૦૧૫માં ઓબીસી અનામતને ત્રણ હિસ્સામાં વહેંચવાની ભલામણ કરી હતી. ત્યારબાદ જ કેન્દ્રની મોદી સરકારે ઓબીસી અનામતના આકલન અને તેના લાભને લઈને ૨૦૧૭માં હોરિણી કમિશનની રચના કરી હતી. તેના કાર્યકાળને ૧૩ વખત વિસ્તાર આપવામાં આવ્યો, ત્યારે જઈને આયોગે પોતાનો રિપોર્ટ રાષ્ટ્રપતિને સોંપ્યો. તેની સાથે જ હવે બધાની નજરો મોદી સરકાર પર ટકેલી છે કે શું રોહિણી કમિશનની ભલામણોને સરકાર લાગુ કરશે? તેનું કારણ છે કે ઓબીસીના ૨૭ ટકા અનામત હજુ સુધી સમાન રૂપે લાગુ છે, પરંતુ રોહિણી કમિશને તેનું વર્ગીકરણ કરવાની ભલામણ કરી છે. દેશમાં ઓબીસીમાં ૨૬૩૩ જાતિઓ સામેલ છે.

કેટલાય રિપોર્ટમાં એ વાત સામે આવી છે કે અનામતનો લાભ કેટલીક ચુનંદા ઓબીસી જાતિઓને જ મળતો રહ્યો છે. તેને જ ધ્યાનમાં રાખીને રોહિણી આયોગે ઓબીસી અનામતને શ્રેણીમાં વહેંચવાનું સૂચન કર્યું છે. વસ્તુતઃ આયોગે ઓબીસી અનામતની વહેંચણી માટે વર્ગીકરણનું

સૂચન કર્યું છે, તેમાં ૨૭ ટકા અનામતને ત્રણ કે ચાર હિસ્સામાં વહેંચીને ઓબીસીની વંચિત રહેનારી જાતિઓને લાભના દાયરામાં લાવવામાં આવે. તેના માટે તેમણે પહેલું સૂચન કર્યું છે કે ઓબીસીને ત્રણ હિસ્સામાં વહેંચવામાં આવે, જેમાં અનામતના લાભથી વંચિત રહેનારી જાતિઓને ૧૦ ટકા અનામત આપવામાં આવે અને બાકી ૧૭ ટકા હિસ્સાને બે શ્રેણીમાં વહેંચવામાં આવે. ઓબીસી અનામતને હિસ્સામાં વહેંચવાની વાત છે. એવામાં જરૂર એ વાતની છે કે સરકાર આ આયોગની ભલામણો પર નવેસરથી વિચાર કરે.

### હેર ટ્રાન્સપ્લાન્ટેશન માટે લોકો જંગી નાણાં ખર્ચ કરી નાંખે છે ....

# ખરતા વાળને લઇને લોકો પરેશાન

### વાળ ખરવા માટે કેટલાક કારણો રહેલા છે : બે ટેકનિકથી હેર ટ્રાન્સપ્લાન્ટ કરવામા ંઆવે છે : વાળ ખરવાની સમસ્યા જટિલ

વાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ. હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેંમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઈરોઇડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમં જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઈડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઇ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઇ મારફતે વાળ ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે.

એ ગાળા દરમિયાન જે જગ્યાઅ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામાં આવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી. આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઇન કિલર આપવામાં આવે છે. જેથી પીડા થતી નથી. આનાથી ઈન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઈફસ્ટાઈલ, સ્ટ્રેસ, હાર્મોનને લઈને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. માથામાં વાળ ખરી પડવાની સમસ્યા એટલી જટિલ બની છે કે હેરફોલને રોકવા માટે જે કંપનીઓ મેદાનમાં છે અને આની સારવાર માટેનો દાવો કરે છે તે કંપનીઓ અભૂતપૂર્વ નાણાં કમાઈ રહી છે. હેરફોલને રોકવા માટે શું કરવામાં આવે તેના માટે કઈ દવા લેવામાં

આવે, તેના માટે કયા લોશનનો ઉપયોગ કરવામાં આવે તેને લઈને તમામને પ્રશ્ન સતાવી રહે છે. આવા સમયમાં આની સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ અને નિષ્ણાંત લોકોનું કહેવું છે કે હેરફોલને રોકવાની બાબત કોઈ સરળ પ્રક્રિયા નથી. પરંતુ જો સાવધાનીપૂર્વક ડાયટ સાથે આગળ વધવામાં આવે અને પૂરતા પ્રમાણમાં પોષક તત્વોનો ઉપયોગ કરવામાં આવે તો આવી સ્થિતિમાં વાળ ખરી પડવાની સમસ્યાને રોકી શકાય છે.

એવા પોષકતત્વો ભોજનમાં લેવા જોઈએ જેમાં વધુ પ્રમાણમાં વિશેષપ્રકારના તત્વો રહેલા હોય. ઓમેગા-૩ ફેટીએસિડ, ઝિંક, પ્રોટીન, બાયોર્ટિન, આયરન અને વિટામિન-ડી જેવી ચીજવસ્તુઓ ભોજનમાં વધુ પ્રમાણમાં લેવામાં આવે તો હેલ્થીહેર મેળવવામાં મદદરૂપ બની શકે છે. ડર્મેટોલોજિસ્ટ અને એન્ટીએજીન્સ સ્પેશિયાલિસ્ટ તબીબોનું કહેવું છે કે મલ્ટિવિટામિન અથવા તો સપ્લિમેન્ટ જેમાં ઝિંક, વિટામિન, ફોલેક, આયરન, કેલ્શિયમ વધારે પ્રમાણમાં રહે તેનાથી મદદ મળે છે. સ્વસ્થ હેરને જાળવી રાખવામાં બાયોર્ટીન સપ્લિમેન્ટ ખૂબજ ઉપયોગી છે. જો કે વિટામિન એનું વધુ પ્રમાણ વાળ ખરવાની સમસ્યાને આમંત્રણ આપે છે.



### બે દિવસ પહેલાં જ અર્જૂન કપુરનો જન્મદિવસ હતો

# અર્જુન સાથે બ્રેક અપ અંગે મલાઇકાએ અરોરાએ પહેલી વખત ખુલાસો કર્યો

## મેં મારી આસપાસ એક મિકેનિઝમ કે શીલ્ડ બનાવી દીધું છે, તેથી હવે મને નેગેટિવિટી સ્પર્ષતી જ નથી : મલાઈકા

બે દિવસ પહેલાં જ અર્જૂન કપુરનો જન્મદિવસ હતો અને તેની ઉજવણીમાં મલાઇકાની ગેરહાજરી અંગે ઘણી ચર્ચા થઈ હતી. અર્જૂન અને મલાઇકા વચ્ચેના બ્રેક અપની ચર્ચાને પણ તેનાથી વેગ મળ્યો હતો. હવે મલાઇકાએ મૌન તોડ્યું છે, મલાઇકાએ અર્જૂનને સોશિયલ મીડિયા પર પણ વિશ કર્યું નહોતું, તેથી તેમના બ્રેક અપની વાતોએ વધારે જોર પકડ્યું હતું. આ બધી ચર્ચાઓ અને અફવાઓ વચ્ચે હવે મલાઇકાએ કહ્યું છે કે ઈન્ટરનેટ કઈ રીતે એક ટોક્સિક સ્પેસ બની શકે છે. મલાઇકાએ એક મેગેઝિન ઈન્ટર્વ્યુમાં કહ્યું, “મેં મારી આસપાસ એક મિકેનિઝમ કે શીલ્ડ બનાવી દીધું છે, તેથી હવે મને નેગેટિવિટી સ્પર્ષતી જ નથી. મેં મારી જેતને તેનાથી અલગ કરી દીધી છે, પછી તે લોકો હોય, કામનું વાતાવરણ હોય કે સોશિયલ મીડિયા કે ટ્રોલર્સ. જે ક્ષણે મને નકારાત્મક ઊર્જા અનુભવાય છે કે તરત જ હું પાછળ ખસી જઉં છું. હું સમય સાથે આટલું શીખી છું. કારણ કે મને તેની બહુ જક્દી અસર થઈ જાય છે અને પછી મારી ઉંઘ ઉડી જાય છે. જો હું એવું કહું કે મને તેની કોઈ અસર નથી થતી તો એ જૂઠું હશે- હું પણ માણસ છું અને પછી હું રડી પડું છું, ટ્રોલિંગના કારણ થતી બધી જ સમસ્યાઓ પછી શરૂ થઈ જાય છે. પરંતુ તે તમને જાહેરમાં ક્યારેય દેખાશે નહીં.” મલાઈકાને અજાણ્યા લોકો સાથે માથાકૂટ કરવી ગમતી નથી. મલાઈકાએ કહ્યું, “કેટલાંક બેનામી, ચહેરા વિનાના લોકો સાથે ઈન્ટરનેટ પર માથાકૂટ કરવાની મને જરૂર લાગતી નથી. મારા માટે ટ્રોક્સ કશું જ નથી. મને બધું જ ખબર છે, હું કોઈ ગુફામાં રહેતી નથી પણ બસ હું મારી જાતને તેનાથી દૂર કરી દઉં છું.” પ્રેમ વિશે વાત કરતાં મલાઈકાએ કહ્યું કે તે અતિશય રોમેન્ટિક છે. “હું કોઈ પણ સંજોગોમાં ગમે તે થાય તો પણ સાચા પ્રેમમાં હાર માનવામાં માનતી નથી. હું પાક્કા સ્કોર્પિયો રાશિના લક્ષણો ધરાવું છું. તેથી હું પ્રેમ માટે છેક છેક્લે સુધી લડતી રહીશ. પરંતુ હું વાસ્તવવાદી પણ છું અને જાણું છું કે ક્યાં અટકવાનું.” ગયા મહિનાથી અર્જૂન અને મલાઈકાના બ્રક અપની ચર્ચાઓ ચાલે છે. તમના નજીકના સોર્સે તે કન્ફર્મ કર્યું હતું.



# ‘ટાઈગરને રૂ.૧૬૫ કરોડ ચૂકવ્યા, ક્રૂ મેમ્બર્સને માત્ર વાયદા કર્યા’

વાસુ અને જેકી ભગનાનીના પૂજા એન્ટરટેઈન્મેન્ટના દેવાદાર બનવાની વાતો સતત ચર્ચામાં છે. તેમાં હવે આક્ષેપો અને દાવાઓનો દોર શરૂ થયો છે. પોતાની ઓફિસ વેચ્યાના સમાચાર આવ્યા અને પછી વાસુ ભગનાનીએ તેને અફવા ગણાવ્યા. હવે ફરી એક મુદ્દો આવ્યો છે, જેમાં પૂજા એન્ટરટેઈન્મેન્ટના એક કર્મચારીએ આક્ષેપ કર્યો છે કે તેમને પૈસામાં તારીખોના વાયદા સિવાય કશું મળ્યું નથી. તેઓ પોતાના ચૂકવણાની રાહ જોઈને થાક્યા છે અને તેમને પોતાના ઘર વેંચવાના દિવસો આવ્યા છે. કેટલાંક ક્રૂ મેમ્બર્સ દ્વારા પૂજા એન્ટરટેઈન્મેન્ટને ટેગ કરીને પોસ્ટ લખવામાં આવી છે. જેમાં તેમણે વાસુ ભગનાની, જેકી ભગનાની, તેની બહેન દીપશિખા દેશમુખને પણ ટેગ કર્યા છે. આ પોસ્ટમાં લખ્યું છે, “પૂજા એન્ટરટેઈન્મેન્ટને બિલકુલ દરકાર નથી અને બિલકુલ વ્યવસાયિક વર્તન નથી, અમે બધાં ઘણા લાંબા સમયથી અત્યંત અનૈતિક વર્તનને સહન કરી રહ્યા છીએ. અમારા પોતાના પૈસા જે અમને કામના ૪૫-૯૦ દિવસોમાં મળી જવાનો વાયદો કરેલો, છતાં અમે ફિલ્મ મેકિંગના પેશનથી કામ કરીએ છીએ એટલે અમે કામ કરી આપ્યું. તેના માટે અમે એક માણસથી બીજા માણસ પાસે ધક્કા ખાઈએ છીએ. તે બિલકુલ વ્યવસાયિક ન ગણી શકાય. અમારા પેશનનો ગેરલાભ ઉઠાવીને અમારું આટલી હદે શોષણ કરવામાં આવે એ સ્વીકાર્ય નથી. અમને હવે અમારા પૈસા મળવાની આશા પણ નથી, પરંતુ અમારા જેવા અનેકને આ છેતરપિંડીથી બચાવવા આ પોસ્ટ કરી છે.” આ પોસ્ટ શાહરૂખ ખાનની ‘રઈસ’ અને ‘ઝીરો’ જેવી ફિલ્મોમાં આસિસ્ટન્ટ ડિરેક્ટ રહી ચૂકેલી રુચિતા કાંબલે દ્વારા લખવામાં આવી છે. આ પોસ્ટ બાદ અનેક લોકોએ આવા ખુલાસા કર્યા છે. એક ક્રૂ મેમ્બર દવાખાનામાં હોવા છતાં તેણે અનેક આજીજી કર્યા બાદ તેને અડધા પૈસા જ મળ્યા હતા. તો તેની પાસે હોસ્પિટલના બિલ ચૂકવવાના પણ પૈસા નથી. ત્યારે કેટલાક ક્રૂ મેમ્બર અક્ષય કુમાર અને ટાઇગર શ્રોફ આમાં દખલગીરી કરે તેવું પણ ઈચ્છે છે. એક તરફ ક્રૂની આવી ફરિયાદ છે તો બીજી તરફ જે ‘બડે મિયાં છોટે મિયાં’ની નિષ્ફળતાએ પ્રોડક્શન હાઉસને આ સ્થિતિમાં પહોંચાડ્યું છે, તેના હિરો ટાઇગર શ્રોફે આ અને ‘ગણપત’ ફિલ્મ માટે ૧૬૫ કરોડ વસૂલ્યા હોવાનો દાવો પણ પ્રોડ્યુસર દ્વારા કરવામાં આવ્યો છે. તો અક્ષય કુમારે માત્ર આ એક ફિલ્મ માટે ૧૬૫ કરોડ વસૂલ્યા હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. જોકે, દાવાના ફિલ્મના ડિરેક્ટર સુનીલ દર્શને નકારી કાઢ્યો છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું, “તમે કહો છો એ આંકડા ચોક્કસ નથી તેથી મારાથી કશું કહી શકાય નહીં, પરંતુ એ ટાઉગર શ્રોફની ફીથી નજીક છે.” જેકી ભગનાની અને વાસુ ભગનાનીના બેનર સાથે ટાઈગરે બે ફિલ્મો કરી હતી, ‘બડે મિયાં છોટે મિયાં’ અને ‘ગણપત’ જ્યારે અક્ષયે ચાર ફિલ્મો કરી છે, ‘બેલ બોટમ’, ‘મિશન રાનીગંજ’, ‘કઠપૂતલી’ અને ‘બડે મિયાં છોટે મિંયા’. આ કોઈ ફિલ્મો બોક્સ ઓફિસ પર સારી ચાલી નથી.

### પંકજ ત્રિપાઠીએ કહ્યું- કંઈ બોલે તો વાંધો નથી

# ‘પંચાયત’ ધારાસભ્યને પંકજ ત્રિપાઠીનો બેફામ જવાબ

થોડા દિવસો પહેલા જ્યારે વેબ સીરિઝ ‘પંચાયત’ આવી ત્યારે પંકજ ઝાએ તેમાં MLAની ભૂમિકા ભજવી હતી. વેબ સિરીઝના પ્રમોશન દરમિયાન તેણે પોતાના સંઘર્ષ અને કામ ગુમાવવા વિશે ઘણી વાતો કહી હતી. એવું પણ કહેવામાં આવ્યું હતું કે પંકજ ત્રિપાઠીને ‘ગેંગ્સ ઓફ વાસેપુર’માં તેનો રોલ આપવામાં આવ્યો હતો. જ્યારે, ફાઈનલ તેણે પોતે જ કરી હતી. આ સિવાય પંકજ ઝાએ કહ્યું કે પંકજ ત્રિપાઠીએ મીડિયામાં પોતાના સંઘર્ષના દિવસોને અતિશયોક્તિ કરી હતી. તેણે રોમેન્ટિક કર્યુ. મનોજ બાજપેયીના ચપ્પલની ચોરી કરવી અને તેને ગ્લેમરાઈઝ કરવી એ કયા સંઘર્ષનો એક ભાગ છે?પંકજે આ વાત કહી હવે વેબ સિરીઝ ‘મિર્ઝાપુર ૩’ આવી રહી છે. પંકજ ત્રિપાઠી તેના પ્રમોશનમાં વ્યસ્ત છે. પંકજ ઝાની આ ટિપ્પણી પર પંકજ ત્રિપાઠીએ પ્રતિક્રિયા આપી છે. બેફામ જવાબ આપતા તેણે કહ્યું- મેં મારા સંઘર્ષને ક્યારેય રોમેન્ટિક નથી કર્યો. કે મેં મારા સંઘર્ષ વિશે કોઈને પ્રેરિત કરવાનો પ્રયાસ કર્યો નથી. મેં મારી યાત્રા જીવી છે. હા, મેં ચોક્કસ કહ્યું છે કે મારી પત્ની કમાતી હતી અને હું કામ શોધતો હતો. મેં ક્યારેય કહ્યું નથી કે હું અંધેરી સ્ટેશનની બહાર ટુવાલ પહેરીને સૂઈ ગયો હતો. મારું



જીવન સુખી રહ્યું છે. મુંબઈ આવ્યા પછી મેં પાપડનો ઘણો સામનો કર્યો, પણ ખુશીના દિવસો પણ જોયા. કોઈની સહાનુભૂતિ મેળવવા માટે મેં મારા સંઘર્ષને ક્યારેય રોમેન્ટિક કર્યો નથી. પંકજ ત્રિપાઠી ઘણા લોકોના મસીહા છે અને તેણે પોતાની વાર્તાથી ઘણાને પ્રેરણા આપી છે. પંકજે કહ્યું- આપણે બધા પોતપોતાની મુસાફરી જીવીએ છીએ અને સમસ્યાઓનો સામનો કરીએ છીએ. જ્યારે તમે આવી વાર્તાઓ વાંચો અથવા સાંભળો છો, ત્યારે કેટલાક લોકોને પ્રેરણા મળે છે. કંઈ નહીં. આમાં કોઈ સમસ્યા નથી. બસ એટલું જ કે આપણે આપણું જીવન જીવતા રહેવાનું છે.”હું ઓમ પુરી સાહબ, ઈરફાન ખાન અને મનોજ બાજપેયીથી પણ પ્રેરિત થયો છું. મેં તેમની પાસેથી પ્રેરણા લીધી છે. કેટલાક લોકો મારી સફરથી પ્રેરિત થઈ શકે છે અને કેટલાકને નહીં. આપણા બધાની એક સફર છે, કેટલાક લોકો મારી સાથે જોડાઈ શકે છે. તે અભિનય અથવા કલાના સ્વરૂપમાં મળવું જોઈએ.”પંકજ ઝાએ મારા વિશે જે કહ્યું તે મને ખરાબ નથી લાગતું. હું તે નથી કે જેને દુઃખ થાય. આ બધા ઘોંઘાટથી મને કોઈ ફરક પડતો નથી.” તમને જણાવી દઈએ કે પંકજ ત્રિપાઠી ટૂંક સમયમાં વેબ સિરીઝ ‘મિર્ઝાપુર’માં જોવા મળશે. જે ૫મી જુલાઈએ રિલીઝ થઈ રહી છે.

# લોકો પાસે સલમાન-શાહરૂખના નહીં પણ સંગીતકારોના નામથી પ્લેલિસ્ટ હોવા જોઈએ

ગયા વર્ષે સંગીતકાર એમ.એમ.કિરવાણીને એસ.એસ. રાજામૌલીની ફિક્મ ‘આરઆરઆર’નાં ‘નાટુ નાટુ’ ગીત માટે બેસ્ટ ઓરિજિનલ સોંગનો ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. હવે તેમણે અજય દેવગન અને તબ્બુની ફિલ્મ ‘ઔરોં મેં કહાં દમ થા’ માટે સંગીત આપ્યું છે. તેમને એવોર્ડ તો મળ્યા પણ આજે પણ જેટલા લોકો ફિક્મસ્ટાર્સને ઓળખે છે તેટલા લોકો સંગીતકારને ઓળખતાં નથી. આ બાબતે તેમણે પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. ઓસ્કાર પછી શું અને કેટલું બદલાયું, તેના જવાબમાં કિરવાણીએ કહ્યું, “જે લોકો મને નિકટથી ઓળખતાં હતાં તેમનો દૃષ્ટિકોણ બદલાયો નથી. જે લોકો મને બરાબર ઓળખતા નથી, તેમનો દૃષ્ટિકોણ એવોર્ડના કારણે બદલાઈ ગયો છે. અજાણ્યા



લોકોને તમારી ઓળખ આપવા તમારે આવા ટેગની જરૂર પડે છે.” ભારતમાં ગાયકો છે પણ કોઈ મ્યુઝિક સ્ટાર્સ નથી, આ માહોલાં શું બદલાયું છે, તે અંગે એમ.એમ.કિરવાણી કહે છે, “હવે ગ્લોબલાઈઝેશનના કારણે એ માનસિકતા બદલાઈ રહી છે. આજે નહીં નહીં તો કાલે, પણ આ માનસિકતા બદલાશે એ સારી નિશાની છે. જો એક સારા સંગીતકારને તેની યોગ્યતાના ધોરણે નામના મળે તે હંમેશા આવકારદાયક જ છે.” તેમણે આગળ કહ્યું, “હું ઈચ્છું કે લોકોને તેમના મનપસંદ ગીતોનું એક પ્લેલિસ્ટ હોય, એક ગીતકારનું પ્લેલિસ્ટ, સંગીતકારનું પ્લેલિસ્ટ, ગાયકનું પ્લેલિસ્ટ. સંગીત માટે એ સ્થિતિ વધુ તંદુરસ્ત ગણાશે.

### નાના પાટેકર હતા કારગિલ યુદ્ધનો હિસ્સો

# ૭૬ કિલો વજન લઈને ગયા, ૫૬ વજન લઈને પાછા ફર્યા હતા નાના પાટેકર

કારગિલ યુદ્ધ દરમિયાન નાના પાટેકરે થોડા સમય માટે એક્ટિંગમાંથી બ્રેક લીધો હતો. આ પછી તે લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટમાં જોડાયો. નાના પાટેકરે ‘ધ લલનટોપ’ને આપેલા ઈન્ટરવ્યુમાં ૧૯૯૯માં થયેલા કારગિલ યુદ્ધની એક નાની વાર્તા શેર કરી છે. અભિનેતા નાના પાટેકર ૪૬ વર્ષથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ભાગ છે. તેણે અત્યાર સુધી ઘણા યાદગાર અને શક્તિશાળી પાત્રો ભજવ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે નાના પાટેકર ઈન્ડિયન ટેરિટોરિયલ આર્મીમાં પણ ફરજ બજાવી ચૂક્યા છે. એટલું જ નહીં, બહુ ઓછા લોકો જાણે છે કે તે કારગિલ યુદ્ધનો પણ હિસ્સો હતો. વર્ષો પછી નાના પાટેકરે પોતે આ વાતનો ખુલાસો કર્યો છે.દેશ માટે અભિનયમાંથી બ્રેક લીધો કારગિલ યુદ્ધ દરમિયાન નાના પાટેકરે થોડા સમય માટે એક્ટિંગમાંથી બ્રેક લીધો હતો. આ પછી તે લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટમાં જોડાયો. નાના પાટેકરે ‘ધ લલનટોપ’ને આપેલા ઈન્ટરવ્યુમાં તેણે કારગિલ યુદ્ધની એક નાની વાર્તા શેર કરી હતી. તેમણે કહ્યું- તે સમયે ફર્નાન્ડિસ સાહેબ રક્ષા મંત્રી હતા. અમે યુદ્ધમાં જવા માંગતા હતા. અમે કમાન્ડો કોર્સ પૂરો કર્યો હતો. સારો શૂટર છે. રાષ્ટ્રીય રમાડવામાં આવ્યા છે. અમને મેડલ પણ મળ્યો છે.’અમે યુદ્ધ દરમિયાન ત્યાં બોલાવ્યા હતા. અમે કહ્યું કે અમારે યુદ્ધમાં જવું પડશે. ત્યાંથી કહેવામાં આવ્યું કે તમે નાગરિક છો. એટલા માટે જઈ શકતો નથી. પણ ફર્નાન્ડિસ સર અમને ઓળખતા હતા. પછી તેણે અમને પૂછ્યું કે ક્યારે નીકળવું. મેં કહ્યું મારે હવે જવું પડશે. હું કારગીલ યુદ્ધમાં ગયો હતો. હું ઝડપી પ્રતિક્રિયા ટીમનો



સભ્ય બન્યો. આપણે દેશ માટે આટલું બધું કરી શકીએ છીએ. આપણું સૌથી મોટું હથિયાર બોફોર્સ કે છ્દ્ધ ૪૭ નથી પણ આપણા સૈનિકો છે.વજન ઘટ્યું હતું નાના પાટેકરે વધુમાં કહ્યું કે ‘જ્યારે હું યુદ્ધમાં ગયો ત્યારે મારું વજન ૭૬ કિલો હતું. જ્યારે તે આવ્યો ત્યારે તેનું વજન ૫૬ કિલો હતું. બે મહિનામાં હાડકાં અને પાંસળીઓ ઓછી થઈ ગઈ હતી. પણ સાચું કહું તો દેશ માટે આટલું બધું કરીને અમને ખૂબ આનંદ થયો. અભિનેતાએ એમ પણ કહ્યું કે અજીત ડોભાલ તેમના માટે ભાઈ સમાન છે. તેમને મિત્રો કહેવું ખોટું છે. અજીત ડોભાલ સાથેનો તેમનો સંબંધ ખૂબ જ ખાસ અને અનોખો છે.નાના પાટેકરે પોતાના જીવની પરવા કર્યા વિના દેશ માટે કંઈક કરવાનું નક્કી કર્યું અને તેમાં તે સફળ પણ થયા. એટલા માટે નાના પાટેકર બધાના ફેવરિટ છે.




# નવા કાયદા અંગે ઉત્રાણ પોલીસ મથક દ્વારા યોજાયેલો સેમિનાર

**નવા કાયદાની અમલવારી અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન**

સુરત, તા.૦૨

તા. ૧/૭/૨૦૨૪ ના રોજ આપણી શાળા ગજેરા વિદ્યાભવન, ઉત્રાણ ખાતે કોન્ફરન્સ હોલમાં ઉત્રાણ પોલીસ સ્ટેશન દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને નવા કાયદાની અમલવારી નિમિત્તે એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ભારતીય ન્યાય સહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સહિતા અને ભારતીય અધિનિયમ અંતર્ગત ન્યાય વ્યવસ્થાને લગતા કાયદાઓ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ઉત્રાણ પોલીસ સ્ટેશનના પી.આઇ. શ્રીએમ. ઝેડ. પટેલએ હાજરી આપી હતી અને જેમાં વિદ્યાર્થીઓને નવા ફોજદારી કાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા. જેમાં આ કાયદાનો હેતુ ભારતીય કાનૂની પ્રણાલીઓ માં સુધારો કરવાનો અને ભારતીય વિચારસરણી પર આધારિત ન્યાય પ્રણાલીની સ્થાપિત કરવાનો હતો .

# ‘અનલોક બિઝનેસ વીથ હેપ્પીનેસ’ વિશે ચેમ્બર દ્વારા અવરનેસ સેશન

**આનંદીત રહેવાની ત્રણ બાબતો વિશે માર્ગદર્શન અપાયું**

સુરત, તા.૦૨

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૯ જૂન, ૨૦૨૪ના રોજ, સાંજે ૫:૩૦ કલાકે સેમિનાર હોલ– એ, સરસાણા, સુરત ખાતે ‘અનલોક બિઝનેસ વીથ હેપ્પીનેસ’ વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું. આ સેશનમાં ઈન્સ્ટીટયુટ ઓફ હેપ્પીનેસના ફાઉન્ડર શ્રી જસ્ટ વીન સિંઘે સુરતના ઉદ્યોગ સાહસિકો તેમજ યુવાઓને બિઝનેસમાં તેમજ જીવનમાં કોઈ પણ ક્ષણે આનંદિત રહેવા માટે મહત્વની ત્રણ બાબતો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આખો દિવસ તણાવ વગર રહીશું તો જ બિઝનેસ અને જીવનમાં તેનો લાભ થશે. જેથી કરીને દિવસની શરૂઆત હમેશા પોઝીટીવ રહીને કરવી જોઈએ. સકારાત્મકતા સાથે કામ કરીશું તો જ બિઝનેસ અને જીવનમાં યોગ્ય દિશાએ આગળ વધી શકીશું, આથી તેમણે સેશનમાં ઉપસ્થિત સર્વેને જીવનમાં હમેશા પોઝીટીવ રહેવા સૂચન કર્યું હતું.

શ્રી જસ્ટ વીન સિંઘે જણાવ્યું હતું કે, કવોલિટી ઓફ થોટ્સ તમારી લાઈફ નકકી કરે છે, આથી પોતાના અંદરની દુનિયાને કન્ટ્રોલ કરી લો બહારની દુનિયા આપોઆપ કન્ટ્રોલ થઈ જશે. માનવી અને પશુઓ વચ્ચે માત્ર કોન્શીયસનેસનો ફરક છે. માઈન્ડને સેટ કરવું પડશે તો જ બિઝનેસ અને જીવનમાં ખુશ રહી શકાશે. માઈન્ડને સેટ કરવા માટે તેમને ત્રણ બાબતો પર ફોકસ કરવા જણાવ્યું હતું. જેમાં ડાયરેકશન, પ્રોડકટીવલી બીઝી અને કલીયારિટીનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે, સૃષ્ટિ બદલવા માટે દૃષ્ટિ બદલવી પડશે. દુનિયામાં મોટા ભાગના લોકો અત્યારે નેગેટીવ બાબતોને પોષી

અનુસંધાન પાના ૭ પર

# રૂપવેલ ગામમાં ભારે ગંદકીના કારણે રોગચાળો ફેલાવાનો ભય

**જવાબદારો સામે કાર્યવાહી કરવા આદિવાસી સેનાની માંગણી**

વાંસદા, તા.૦૨

વાંસદા તાલુકાના આદિવાસી સેના દ્વારા રૂપવેલ ગામમાં ગંદકીના કારણે ફેલાયેલી રોગચાળા બાબતે સંપૂર્ણ પણે નિષ્કીય વલણ દાખવનાર રૂપવેલ ગામ ના સરપંચ નિતેશભાઈ કુનબી અને જિલ્લા આરોગ્ય અધિકારી જિ. નવસારી વિરૂદ્ધ કાયદેસર ના પગલા લેવા બાબતે સચિવ શ્રી આરોગ્ય વિભાગ, ગુજરાત રાજ્ય ને સંબોધન કરાયેલ આવેદનપત્ર ની નકલ પ્રાત અધિકારી, મામલતદાર શ્રી , તાલુકા વિકાસ અધિકારી - વાંસદા ના ઓને આપવામાં આવી હતી અને તેની નકલો કલેક્ટર -જિ નવસારી, સંસદસભ્ય શ્રી ધવલભાઈ પટેલ, વલસાડ, આરોગ્ય કમિશનરનાઓને મોકલવામાં આવી તે અનુસાર શ્રી ઈશ્વરભાઈ રતલાભાઈ હળપતિ ના ઘર નજીક છેલ્લા ૨ (બે) વર્ષેથી ગંદકી નું સામ્રાજ્ય ફેલાવેલ અને તેના પરિણામે આજુબાજુ માં ઝાડા-ઉલ્ટી, તાવ , ખાસી વગેરેનો રોગચાળો ફેલાવા પામેલ અને પાણી ખુબ જ દૂષિત થવા પામેલ અને તે બાબતે રૂપવેલ ગામ ના

અનુસંધાન પાના ૭ પર

# ડુમસ જમીન કૌભાંડમાં જવાબદાર અધિકારી સામે ગુનો નોંધવા માંગ

**દર્શન નાયક દ્વારા રાજ્ય લાંચ રૂશ્વત વિરોધી વિભાગના મુખ્ય નિયામક સમક્ષ રજૂઆત**

સુરત, તા.૦૨

મોજે ડુમસ, તા. સીટી (મજુરા), જી. સુરતના સર્વે નં. ૩૧૧/૩ વાળી સરકારી શીર પડતરની જમીન અંદાજિત ૨.૧૭ લાખ ચોરસ મીટર જમીનમાં ખોટી રીતે અને તત્કાલીન કલેકટર રાજેન્દ્ર કુમારના વર્ષ ૨૦૧૫ ના હુકમ વિરુદ્ધ જઈ ખોટી રીતે ગણોતિયાના નામ દાખલ કરવા માટે આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર વ્યયે સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક તેમજ અન્ય જવાબદાર અધિકારીઓ અને વ્યક્તિઓ સામે તાત્કાલિક અસરથી પગલાં લેવા બાબત અને ફરિયાદ દાખલ કરવા બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન ાયક દ્વારા રાજ્ય લાંચ રૂશ્વત વિરોધી વિભાગના વડા અધિકારીને કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે અમો નીચે સહી કરનાર આ લેખિત પત્ર દ્વારા સત્તાવાર ફરિયાદ કરી જણાવીએ છીએ કે મોજે. ડુમસ, તા. સીટી (મજુરા), જી. સુરત ખાતે સર્વે નં. ૩૧૧/૩ વાળી અંદાજિત ૨૧૭૨૧૬ ચોરસ મીટર જમીન આવેલ છે. સદર જમીન સરકારી રેકર્ડ ઉપર વર્ષ ૧૯૪૮-૪૯ માં સરકારી જમીનથી ચાલી આવેલ હતી. સરકારી રેકર્ડ પ્રમાણે આ જમીન સરકારી પડતરની જમીન હતી. પરંતુ, આ જમીનમાં નોંધ નં. ૫૮૨ થી ગણોતિયા તરીકે “કૃષ્ણમુખલાલ ભગવાનદાસ” નું નામ દાખલ કરવામાં આવેલ હતું. જો કે અહી નોંધનીય બાબત એ છે કે સરકારી પડતરની જમીનમાં કોઈપણ વ્યક્તિનું નામ ગણોતિયા તરીકે કેવી રીતે આવી શકે?? જેથી સરકારશ્રીની જમીનમાં ગણોતિયા તરીકે નામ દાખલ કરવામાં આવેલ છે તે પ્રક્રિયા સદંતર ગેરકાયદેસર કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૫

અનુસંધાન પાના ૭ પર




# નર્સિંગ એસોસિએશન દ્વારા ‘રાષ્ટ્રીય ડોક્ટર દિવસ’ની ઉત્સાહભેર ઉજવણી

**ડોક્ટરનું એક સ્મિત દર્દી માટે દવાથી વધારે અસરકારક સાબિત થાય છે : નર્સિંગ કાઉન્સિલના ઇકબાલ કડીવાલા**

સુરત, તા.૦૨

નવી સિવિલ હોસ્પિટલ ખાતે નર્સિંગ એસોસિએશન દ્વારા ‘રાષ્ટ્રીય ડોક્ટર દિવસ’ અંતર્ગત નર્સિંગ બહેનો દ્વારા સિવિલના ૨૦૦થી વધુ તબીબોને શાલ ઓઢાડી, મોઢું મીઠું કરી ડોક્ટર દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી.

આ પ્રસંગે નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતુ કે, બાળકના જન્મ પૂર્વે તેમજ જન્મ બાદ આજીવન તેઓના સુખમય સ્વાસ્થ્યની તકેદારી લેતા જીવન રક્ષક-તબીબોની સેવા અને સમર્પણને બિરદાવવા ‘રાષ્ટ્રીય ડોક્ટર દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે. ‘સફેદ એપ્રન પહેરતા દેવદૂત સમાન તબીબો માનવજાતિ માટે આશીર્વાદ સમાન છે, જેની પ્રતીતિ સમગ્ર વિશ્વને કોરોના મહામારી દરમિયાન સુપેરે થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે, દક્ષિણ ગુજરાતની સૌથી મોટી નવી સિવિલ હોસ્પિટલ દ્વારા લોકોના આરોગ્યની ખેવના રાખવામાં કોઈ કસર છોડવામાં આવતી નથી. તેમજ તબીબો સાથે નર્સિંગ સ્ટાફ દ્વારા જરૂરિયાતમંદ તમામ લોકોને નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવા પ્રદાન થતી

અનુસંધાન પાના ૭ પર

# તફાવતના સો ટકા નાણા જુલાઈમાં ચૂકવી દેવા સુધરાઈ મંડળની માંગ

**સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ દ્વારા આંદોલનની ચીમકી**

સુરત, તા.૦૨

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત સુરત કામદાર સ્ટાફ યુનિયન દ્વારા તારીખ ૨૧/૬/૨૦૨૪ ના રોજ મ્યુનિસિપલ કમિશનરની ગેરહાજરીમાં ડેપ્યુટી કમિશનર શ્રી ભોગાયતા અને શ્રીમતી સ્વાતિ દેસાઈને યુનિયનના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈને, ગુજરાત સરકાર દ્વારા જુલાઈ ૨૦૨૩ થી આપવામાં આવેલ મોંઘવારી ભથ્થાની સો ટકા રકમ જૂન પેઈડ ઈન જુલાઈમાં ચૂકવી આપવા માટે ભારે આક્રોશપૂર્વક

અનુસંધાન પાના ૭ પર

# રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી યોજના અમલી

**શાકભાજીના પ્રાકૃતિક પાક અંગે રૂા. ૨૦ હજાર સુધીની સહાય**

સુરત, તા.૦૨

દેશના નાગરીકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિને અપનાવવા આહવાન કર્યું છે. વડાપ્રધાનશ્રીના આહવાનને હકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ વિભાગે શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહન મેળે, તેવા નેક આશયથી આ વર્ષે નવી યોજના અમલમાં મૂકી છે.રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજનાની માહિતી આપતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક નાગરિકને રાસાયણીક ખાતર તેમજ

અનુસંધાન પાના ૭ પર

## ઉત્રાણથી ડીંકલ કુલેત્રા લાપતા

સુરત, તા.૦૨

ઉત્રાણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૭/૦૬/૨૦૨૪ના રોજ ઉત્રાણ વિસ્તારનાં રહે ઘર નં.એ/૯૦૪, વેદાંત એલીગન્સ, અબ્રામા રોડ, નંદ બંગ્લોઝની પાછળ, મોટાવરાછા ખાતે રહેતા દિનેશભાઈ કુલેત્રાની ૨૨ વર્ષિય દીકરી ડીંકલ કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે પાતળા બાંધાની, શરીરે રંગે ઘઉંવર્ણ છે અને ઉંચાઈ ૦૫.૦૦ ફુટ છે. જેણે શરીરે કેવા કપડા પહેરેલ છે તેની જાણ નથી. જે ગુજરાતી ભાષા બોલી તેમજ સમજી શકે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## વરાછાથી હસમુખભાઈ ડાખરા ગુમ

સુરત, તા.૦૨

વરાછા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૫/૦૬/૨૦૨૪ના રોજ વરાછા વિસ્તારનાં રહે ઘર નં. ૧૬, ત્રીજોમાળ, અંજના સોસાયટી ગેટ-૦૧, મંગલદીપ કોમ્પલેક્ષની બાજુમાં હીરાબાગ ખાતે રહેતા કાળુભાઈ ડાખરાના ૪૫ વર્ષિય દીકરા હસમુખભાઈ કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, શરીરે રંગે ઘઉંવર્ણ છે અને ઉંચાઈ ૦૫.૦૬ ફુટ છે. જેણે શરીરે કાળા ક્રીમ કલરનો ચેક્સ શર્ટ તથા ક્રીમ કલરનું પેન્ટ પહેરેલ છે તથા પગમા કાળા કલરના ચંપલ પહેરેલ છે. જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સચીનથી અમિષાબેન ગામીત લાપતા

સુરત, તા.૦૨

સચીન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૫/૦૬/૨૦૨૪ના રોજ સચીન વિસ્તારનાં રહે ડી-૩૩/૦૪, રોડ નંબર-૧૭, હોજીવાલા સુરેજ પોલીમર કંપનીની રૂમમાં, સચીન ખાતે રહેતા રસીકભાઈ ગામીતની ૨૮ વર્ષિય પત્ની અમિષાબેન કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગોરોવર્ણ છે અને ઉંચાઈ ૦૫.૦૫ ફુટ છે. જે હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જેના નાકમાં નથણી પહેરેલ છે અને જેના વાળ લાંબા છે જેઓએ ધોરણ-૦૯ સુધીનો અભ્યાસ કરેલ છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચીન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઉમરામાંથી વિદ્યા લીંબાણી ગુમ

સુરત, તા.૦૨

ઉંમરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૫/૦૬/૨૦૨૪ના રોજ ઉંમરા વિસ્તારનાં રહે ઘર નં.૮૦૪, સંસ્કાર બિલ્ડિંગ, રંગરાજ રેસીડેન્સી કેમ્પસ, આશારામ બાપુના આશ્રમ પહેલા, જહાંગીરપુરા ખાતે રહેતા ભરતભાઈ લીંબાણીની ૨૧ વર્ષિય દીકરી વિદ્યા કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે રંગે ઘઉંવર્ણ છે અને ઉંચાઈ ૦૫.૦૦ ફુટ છે. જેણે શરીરે બ્લેક પેન્ટ તથા પીન્ક શર્ટ પહેરેલ છે. જે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે.જેમનો ચહેરો લંબગોળ, આંખો કાળી અને ગાલ ઉપર જમણી બાજુ આગળના ભાગે તલનું નિશાન છે. તેનો અભ્યાસ હાલ્ રૂમ્ઝછ વનીતા વિશ્રામ કોલેજમાં ચાલુ છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉંમરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ગજરાત રાજ્યના મુખ્યમંત્રી કાર્યાલયને આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન

**ગુજરાતની ગુડ ગવર્નન્સ ગાથામાં વધુ એક સિમાચિન્હ**

સુરત, તા.૦૨

મુખ્યમંત્રી કાર્યાલયની ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુક્ત, સમયબદ્ધ અને પ્રજાલક્ષી સુચારૂ કામગીરીને આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ પ્રમાણિત કરતાં આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે.

વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે રાજ્યની વહીવટી કાર્યસંસ્કૃતિમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા સાથે ગુણવત્તા અને કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી કાર્યાલયને ૨૦૦૯મા ISO બેન્ચ માર્કની ક્વોલિટી ઉપર મૂક્યું હતું. રાજ્ય શાસનના સર્વોચ્ચ કેન્દ્ર એવા મુખ્યમંત્રી કાર્યાલયને જાહેર સેવાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સાતત્યપૂર્ણ સુધારાઓ સાથેના સમયબદ્ધ કાર્ય આયોજન માટે ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન પ્રથમવાર ૨૦૦૯માં એનાયત થયું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી ગુડ ગવર્નન્સની આ સીમાચિહ્નરૂપ કામગીરીને ગુજરાતની પ્રશાસનિક વ્યવસ્થાએ સતત જાળવી રાખી છે. ૨૦૦૯ થી ૨૦૨૩ સુધી સળંગ પાંચ ત્રિવાર્ષિક ISO સર્ટિફિકેશન મેળવનારા દેશના એકમાત્ર રાજ્ય તરીકે ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયે આ વિશેષ ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ‘સ્વાગત’ કાર્યક્રમ તથા ISO ઓડિટની પરંપરા પણ સફળતાપૂર્વક આગળ ધપી છે. આ સફળતાને પગલે મુખ્યમંત્રી કાર્યાલયને હાલ ૨૦૨૪ થી ૨૦૨૬ સુધીના સમયગાળા માટેની છઠ્ઠી સાયકલ માટે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ ISO સર્ટિફિકેશન ટેક્નોક્રેટ કન્સલ્ટન્ટના ડિરેક્ટર શ્રી ભાવિન

અનુસંધાન પાના ૭ પર

# સ્થાનિક બાળકોને એકલવ્ય શાળામાં પ્રવેશ આપવા માંગ

**સ્થાનિક વિદ્યાર્થીઓના હિતમાં કોંગ્રેસની માંગણી**

વઘઈ, તા.૦૨

ડાંગ જિલ્લા કોગ્રેસ સમિતિના યુવા મંત્રી સંતોષભાઈ ભુસારા દ્વારા ડાંગ જિલ્લાના અધિક કલેક્ટરશ્રીને આવેદન આપી એકલવ્ય શાળામાં ભણતા બાળકોને જિલ્લામાં જ ભણવા માટે પ્રાધાન્ય આપવા આવેદન પત્ર આપ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર આદિજાતી વિભાગ હસ્તકની રાજ્યમાં ચાલતી એકલવ્ય શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયાબાદ જ શાળાઓમાં એડમીશન આપવામાં આવે છે. જેમાં જિલ્લાના વિધ્યાર્થીઓને અન્ય જિલ્લાઓમાં ફેરબદલી કરી એડમીશન આપવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લાના બાળકોને પોતાના જિલ્લામાં જ પ્રાધાન્ય આપવામાં

અનુસંધાન પાના ૭ પર




**ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બોયઝ ચિલ્ડ્રન હોમ , કુકરવાડા ખાતે ૬૦ જેટલા બાળકોને વિનામૂલ્યે નોટબુક અને ડાયરાનો વિતરણ કરવામાં આવ્યો હતો જેમાં સંસ્થાના પ્રમુખ પરેશ મેવાડા તેમજ સંસ્થાની બહેનો વૈશાલી ચંદેલ ,અમિતાબેન રાણા ,નીતાબેન બારસાકવાલા ,સોનલબેન રાણા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.**




**હોપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા Doctro's day ને નિમિતે બધા ડોક્ટર્સ જે સમાજ માટે સારું કાર્ય કરી રહ્યા છે, અને જે મરીજો ને સ્વાસ્થ્ય અને શરીર ની બીમારીઓ થી સારવાર અને સમજણ આપે છે ,બધા ડોક્ટર્સ ને હોપ ચેરીટેબલ ટ્રસ્ટ શુભેચ્છા પાઠવી ને બહુ બહુ અભિનંદન પાઠવે છે**

# ખેતરમાં જંતુનાશક દવાનો ઉપયોગ અંગે ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર

**સુરત જિલ્લાના ખેડૂતો માટે જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા જાહેર સૂચના**

સુરત, તા.૦૨

સુરત જિલ્લાના ખેડૂતો માટે જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા ખેતરમાં જંતુનાશક દવાનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે એક માર્ગદર્શિકા જાહેર કરાય છે. જે અનુસાર જંતુનાશક દવાઓ બાળકોની પહોંચથી દૂર જ રાખવી જોઈએ. શક્ય હોય તો તેને એક રૂમમાં રાખીને તાળું મારી દેવું જોઈએ. જંતુનાશક દવાનો ઉપયોગ કરતાં પહેલા પેકિંગ પર લખેલી સૂચના કાળજીપૂર્વક વાંચવી જોઈએ. જંતુનાશક દવાનાં પેકિંગ પર સમાપ્તિ તારીખ તપાસવી અને સમાપ્તિ તારીખ પહેલા જ જંતુનાશક દવાઓ ઉપયોગ કરવો જોઈએ. જંતુનાશક દવાનો છંટકાવ શરૂ કરતાં પહેલા સ્પ્રેયર (દવા છાંટવાનો પંપ) સારી હાલતમાં છે કે નહીં તેની ચકાસણી કરી લેવી જોઈએ. ટપકતા અને તૂટેલા સ્પ્રેયરનો ઉપયોગ કરવો નહીં. અને જંતુનાશક દવાનાં પ્રવાહી મિશ્રણને સ્પ્રેયરની ટાંકીમાં ભરતી વખતે ગળણીનો ઉપયોગ અવશ્ય કરવો. પ્રવાહી મિશ્રણ ઉભરાય નહીં તેની ખાસ કાળજી રાખવી જોઈએ. જંતુનાશક દવાનો છંટકાવ કરતાં પહેલા છંટકાવ કરનારે હાથ મોજા, માસ્ક, પ્રોટેક્ટિવ કપડાં, ચશ્માં તથા ગમબુટ અવશ્ય પહેરવા જોઈએ. વાતાવરણ શાંત હોય ત્યારે સવારે અથવા સાંજે જંતુનાશક દવાનો છંટકાવ કરવો જોઈએ. દવાનો છંટકાવ કરતી વખતે સમયે શરીર પર જંતુનાશક દવા ન પડે તેની ખાસ કાળજી રાખવી. હંમેશા પવનની દિશામાં જંતુનાશક દવાનો છંટકાવ કરવો જોઈએ. જંતુનાશક દવાને શ્વાસમાં જતી અટકાવવા લાન્સ તથા

અનુસંધાન પાના ૭ પર

# નિરવ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક નોટબુક વિતરણ

અંકલેશ્વર, તા.૦૨

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અંકલેશ્વર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને નિરવ મેમોરીયલ ટ્રસ્ટ તરફથી નોટબુક અને ફુલસ્કેપ રજીસ્ટર નું વિતરણ કરવામાં આવ્યું. ઈશ્વર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને મ્યુનિસિપલ સભ્ય શ્રી સંદીપ પટેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અંકલેશ્વરના અધ્યક્ષ શ્રી ગણેશ અગ્રવાલ ઉપાધ્યક્ષ શ્રી રમણભાઈ પટેલ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના



સભ્યશ્રીઓ, શિક્ષક સંઘના પ્રમુખ ગજેન્દ્ર પટેલ ની ઉપસ્થિતિમાં આદર્શ બુનીયાદી નોબારીયા પ્રાથમિક શાળા ખાતે મુખ્ય શિક્ષક શ્રી ઓને નોટબુક અને ફૂલ સ્કેપ રજીસ્ટરનું વિતરણ કરવામાં આવ્યું. પ્રસંગે આયોજક શ્રી પ્રવીણભાઈ મોદીએ શ્રી બાબુભાઈ અંબાલાલ પટેલ, તથા સંદીપ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડીંડોલીમાં મળસ્કે ઘરમાં ઘૂસી અજાણ્યાનો દંપતિ પર હુમલો

## લૂંટનાં ઈરાદે હુમલો કરાયો હોવાની આશંકા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૨

સુરતના ડીંડોલી વિસ્તારની ડ્રિમવિલા સોસાયટીમાં આજે મળસ્કે એક ઘરમાં ઘુસી અજાણ્યાએ દંપતી ઉપર જીવલેણ હુમલો કરતા પોલીસ દોડતી થઈ હતી. મળસ્કે ૪.૩૦ વાગ્યાની આસપાસ ઘૂસેલો અજાણ્યો લૂંટના ઈરાદે કે અન્ય કોઈ ઈરાદે આવ્યો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

બનાવ અંગે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી પ્રાથમિક વિગતો મુજબ સુરતના ડીડોલી વિસ્તારની ડ્રિમવિલા સોસાયટીમાં હાલ નવા મકાનોનું બાંધકામ થઈ રહ્યું છે. આ મકાનોની સામેના એક મકાનમાં આજે મળસ્કે ૪.૩૦ વાગ્યે એક અજાણ્યો ઘુસ્યો હતો. તે સમયે ત્યાં રહેતું દંપતી જાગી જતા અજાણ્યાએ ચપ્પુ વડે તેમના ઉપર હુમલો કર્યો હતો અને ફરાર થઈ ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત દંપતીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયું હતું. બનાવની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ ડીડોલી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને અજાણ્યો લૂંટના ઈરાદે કે અન્ય કોઈ ઈરાદે આવ્યો હતો તે અંગે તપાસ કરી રહી છે.



# રોટરી ક્લબ અંકલેશ્વરનો ૪૮મો પદ ગ્રહણ સમારોહ યોજાયો

## કાર્યક્રમમાં મહંત શ્રી મનોહર દાસજીની વિશેષ ઉપસ્થિતિ

અંકલેશ્વર, તા.૦૨

રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર નો ૪૮મો પદ ગ્રહણ સમારંભ યોજવામાં આવ્યો. સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત અંકલેશ્વરનો ૪૮ ગ્રહણ સમારંભ ગુમાનદેવ મંદિરના મહંત શ્રી મનમોહનદાસજી ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો. વર્ષ ૨૦૨૪ - ૨૫ ના કાર્યકાળ માટે પ્રમુખ તરીકે સુનીલ નેવે, સેક્રેટરી. વલકેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી ડો, રોમશા રાજપુરોહિત, વોઈસ પ્રેસિડન્ટ કિશોર સુરતી, પ્રેસિડન્ટ ઈલેક્ટ પંકજ ભરવાડા, ક્લબ ટ્રેનર અર્પણ સુરતી, ફાઉન્ડેશન ચેર મીરાં પંજવાણી, મેમ્બરશીપ ચેર સુનિલ નાડ કર્ની, પબ્લિક ઈમેજ ચેર ગજેન્દ્ર પટેલ, ટ્રેઝરર મહાવીર જૈન, સર્વિસ પ્રોજેક્ટ ચેર મનીષ શ્રોફ, ઈમિડીયેટ પાસ્ટ પેસિડન્ટ ઘનશ્યામ ગજેરા, બુલેટિન એડિટર અનિતા કોઠારી, સરજેંત ઓફઆર્મ્સ દિલીપ પાટીલ ની વ રણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઈન્સ્ટોલિંગ ઓફિસર તુષાર શાહ, અધિક નિવાસી કલેકટર શ્રી એન આર ધાંધલ, ઓએનજીસી મેનેજર શ્રી વિજયકુમાર ગોખલે, કલામંદિર જ્વેલર્સ ડિરેક્ટર શ્રી શરદ શાહ, શ્રી અશોક પંચવણી સહિત રાતડીયા નો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સોરઠ
**પહેલા પાનાનું ચાલુ**

બાંટવા, મોડદરનો રોડ પણ આજે બીજજા દિવસે પણ બંધ પડયો છે. ગરેજ, બળેજના રોડ પર પાણી ફરી વળતા આ રોડ પર વાહન વ્યવહાર બંધ થઇ જવા પામ્યો છે.

જુનાગઢનો વિલિંગ્ડન ડેમ બે કાંઠે વહી રહ્યો છે. સોનરખ નદી, કાળવો બે કાંઠે વહી જતા કાળવાના પાણી ફરી લક્ષ્મીનગર, આલ્ફા સ્કુલ સહિતના વિસ્તારોમાં પાણી ફરી વળતા લોકો ગત વર્ષની યાદ તાજી થવા પામી હતી.

નરસિંહ મહેતા સરોવર અને દામોદર કુંડમાં નવા નીર સીઝનના પ્રથમવાર આવવા પામ્યા છે. નરસિંહ મહેતા સરોવરનું રિનોવેશન બે વર્ષથી

ચાલુ હોય આ વર્ષે પ્રથમવાર નરસિંહ મહેતા સરોવરમાં પાણી ભરાયું છે.

ઘેડ પંથકમાં ઉપરાંત ઓઝત નદીના કાંઠાના વિસ્તારોમાં માટીના પારાનું ધોવાણ થવા પામ્યાનું જાણવા મળી રહ્યું છે. મધુવંતી નદીમાં ભારે પુરના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણીમાં ગરકાઇ થઇ જવા પામ્યા છે.

વંથલીમાં ભારે વરસાદના કારણે સાંતલપુર, મેઘપુર, નાવડા, પીપલાણા સહિતના ગામડાઓ ઉપરાંત ટીકર ગામડાઓ બેટમાં ફેરવાઇ જવા પામ્યા છે. આજે સવારથી મેઘરાજાએ વિરામ લીધો છે.

ભારે વરસાદને પગલે જુનાગઢ જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આજ ૨ જુલાઇએ જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. સાથે જ સ્ટાફને હેડ કવાર્ટર ન છોડવાના આદેશ પણ આપવામાં આવ્યા છે.

### રાહુલ ગાંદીએ
**પહેલા પાનાનું ચાલુ**

અખિલેશે કહ્યું- યુપીમાં યોજાયેલી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક થયા હતા. દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષા (NEET)નું પેપર પણ લીક થયું છે. સરકાર પેપર લીક કરાવી રહી છે, જેથી લોકોને નોકરી ન આપવી પડે.

### આસામમાં
**પહેલા પાનાનું ચાલુ**

તમ્હિની ઘાટમાં ફરવા ગયેલો એક યુવક પાણીમાં કૂદી પડ્યા બાદ ભારે વહેણમાં તણાઈ ગયો હતો. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. ૧ જુલાઈના રોજ રાયગઢ જિલ્લાના માનગાંવમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. અગાઉ લોનાવલાના ભૂશી ડેમમાં તણાઈને ૫ લોકોના મોત થયા હતા.ૈંસ્ઙ એ મંગળવારે (૨ જુલાઈ) આસામ, મેઘાલય અને ઉત્તરાખંડમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ગુજરાત, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, બિહાર, ગોવા, મહારાષ્ટ્ર, તમિલનાડુ સહિત ૨૭ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. , કેરળ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, કર્ણાટકનો સમાવેશ થાય છે. ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ઙ)ના પ્રમુખ મૃત્યુંજય મહાપાત્રાએ સોમવારે વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે જુલાઈમાં દેશભરમાં ૧૦૬% વરસાદ પડશે. જૂનના છેલ્લા ચાર દિવસમાં ચોમાસાએ જે ગતિ પકડી છે તે જુલાઈમાં પણ ચાલુ રહેવાની ધારણા છે. જુલાઈના અંત સુધીમાં લા નીનાની સ્થિતિ ઊભી થવાના સંકેતો છે, જે વરસાદ માટે સાનુકૂળ સાબિત થશે. જુલાઈમાં ભારે વરસાદને કારણે, પશ્ચિમ હિમાલયન રાજ્યો (જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) અને મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના નદીના તટપ્રદેશમાં પૂરનો ભય છે. જો કે, પૂર્વોત્તર રાજ્યોમાં સામાન્ય કરતાં ઓછા વરસાદની શક્યતાને કારણે પૂરની ઓછી સંભાવના છે.

ચોમાસાના પ્રથમ મહિનામાં જૂન મહિનામાં ૧૦.૯% વરસાદની ઘટ રહી છે. સામાન્ય રીતે ૧૬૫.૩ મીમી વરસાદ પડવો જોઈતો હતો, પરંતુ ૩૦ જૂન સુધી માત્ર ૧૪૭.૨ મીમી વરસાદ નોંધાયો હતો. ૮ થી ૨૬ જૂનની વચ્ચે સતત સામાન્ય કરતાં ઓછો વરસાદ રહ્યો હતો.

### અદાણી જૂથને
**પહેલા પાનાનું ચાલુ**

હતું પરંતુ ત્યારબાદ સેબીએ વધુ તપાસ કરવામાં અસમર્થતા દર્શાવી દીધી હતી. હિંડનબર્ગ દ્વારા એમ પણ જાહેર કરવામાં આવ્યું છે કે અદાણી અને હિંડનબર્ગ એમ બન્ને મુદ્દાઓ પર કામ કરતા સેબીના અધિકારીઓના નામ ખુલ્લા પાડવા માટે માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી માંગશે. ઉપરાંત સેબી તથા અદાણી વચ્ચેની મીટીંગની પ્રાથમીક વિગતો મેળવવા માટે પણ અરજી કરશે. સેબી દ્વારા હિંડનબર્ગને ૪૬ પાનાની નોટીસ ફટકારવામાં આવી છે તેમાં કંપનીએ જાન્યુઆરી ૨૦૨૩માં જારી કરેલા રિપોર્ટમાં લોકોને ગેરમાર્ગે દોરવા માટે ખોટી બાબતે દર્શાવવામાં આવી છે.

### હું રાજ્ય
**પહેલા પાનાનું ચાલુ**

કરી શકો. તમે અચાનક ઊભા થઈ જાઓ અને કંઈપણ સમજ્યા વિના કંઈપણ બોલો. આ દેશના ઈતિહાસમાં અને સંસદીય લોકશાહી અને રાજ્યસભાની કાર્યવાહીમાં સ્પીકર માટે આટલી તિરસ્કાર ક્યારેય થઈ નથી. તમારા માટે વિચારવાનો સમય આવી ગયો છે. તમારી પ્રતિષ્ઠા પર ઘણી વખત હુમલો થયો છે. મેં હંમેશા તમારી પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાનો પ્રયાસ કર્યો છે.

### ગુજરાતમાં
**પહેલા પાનાનું ચાલુ**

લાગુ થઈ જવાની સંભાવના છે. જોકે નવા કાયદાઓનો સંપૂર્ણ અમલ થવામાં ૩ થી ૪ વર્ષ લાગી શકે છે. કારણ કે નવા કાયદાને અનુરૂપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ થવામાં સમય નિકળી શકે છે.

તેઓએ કહ્યું હતું કે નવા ફોજદારી કાયદાનો પોલીસ સ્ટેશનોમાં સંપૂર્ણ અમલ કરાવવા માટે રાજ્યોને છુટછાટો-સ્વતંત્રતા આપવામાં આવી છે. તેઓએ એવી પણ ચોખવટ કરી હતી કે સીઆરપીસીનાં ધોરણે જ નવા કાયદામાં મહતમ ૧૫ દિવસની રીમાંડની જોગવાઈ યથાવત રાખવામાં આવી છે.

### એક દાયકામાં
**પહેલા પાનાનું ચાલુ**

હતો. લોકોને શેરબજારમાંથી પણ સારૂ રીટર્ન મળી રહ્યું છે. બેંકોના વ્યાજ કરતા સારો ફાયદો થાય છે. બેંકોમાં સરેરાશ ૭થી ૮ ટકા રિટર્ન મળે છે. પરંતુ શેરબજારમાં ભારે નફો છે.

કોરોના બાદ બચત તો ઘટી છે પરંતુ લોન લેવાની પ્રવૃતિમાં વધારો થયો છે. મિલ્કત કે વાહન ખરીદવા માટે લોકો સરળતાથી લોન લેવા પહોંચી જાય છે. ખેતી અને ધંધા માટે લોન લેવાઈ રહી છે. કોરોનાના સમયગાળા દરમિયાન બચતમાં ડરના કારણે થોડો વધારો થયો હતો. પરંતુ આ બાદ લોન લેવાનું ચલણ વધી ગયું છે.

### સલમાન ખાનની
**પહેલા પાનાનું ચાલુ**

બ્રાર અને અમોલ બિશ્નોઈની રાહ જોઈ રહ્યા હતા કે તેઓ સલમાનને મારવાના આદેશ આપે. અન્ય આરોપી કશ્યપે વાતચીતમાં કહ્યું, 'સલમાન ખાનને બુલેટ પ્રૂફ કારમાં ફરવા દો, અમારા શૂટર્સ તેને મારી નાખશે.'

### ચીનનું
**પહેલા પાનાનું ચાલુ**

રસપ્રદ વાત એ છે કે, આ શહેરની વસ્તી પાંચ લાખથી વધુ હોવાનું કહેવાય છે. ઈમારતો નદીના કિનારે ઉભેલી હોવાથી એને થાંભલાની મદદથી બનાવવામાં આવી છે જેથી પુર આવે તો પણ પાણી નીચે જ રહે. ઘણાને એવો પ્રશ્ન થતો હશે કે દેખાવે ભલે ટુરીસ્ટ ડેસ્ટીનેશન લાગે પણ આ શહેરમાં લોકો કાયમી વસવાટ કેમ કરતા હશે ? હકીકતમાં અહીં લોકો પેઢીઓથી રહે છે અને એટલે જ પોતાના શહેરને છોડવા નથી માંગતા.

### જ્યોર્જિયામાં
**પહેલા પાનાનું ચાલુ**

ગઈ હતી અને ગાર્ડરેલને અથડાયા બાદ સળગી ગઈ હતી. એટલું જ નહી, વાનનું મેઈન્ટેનન્સ પણ યોગ્ય રીતે કરવામાં નહોતું આવ્યું તેવો આરોપ પણ ફરિયાદ પક્ષે મૂક્યો હતો. આ ૧૬૨ મિલિયન ડોલરની રકમમાંથી ૧૬ ફરિયાદીઓને વળતર પ્રાપ્ત થશે.

### રૂપવેલ ગામે
**છઠ્ઠા પાનાનું ચાલુ**

સરપંચને વારંવાર મૌખિક અને લેખિત રજુઆતો કરાયેલ પરંતુ રૂપવેલ ગ્રામ પંચાયતે જ બનાવેલા રસ્તાની બાજુમાં જે.સી.બી થી ખાડો ખોદેલ અને રસ્તાની નીચેથી ગંદાપાણીના નિકાલ માટે પાઈપલાઈન મુકીને સમગ્ર વિસ્તારમાં ગંદકી ફેલાવેલ અને આ ગંદકી ભર્યા વિસ્તારની બાજુમાં જ રેશનિંગ ની દુકાન, આંગણવાડી, પ્રાથમિક શાળા, ગ્રામ પંચાયત મકાન અને રાધા કિશન વિધયાલય આવેલ હોવાથી હજું પણ મોટા પાયે રોગચાળો ફેલાવાની પુરે પુરી શકયતાઓ રહેલી છે. અને આ બાબતે નવસારી જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારી ને આ બાબતે રજુઆતો કરતાં તેઓએ પણ કોઈ પણ પ્રકારની કાર્યવાહી નહીં કરતાં રૂપવેલ ગામ ના લોકો નું આરોગ્ય જોખમમાં મુકાયેલ છે.

આ આવેદનપત્ર વાંસદા તાલુકાના મંત્રી કલ્પનાબેન પટેલ, નટુભાઈ પટેલ, ઈશ્વરભાઈ હળપતિ અને આદિવાસી સેના ના રાષ્ટ્રીય પ્રમુખ ડૉ.પંકજભાઈ પટેલ વગેરેનાઓ દ્વારા આપવામાં આવ્યુ હતું.

### ડુમસ જમીન
**છઠ્ઠા પાનાનું ચાલુ**

માં પ્રાંત અધિકારી દ્વારા સદરહું જમીન અન્વયે તપાસ કરતાં સદરહું જમીન સરકારશ્રીની હોય તેવું જાણવા મળેલ હતું અને વર્ષ ૨૦૧૫ માં સીટી પ્રાંત દ્વારા આ જમીન બાબતે રિપોર્ટ કરવામાં આવેલ હતો અને આ રિપોર્ટમાં જણાવેલ હતું કે આ જમીન સરકારશ્રીની છે અને ખોટી રીતે ગણોતિયાઓના નામ દાખલ કરવામાં આવેલ છે. ગુજરાત ગણોત ધારાની જોગવાઈઓ તેમજ અન્ય કોઈપણ કાયદાઓની જોગવાઈઓ મુજબ સરકારી જમીનમાં ગણોતિયાઓના નામ દાખલ થઈ શકે તેમ નથી. તેમ છતાં તત્કાલીન સુરત કલેકટર "આયુષ ઓક" દ્વારા તેમની બદલીના ૨ દિવસ પહેલા મહામૂલી અને કિંમતી સરકારી જમીનમાં ખોટી રીતે ગણોતિયાના નામ દાખલ કરી દેવામાં આવેલ છે. જે બાબતે અમોએ મુખ્યમંત્રીશ્રી ગુજરાત, તકેદારી આયોગ, મહેસૂલ વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગમાં તાઃ ૨૦/૦૫/૨૦૨૪ ના પત્રથી લેખિત ફરિયાદ કરેલ હતી (બિડાણ-૧). જયારબાદ ગુજરાત સરકાર દ્વારા કલેકટર આયુષ ઓકને સસ્પેન્ડ કરી દેવામાં આવેલ હતા (બિડાણ-૨). જે ઉપરથી સાબિત થાય છે કે સદરહું જમીનમાં ખોટી રીતે ગણોતિયાઓના નામ દાખલ કરવા અન્વયે ખૂબ મોટી રકમની લાંચ સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક દ્વારા લેવામાં આવેલ છે.

સદરહું સર્વે નં. ૩૧૧/૩ વાળી જમીનની હાલમાં બજાર કિંમત અંદાજિત ૨૦૦૦ કરોડ રૂપિયા જેટલી છે જેથી કલેકટર આયુષ ઓક દ્વારા ગણોતિયાઓના નામ દાખલ કરવા માટે કરોડો રૂપિયાની લાંચ લેવામાં આવેલ છે એવું અમારું સ્પષ્ટ માનવું છે. તેમજ લાંચ રૂશ્વત અધિનિયમની કલમ ૭ વ્યાખ્યા મુજબ સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક દ્વારા સરકારી જમીનમાં ગણોતિયાના નામ દાખલ કરવા માટે તેમની તરફેણ કરેલ છે જે ગુજરાત સરકારને પણ પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવેલ છે. જેથી સરકાર દ્વારા કલેકટર આયુષ ઓકને સસ્પેન્ડ કરી દેવામાં આવેલ છે. જેથી લાંચ રૂશ્વત અધિનિયમની કલમ-૭ મુજબ સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક સંપૂર્ણપણે જવાબદાર છે. અને તેમની સામે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરવી આવશ્યક છે.

લાંચ રૂશ્વત અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૩ ની વ્યાખ્યા મુજબ જો કોઈ રાજ્ય સેવકે રાજ્ય સેવક તરીકેના પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી પોતાના માટે અથવા કોઈ અન્ય વ્યક્તિ માટે નાણાકીય લાભ મેળવેલ હોય તો તે આ અધિનિયમ મુજબ જવાબદાર ગણાશે. આમ, સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓકે સરકારી જમીનમાં ગણોતિયાના નામો દાખલ કરવા માટે તેમની સત્તાનો દૂરપયોગ કરેલ છે.

### અનલોક
**છઠ્ઠા પાનાનું ચાલુ**

રહયા છે, આથી તેઓને પોઝીટીવ બાબતો પર ફોકસ કરવો પડશે. બિઝનેસમાં અને જીવનમાં શું જોઇએ છે તેના પર ફોકસ કરવો પડશે, જો ફોકસ નહીં હશે તો જોઇતું સામે હશે છતાં એ ઓળખી શકાશે નહીં. તેમણે કહયું કે તમારુ મન તમારી બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરી શકે છે પણ એના માટે મનને સકારાત્મક રીતે જુદી જુદી દિશામાં વ્યસ્ત રાખવું પડશે. તેમણે જણાવ્યું હતું કે, દર મહિને નવું શીખો, નવી બાબતોને ટ્રાય કરો. જીવન તમારા હિસાબથી નહીં પણ તમારા પોટેન્શીયલથી ચાલશે. બિઝનેસ હોય કે જીવન, એના માટે પ્રોડકટીવિટી વધારવી પડશે.

વધુમાં, શ્રી સિંઘે જણાવ્યું હતું કે, બિઝનેસ કે જીવનમાં આવતી દરેક મુશ્કેલી તમને નેકસ્ટ લેવલ પર પહોંચાડે છે, જો તમે એને ફેસ કરવા માટે તૈયાર છો તો જીવન તમને આનંદ આપશે. મગજને સતત વેરાયટીઓ આપવાનું ચાલુ રાખો. ફિઝિકલી તમને અટકાવી શકાશે પણ મેન્ટલી તમને કયારેય કોઇ રોકી શકશે નહીં. જીવનમાં પર્પઝ શોધવામાં વ્યસ્ત થવાને બદલે તમે જેમાં સારા છો તેમાં વેલ્યુ એડેડ કરીને આગળ વધો. તેમણે ઉદ્યોગ સાહસિકોને ટુ ડુ લીસ્ટ બનાવવા અને મગજના ઈનબોકસને કયારેય પૂર્ણ નહીં થવા દેવા સૂચન કર્યું હતું.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સુરતના ઉદ્યોગ સાહસિકો અને યુવાઓ સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમની રૂપરેખા આપી વકતાનો પરિચય આપ્યો હતો. ગૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇએ સેશનનું સંચાલન કર્યું હતું. વકતાએ ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

### નર્સિંગ
**છઠ્ઠા પાનાનું ચાલુ**

હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. દર્દી અને ડોક્ટર વચ્ચેની પરસ્પર આત્મીયતાની વાત કરતા તેમણે કહ્યુ કે, ડોકટરનું એક સ્મિત દર્દી માટે દવાથી વધારે અસરકારક સાબિત થાય છે.

વધુમાં કડીવાલાએ કોરોના મહામારી, રેલ કે પ્લેગ જેવી આફતના સમયે ખડેપગે રહી માનવજીવનને સંકટમાંથી ઉગારતા તબીબોની સેવાને બિરદાવી હતી. સાથે જ આરોગ્ય ક્ષેત્રે સિક્કાની એક તરફ ડોક્ટર તો બીજી તરફ નર્સને ગણાવી તેમણે તબીબી સેવાઓમાં નર્સની મહત્વની ભૂમિકા વર્ણવી હતી. તેમણે કહ્યું કે, બિમારી સાથે આવનાર દર્દીઓને ડોકટરો પારિવારીક સભ્યોની જેમ હૂંફ આપી સારવાર કરી દર્દીઓને સારૂ સ્વાસ્થ્ય અર્પણ કરે છે.

આ પ્રસંગે તબીબી અધિક્ષક ડો.પ્રિતી કાપડીયા, આર.એમ.ઓ. ડો.કેતન નાયક, સરકારી મેડિકલ કોલેજના ડીન ડો.રાગિણી વર્મા, એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ ડો.ધારિત્રી પરમાર, ટી.બી. ચેસ્ટ વિભાગના વડા ડો.પારૂલ વડગામા, મેડિસીન વિભાગના ડો. કે.એન.ભટ્ટ, હાડકા વિભાગના ડો.હરિ મેમન, દાંત વિભાગના ડો ગુણવંત પરમાર રેડિયોલોજિસ્ટ ડો.પૂર્વી દેસાઇ, બાળરોગ વિભાગના બાળરોગ ડો જિગીષા પાટડીયા, ફિટલ મેડિસીનના ડો. બિનોદીની મહેન્દ્રસિંહ ચૌહાણ, માનસિક વિભાગના ડો.કમલેશ દવે, ડો.અશ્વિન વસાવા, ડો. ઋતુંભરા મહેતા સહિત તમામ વિભાગના રેસિડન્ટ ડોક્ટરોનું સન્માન કરાયુ હતું.

આ પ્રસંગે લોકલ એસો.ના પ્રમુખશ્રી અશ્વિન પંડયા, સિવિલ હોસ્પિટલના નિલેશ લાઠીયા સહિત સિવિલના ડોક્ટરો, હેડનર્સ, સ્ટાફનર્સ ઉપસ્થિત રહ્યા હતા.

### તફાવતના
**છઠ્ઠા પાનાનું ચાલુ**

અને સૂત્રોચાર સાથે રજૂઆત કરી હતી. તેમજ જો સો ટકા તફાવતના નાણા જુલાઈ માસના પગારમાં ચૂકવવામાં ન આવશે તો, પહેલી જુલાઈના રોજ વધુ આક્રમક કાર્યક્રમ આપવાને ચીમકી આપી હતી. આજરોજ સુરત મહાનગરપાલિકાના પેન્શનરોને જૂન માસનું પેન્શન મળેલ છે. જેમાં ૧૧ માસના મોંઘવારી ભથ્થાના તફાવતના નાણા તથા જૂન માસથી મોંઘવારી ભથ્થાની રકમ ઉમેરીને ચૂકવવામાં આવેલ છે. આમ સુરત સુધરાઇ કામદાર સ્ટાફ યુનિયન તરફથી કરવામાં આવેલ આક્રમક રજૂઆતને કારણે સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓ તથા પેન્શનરોને મોંઘવારીની ૧૦૦% રકમ પૂરેપૂરી મળી શકેલ છે. જેનાથી કર્મચારીઓ અને પેન્શનરોમાં આનંદ અને ઉત્સાહની લાગણી ફેલાઈ છે. જે માટે તમામ કર્મચારીઓ અને પેન્શનરોએ સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયનનો આભાર વ્યક્ત કરેલ છે. તેમ એક અખબારી યાદીમાં યુનિયનના પ્રમુખ મોહમ્મદ ઈકબાલ શેખ અને મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિએ જણાવ્યું છે.

### રાજ્ય સરકાર
**છઠ્ઠા પાનાનું ચાલુ**

જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના ઉત્પાદિત કરેલા શાકભાજી પાકો સરળતાથી મળી રહે તે માટે "શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના" અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ શાકભાજીની ખેતી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરતા હોય તેવા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઇનપુટ ખેતી ખર્ચ તથા શાકભાજીની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે મહત્તમ રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં રૂ. ૧૦૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે.

### ગુજરાત રાજ્યના
**છઠ્ઠા પાનાનું ચાલુ**

વોરા તથા સર્ટિફાઇંગ એજન્સી-બ્યુરો વેરિટાસના અધિકારીઓ દ્વારા અર્પણ કરવામાં આવ્યું હતું.

### સ્થાનિક બાળકોને
**છઠ્ઠા પાનાનું ચાલુ**

આવે તે ઇચ્છનીય છે તેમ જણાવી, આજરોજ ડાંગ જિલ્લા કોગ્રેસ સમિતિના યુવા મંત્રી સંતોષભાઇ ભુસારા દ્વારા ડાંગ જિલ્લાના વિધ્યાર્થીઓને જિલ્લામાં જ એડમીશન મળે તેઓ હેરાન ન થાય તે દિશામાં યોગ્ય નિર્ણય લેવા આજરોજ ડાંગ જિલ્લા અધિક કલેક્ટરને આવેદન આપી રજુઆત કરી હતી. આ સાથે જ વિપક્ષનુ સાંભળવામાં આવતું નથી તેવો આક્ષેપ યુવા મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો.

### ખેતરમાં
**છઠ્ઠા પાનાનું ચાલુ**

નોઝલને વધુ ઊંચાઈએ રાખી છંટકાવ કરવો નહીં. જંતુનાશક દવાનો છંટકાવ કર્યા પછી પાણી પીતા, જમતા પહેલા, કોઈપણ વસ્તુ ખાતા કે ચાવતા પહેલા કે ધૂમ્રપાન કરતાં પહેલા હંમેશા હાથ-મોં સાબુથી ધોવા જોઈએ. જંતુનાશક દવા છાંટતી વખતે બેચેની જણાય તો તરત જ છંટકાવ બંધ કરવો અને ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. જંતુનાશક દવા વાપરી હોય તેવા ડબ્બાનો સંગ્રહ કરવા કે અન્ય કોઈપણ ઉપયોગ માટે વાપરવા જોઈએ નહીં. દવાના વરાયેલા ખાલી ડબ્બાઓ, બોટલોને તોડીને તેનો નાશ કરવો જોઈએ. જંતુનાશક દવાનો છંટકાવ પૂરો કર્યા પછી સાબુથી સ્નાન કરવું. પહેર્યા હોય તે કપડાંને પાણીથી ખૂબ સારી રીતે ધોવા જોઈએ.

### બારડોલીમાં
**છેલ્લા પાનાનું ચાલુ**

છેલ્લા ત્રણ દિવસથી સાંબેલાધાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં સુરત જિલ્લાનું બારડોલી મહુવા, પલસાણા તાલુકો સૌથી વધુ પ્રભાવિત થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં બારડોલીમાં સાંબેલાધાર ૯.૫ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જેથી બારડોલી તાલુકાના માણેકપુર ગામે આવેલ પ્રાથમિક શાળા બેટમાં ફેરવાય હતી.

છેલ્લા ૨૪ કલાકમાં સુરત જિલ્લામાં પડેલા વરસાદની વાત કરીએ તો બારડોલીમાં ૯.૫ ઇંચ, પલસાણા : ૭.૮ ઇંચ, મહુવા : ૭ ઇંચ, કામરેજ : ૪ ઇંચ, માંડવી : ૩.૫ ઇંચ, માંગરોળ :૨ ઇંચ, ઓલપાડ :૪ ઇંચ, ચોયાસી : ૧.૨૫ ઇંચ વરસાદ આવ્યો છે. સુરત જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સાંબેલાધાર વરસાદ આવ્યો છે.

### ગઈકાલે
**છેલ્લા પાનાનું ચાલુ**

વાગ્યા સુધીમાં ૩૦૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. સુરત જિલ્લામાં ૧૨ કલાકમાં સૌથી વધુ બારડોલીમાં ૧૦૫ મી.મી. જ્યારે સૌથી ઓછો ચોર્યાસી તાલુકામાં ૧૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

સુરત જિલ્લાના વિવિધ તાલુકા પ્રમાણે વરસાદની વિગતો જોઈએ તો, બારડોલીમાં ૧૦૫ મી.મી., મહુવામાં ૭૧ મી.મી., પલસાણામાં ૬૭ મી.મી., ઓલપાડમાં ૫૧ મી.મી., માંડવી તાલુકામાં ૪૧ મી.મી., કામરેજ તાલુકામાં ૪૬ મી.મી., માંગરોળ તાલુકામાં ૩૨ મી.મી., ઉમરપાડા તાલુકામાં ૩૦ મી.મી. અને ચોર્યાસી તાલુકામાં ૧૮ મી.મી. જ્યારે સુરત શહેરમાં ૪૧ મી.મી. વરસાદ નોંધાયો હતો.

### સુરત શહેરની
**છેલ્લા પાનાનું ચાલુ**

ફ્લડ કંટ્રોલરૂમ ના અધિકારીઓ દ્વારા જાણવા મળ્યું હતું.

મનપાના ફ્લડ કંટ્રોલરૂમ ના જણાવ્યા અનુસાર, સુરત શહેર ના વિવિધ જોનોમાં કુલ પાંચ ખાડીઓ આવેલી છે. જેના નામ આ પ્રમાણે છે. કાકરા ખાડી, ભેદવાડ ખાડી ,મીઠી ખાડી, ભાઠેના ,સીમાડા ખાડી..

દરેક ખાડી ના ભયજનક અને હાલના લેવલની વિગતો આ પ્રમાણે છે, કાકરાખાડી ની ભયજનક સપાટી ૮.૪૮ મીટર, આજે સવારે ૯ કલાક નું લેવલ ૬ મીટર, ભેદવાડ ખાડી ની ભયજનક સપાટી ૬.૭૫ મીટર, હાલનું લેવલ ૬. ૬૦ મીટર, લિંબાયત મીઠી ખાડી ૯.૩૫ મીટર, હાલનું લેવલ ૭.૮૫મીટર, ભાઠે ના ખાડી ની ભયજનક સપાટી ૮.૨૫ મીટર, હાલનું આજે સવારનું લેવલ ૬.૦૦ મીટર, સીમાડા ખાડી ની ભયજનક સપાટી ૪.૫૦ મીટર, હાલનું લેવલ ૩.૦૦ મીટર હોવાનું ફ્લડ એ કંટ્રોલરૂમ દ્વારા જાણવા મળ્યું હતું.

ઉપરવાસમાં વરસાદનું પ્રમાણ સતત રહેતા ખાડીઓમાં પાણીનો આવરો પણ વધતા શહેરની પાંચેય ખાડીઓનું જળસ્તર માં વધારો થતા મનપાનું તંત્ર એલર્ટ થઈ ગયું છે. જોકે હાલના તબક્કે દ્વારા ખાડીઓની આસપાસ માં રહેતા લોકોને સ્થળાંતરિત કરવાની કોઈ સૂચના આપવામાં આવી નથી એવું પણ મનપાના ફ્લડ કંટ્રોલરૂમ ના અધિકારીઓએ જણાવ્યું હતું .

### સુરતમાં આજે
**છેલ્લા પાનાનું ચાલુ**

તેવી આકસ્મિક સ્થિતિ કે વરસાદી આફતને પહોચી વળવા માટે તેમજ બચાવ અને રાહતની કામગીરી ઝડપી થઈ શકે માટે સુરત જિલ્લાના ઓલપાડ ખાતે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) અને માંડવી તાલુકામાં સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(SDRF) ની ટીમો અદ્યતન સાધનો સાથે સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટનાઓને પહોચી વળવા જરૂરી સાધનો સાથે પડકારો સામે લડવા માટે ટીમો સુસજ્જ છે. એન.ડી.આર.એફ. ટીમ પાસે પૂરના પાણી વચ્ચે ફસાયેલા લોકોના બચાવ અને આ જગ્યાઓ સુધી સરળતાથી પહોંચવા માટે ફ્લડ વોટર રેસ્ક્યુના વિવિધ સાધનો હોય છે જેમાં ઈનફ્લેટેબલ રબર બોટ્સ (આઇ.આર.બી.), તેના પર બેસાડીને ચલાવવા માટે ઓ.બી.એમ. મોટર, લાઈફ જેકેટ, લાઈફ ગાર્ડ અને મજબૂત દોરડાનો સમાવેશ થાય છે. વાયરલેસ સેટ, ગુડ ડિપ્લોયમેન્ટ એન્ટેના, સેટેલાઈટ ફોન વગેરે કોમ્યુનિકેશનના અદ્યતન સાધનો ધરાવે છે.

### પરવત ગામના
**છેલ્લા પાનાનું ચાલુ**

પાણી ઘુસી જવાને કારણે સ્થાનિક લોકો રાત દિવસ પાણી બહાર કાઢવા ના કામમાં લાગી ગયા છે.

છેલ્લા ઘણા વર્ષોથી પર્વત પાટિયાના સમગ્ર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી તથા ગટરિયા પાણી ફરી વળતા હોય છે. પરંતુ આ વિસ્તારમાં આવેલ વરાછા અને લિંબાયત ઝોન ના અધિકારીઓ દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી ન હોવાનું પણ સ્થાનિક લોકો દ્વારા જાણવા મળ્યું હતું.

### માનદરવાજા
**છેલ્લા પાનાનું ચાલુ**

ખૂબ જ જર્જરીત થઈ જવાને કારણે તેને રી ડેવલપમેન્ટમાં મૂકવામાં આવ્યું છે. માન દરવાજા બી ટેનામેન્ટમાં ત્રણ અને સી ટેનામેન્ટમાં નવ વિંગ આવેલી છે. આ બંને વીગોમાં થઈને કુલ્લે ૯૨૨ ફ્લેટ ધારકો માં અંદાજે ચારેક હજાર વધુ લોકો રહે છે.

ગણેશવાલા એ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વખતથી આ તમામ ફ્લેટ ધારકોને ફ્લેટ ખાલી કરવા અંગેની નોટિસો પણ આપવામાં આવી હતી તેમ છતાં પણ તેઓએ પોતાના ફ્લેટ ખાલી નહીં કર્યા હતા. છેવટે લિંબાયત જોને અંતિમ પગલાના ભાગરૂપે તમામ ફ્લેટ ધારકોના ડ્રેનેજ અને પાણીના કનેક્શન કાપી નાખીશું તેવી સાત દિવસ અગાઉથી નોટિસો પણ પાઠવવામાં આવી હતી. ત્યારબાદ પણ ફ્લેટ ધારકો નું પેટનું પાણી પણ હાલ્યું ન હતું. બુધવાર ના રોજ લિંબાયત ઝોન ૯૨૨ ફ્લેટ ધારકોના પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપી નાખવામાં આવશે તેવી આજે સવારે સમજ આપવા ગયા ત્યારે સ્થાનિક લોકોનું મોટું ટોળું એકત્ર થઈને જોનના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે જીભાજોડી કરી હતી..

### સુરત શહેરમાં
**છેલ્લા પાનાનું ચાલુ**

ત્રણ દિવસથી વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ છે. સતત વરસાદ પડતા સુરત શહેરનાં તમામ વિસ્તારોમાં પાણીની રેલમછેલ થઈ ગઈ છે.

### સાગઠિયા
**છેલ્લા પાનાનું ચાલુ**

આવ્યો હતો. દરમિયાન આજે એસીબીની ટીમ દ્વારા સાગઠિયાને સાથે રાખીને દોઢસો ફૂટ રિંગ રોડ ઉપર આવેલ ટ્વીન ટાવર નામની તેની સીલ કરાયેલી ઓફિસની જડતી લેતા તિજોરીમાંથી કાળી કમાણીનો મોટો દલ્લો મળી આવ્યો હતો.

આગાઉ રાજકોટ અગ્નિકાંડના મુખ્ય આરોપી એમ.ડી. મનસુખ સાગઠીયાની તપાસમાં એન્ટી કરપ્શન બ્યુરો (છઝ્રમ્) દ્વારા ચોંકાવનારા ઘટસ્ફોટ કરવામાં આવ્યા હતા. છઝ્રમ્ દ્વારા ચાલતી તપાસમાં સાગઠીયા પાસેથી ૧૦.૫૫ કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. આ મામલે તેની સામે ગેરકાયદેસર મિલકત મેળવવાનો ગુનો નોંધ્યો છે. આરોપી સાગઠીયા પાસેથી તેની કાયદેસર આવક કરતાં ૪૧૦% વધુ સંપત્તિ મળી આવી છે. સાગઠીયાએ રાજકોટ અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં ભારે રોકાણ કર્યું હતું, જેમાં રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં વિલાનો સમાવેશ થાય છે.

### પાંડેસરાની
**છેલ્લા પાનાનું ચાલુ**

હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને બે દિવસની સારવારનાં અંતે આજે સારવાર દરમિયાન દાઝી ગયેલા કિશોરનું મોત થયું હોવાનું જાણવા મળે છે. આ અંગે પાંડેસરા પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

### ઓલપાડમાં
**છેલ્લા પાનાનું ચાલુ**

ઓલપાડમાં ૩૧૭ મી.મી. સાથે ૩૧.૪૦ ટકા, કામરેજમાં ૨૫૪ મી.મી. સાથે ૧૯.૧૧ ટકા, ચોર્યાસી તાલુકામાં ૧૨૧ મી.મી. સાથે ૯.૦૨ ટકા, પલસાણામાં ૩૪૩ મી.મી. સાથે ૨૩.૦૬ ટકા, બારડોલીમાં ૨૭૬ મી.મી. સાથે ૧૯.૪૯ ટકા, મહુવામાં ૨૨૮ મી.મી. સાથે ૧૪.૯૩ ટકા, માંગરોળમાં ૨૨૩ મી.મી. સાથે ૧૨.૯૫ ટકા, માંડવીમાં ૧૨૮ મી.મી. સાથે ૯.૯૪ ટકા જયારે સુરત સિટીમાં ૨૬૨ મી.મી. સાથે ૧૮.૪૬ ટકા વરસાદ નોંધાયો હતો.

ગત ૨૦૨૩ના વર્ષની જુન મહિના દરમિયાન પડેલા વરસાદની વિગતો જોઈએ તો, ઉમરપાડા તાલુકામાં ૨૬૫ મી.મી., ઓલપાડમાં ૯૧ મી.મી., કામરેજમાં ૩૧૫ મી.મી., ચોર્યાસી તાલુકામાં ૧૦૭ મી.મી., પલસાણામાં ૪૪૪ મી.મી., બારડોલીમાં ૫૨૩ મી.મી., મહુવામાં ૫૫૪ મી.મી., માંગરોળમાં ૨૦૮ મી.મી., માંડવીમાં ૩૪૪ મી.મી. જયારે સુરત સીટીમાં ૨૦૯ મી.મી. વરસાદ નોંધાયો હતો.

### સુરત શહેરમાં
**છેલ્લા પાનાનું ચાલુ**

કતારગામ ઝોન, વરાછા એ, વરાછા બી, લિંબાયત, ઉધના અને અથવા ઝોનમાં ગત રાત્રે બાર વાગ્યાથી લઈને આજે સવારે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં કુલે ૩૪ વૃક્ષો ધરાસાઈ થયા હતા. વૃક્ષો તૂટી પડ્યાના સમાચાર ફાયર બ્રિગેડ કન્ટ્રોલ રૂમને મળતા ફાયર જવાનો ઘટના સ્થળે ધસી ગઈ સુરત મહાનગરપાલિકાના ગાર્ડન ખાતાને વૃક્ષોનો કબજો સોંપીયો હોવાની વિગત જાણવા મળી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૦૨ જુલાઈ ૨૦૨૪ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

# બારડોલીમાં ૯, પલસાણા અને મહુવામાં ૭ ઈંચ વરસાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૨

સુરત જિલ્લામાં મેઘરાજાની તોફાની સવારી આવી છે. જેમાં બારડોલી, મહુવા, પલસાણા તાલુકો પ્રભાવિત થયા છે. માણેકપુર ગામે પ્રાથમિક શાળા બેટમાં ફેરવાઈ છે. તેમાં માણેકપુર ગામે સ્કૂલમાં ઘૂંટણસમા પાણી ભરાયા છે. સ્કૂલમાં પાણી ભરાતા શાળામાં રજા આપી દેવાઈ છે. જિલ્લાના બારડોલી પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી સાંબેલાધાર વરસાદ વરસી રહ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં બારડોલી પંથકમાં ૯.૫ ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. જેને લઈને બારડોલી તાલુકાના માણેકપુર ગામે આવેલ પ્રાથમિક શાળામાં બેટમાં ફેરવાઈ હોય તેમ શાળામાં પાણી ભરાઈ જતા શાળામાં બાળકોને રજા આપી દેવા હતી. સુરત જિલ્લામાં

અનુસંધાન પાના ૭ પર

## ગઈકાલે ૧૨ કલાકમાં બારડોલીમાં સૌથી વધુ ૧૦૫ મીમી વરસાદ પડ્યો

સુરત, તા.૦૨

સમગ્ર રાજ્યમાં ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું છે. સુરત જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ત્યારે તા. ૦૧લી જૂલાઈ એ રોજ સવારના ૦૬થી સાંજના ૦૬

અનુસંધાન પાના ૭ પર



સુરત શહેરમાં આજે ત્રીજા દિવસે પણ સતત વરસાદ વરસી રહયો છે. સુરત શહેરમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાય છે અને વરસાદ અટકી પડતાં પાણી ઓસરી જાય છે. સુરત શહેરમાં વરસાદી પાણી ભરાવા સાથે પરવતમાં ખાડી ઓવર ફ્લો થતાં રસ્તાઓ પર ખાડીનાં પાણી વહેતા થયા છે.

## ઓલપાડ અને કામરેજમાં ચાર-ચાર ઈંચ વરસાદઃ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સતત ત્રીજા દિવસે પણ અવિરત વરસતો વરસાદ



સુરત શહેરમાં સતત ત્રીજા દિવસે પણ વરસાદ વરસી રહયો છે. વરસાદને પગલે વાહનોની ગતિ મંદ પડતાં આજે સવારે પણ રિંગરોડ પરનાં ફલાઈ ઓવર બ્રીજ પર ટ્રાફિક જામનાં દ્રશ્યો જોવા મળ્યાં હતાં. વરસાદનાં કારણે ટ્રાફિક જામમાં વાહનચાલકો અટવાયા હતા.

# સુરત શહેરની ખાડીઓના લેવલમાં વધારો થતા મનપા તંત્ર એલર્ટ

### ઉપરવાસમા ભારે વરસાદ પડતા ખાડીઓ બે કાંઠે વહેતી થઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૨

સુરત મહાનગરપાલિકાના વિવિધ નવ ઝોન માં કુલ પાંચ ખાડીઓ આવેલી છે. આ પાંચ ખાડીઓ પૈકી મોટાભાગની ખાડીઓ ભયજનક સપાટીથી દોઢ થી ત્રણ મીટર જેટલી દૂર વહી રહી હોવાનું

અનુસંધાન પાના ૭ પર

## સુરતમાં આજે ભારે વરસાદ અંગે ઓરેન્જ એલર્ટ જાહેર

### ઓલપાડ અને માંડવીમાં ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ તૈનાત

સુરત, તા.૦૨

ચોમાસાની ઋતુ શરૂ થઈ ચૂકી છે. મેઘરાજા સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં વરસી રહ્યા છે, ત્યારે તકેદારીના ભાગરૂપે ગમે

અનુસંધાન પાના ૭ પર

# પરવત ગામના રસ્તા પર ખાડીના પાણી ફરી વળ્યાં

### પરવતના નીચા વિસ્તારમાં ખાડી પુરની સ્થિતિ

સુરત, તા.૦૨

દર વર્ષની જેમ આ વર્ષે પણ પર્વત પાટીયા પાસે વરસાદી પાણી ભરાવવાનો પ્રશ્ન આ વર્ષે પણ જોવા મળ્યો હતો. છેલ્લા બે દિવસમાં પર્વત પાટિયા અને ૮૪ ડેરી વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતા લોકોને વારંવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વર્ષોથી આ વિસ્તારમાં પાણી ભરાવવાનો પ્રશ્ન તંત્ર તરફથી સોલ્વ નહીં કરી શકતા આ વિસ્તારના લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પર્વત પાટિયા અને ૮૪ ડેરી વિસ્તારમાં છેલ્લા બે દિવસમાં અવિરત વરસાદને કારણે વરસાદી પાણી ભરાઈ ગયા છે. જોકે છબ છબિયા જેટલા પાણીમાં પણ લોકો તેમના નાના બાળકોને સવારમાં સ્કૂલ મોકલવા માટે ઊંચકી ઊંચકીને જાય છે. જ્યારે આ વિસ્તારમાં આવેલી શાકભાજી માર્કેટમાં પણ પાણી ઘૂસી ગયા છે. નીચાણ વાળા વિસ્તારમાં પણ લોકોના ઘરોમાં

અનુસંધાન પાના ૭ પર

# માનદરવાજા ટેનામેન્ટના ૯૨૨ ફ્લેટ ખાલી કરવા એક દિવસનું અલ્ટીમેટમ

### કાલે ડ્રેનેજ અને પાણીના કનેકશન કાપી નાંખવામાં આવશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૨

માન દરવાજા રી ડેવલપમેન્ટ ટેનામેન્ટના બી અને સી બ્લોકના રહેવાસીઓને સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર ગણેશવાલા એ ઘણા દિવસો અગાઉ ખાલી કરવાની નોટિસો આપ્યા બાદ પણ ફ્લેટ ધારકો દ્વારા ફ્લેટ ખાલી નહી કરવામાં આવતા છેવટે અંતિમ પગલાના સ્વરૂપે બુધવારથી ૯૨૨



ફ્લેટ ધારકોના પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપી નાખીશું તેવું આજે સવારે ત્યાં સમજાવવા જતા સ્થાનિક રહીશો અને લિંબાયત ઝોનના કર્મચારીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર ગણેશવાલા એ જણાવ્યું હતું કે, રીંગરોડ માન દરવાજા પાસે મહાનગરપાલિકાનું ટેનામેન્ટ આવેલું છે. આ તેમાં આ ટેનામેન્ટ

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેરમાં ૨૪ કલાકમાં છ ઈંચ સુધી વરસાદ ઝીંકાયો

### સુરત શહેરમાં સતત ત્રીજા દિવસે પણ વરસાદ ચાલુ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૨

સુરત શહેર-જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં આજે ત્રીજા દિવસે પણ જોરદાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદ સંદર્ભે હવામાન તંત્ર દ્વારા સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરાયું છે. આ દરમિયાન સુરત શહેરમાં પણ સતત અટકી-અટકીને વરસાદ વરસી રહ્યો છે. સુરત શહેરમાં ગઈકાલે સોમવારથી આજે મંગળવાર સવાર સુધીનાં ૨૪ કલાકમાં ત્રણથી છ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે અને આજે સવારથી સુરત શહેરમાં સતત વરસાદ વરસી રહ્યો છે.

સુરત મહાનગર પાલિકાનાં ફલડ કંટ્રોલ વિભાગ દ્વારા જણાવ્યા મુજબ ગઈકાલે સવારથી આજે સવાર સુધીનાં ૨૪ કલાકમાં સુરત શહેરનાં ઉધના ઝોનમાં સર્વાધિક ૧૪૫ મીમી એટલે કે છ ઈંચ સુધીનો વરસાદ ઝીંકાયો છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૯૬, રાંદેર ઝોનમાં ૭૮, કતારગામમાં ૭૫, વરાછા એ ઝોનમાં ૧૦૮, બી ઝોનમાં ૧૧૨, લીંબાયતમાં ૯૬ અને અઠવા ઝોનમાં ૮૬ મીમી વરસાદ નોંધાયો છે.

સુરત શહેર-જિલ્લામાં આજે ત્રીજા દિવસે પણ અટકી-અટકીને વરસાદ પડી રહ્યો છે. સુરતમાં સતત

અનુસંધાન પાના ૭ પર



આગામી તા.૭મી જુલાઈનાં રોજ અષાઢી બીજ પર્વે સુરતમાં ભગવાન જગન્નાથની યાત્રા નીકળશે. સુરત શહેરમાં જુદા જુદા પાંચ જેટલા મંદિરો દ્વારા રથયાત્રાનાં આયોજન કરવામાં આવે છે. જહાંગીરપુરા સ્થિત ઈસ્કોન મંદિર દ્વારા રથયાત્રાનાં ભવ્ય આયોજન સાથે લાડુનો પ્રસાદ બનાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું તસ્વીરમાં જણાય છે.



તાપી નદીનાં ઉપરવાસમાં ભારે વરસાદને પગલે તાપી નદીનાં જળસ્તરમાં સતત વધારો થઈ રહયો છે. આજે સવારે કોઝ-વે પર તાપી નદીની સપાટી ૬ મીટરથી પણ ઉપર નોંધાતા કોઝ-વે ઉપરથી તાપી નદીનું પાણી વહી રહયું છે.

# તાપી નદીની સપાટી ૬.૭૦ મીટરે પહોંચી જતા કોઝ-વે પાણીમાં ગરક

### ઉકાઈમાં સતત નવા પાણીની આવક થતાં ડેમની સપાટી ૩૦૬.૧૧ ફૂટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૨

સમગ્ર દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉકાઈ ડેમનાં ઉપરવાસમાં મહારાષ્ટ્રની હદમાં પણ સતત વરસાદ પડી રહ્યો છે. તાપી નદીનાં હેઠવાસ તથા ઉપરવાસમાં વરસાદ પડતાં નદીનાં જળસ્તરમાં વધારો થયો છે તેમજ સતત વરસાદને પગલે ઉકાઈ ડેમમાં પણ આજે નવા પાણીની આવક ૬૩૯૨ ક્યુસેક થતાં ડેમની સપાટી વધીને ૩૦૬.૧૧ ફૂટે પહોંચી છે. જ્યારે કોઝ-વે ખાતે તાપી નદીની સપાટી વધીને ૬.૭૦ મીટર પર પહોંચી ગઈ છે.

ઉકાઈ ડેમનાં સૂત્રોએ જણાવ્યા મુજબ ડેમનાં ઉપરવાસનાં વિવિધ ગેજ મથકોમાં વરસાદ પડતાં ડેમમાં આજે સવારે ૬૩૯૨ ક્યુસેક પાણીની આવક થતાં ડેમની જળસપાટી વધીને ૩૦૬.૧૧ ફૂટ નોંધાઈ છે અને ડેમમાંથી ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

આજ પ્રમાણે તાપી નદીનાં જળસ્તરમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે સવારે ૧૦-૦૦ કલાકે તાપી નદીની સપાટી ૬.૭૦ મીટર નોંધાઈ છે. કોઝ-વેની ભયજનક સપાટી છ મીટર હોવાથી કોઝ-વે ઉપરથી તાપી નદીનું પાણી વહી રહ્યું છે.

## રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી

# સાગઠીયાની ઓફીસમાંથી રોકડા પાંચ કરોડ અને ૧૫ કિલો સોનુ મળી આવ્યું

### રાજકોટનાં ભૂતપૂર્વ ટીપીઓની ઓફીસમાં એસીબી દ્વારા તપાસ કરાતા ખજાનો મળી આવ્યો

રાજકોટ, તા.૦૨

રાજકોટ TRP ગેમ્સઝોન અગ્નિકાંડ મામલે મનસુખ સાગઠીયાનું લોકર અને ઓફિસ ખોલવામાં આવ્યા છે. જેમાં લોકરમાંથી કરોડો રૂપિયા રોકડા અને સોનુ મળી આવ્યુ છે. ગઈકાલે રાત્રિથી ACB દ્વારા સાગઠીયાની સંપતિની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમાં ૧૫ કિલો જેટલું સોનુ અને ૫ કરોડની રોકડ રકમ મળી આવી છે.

ACB દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં સાગઠીયા પાસેથી કરોડોની બેનામી સંપતિ મળવાનો સિલસિલો યથાવત છે. રાજકોટના પૂર્વ ટીપીઓ સાગઠિયાની ઓફિસમાંથી ૫ કરોડ રોકડ, ૧૫ કિલો સોનુ તથા બે કિલો ચાંદી કબજે કરી છે. રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં મનપાના પૂર્વ ટીપીઓ એમ.ડી. સાગઠિયાની ધરપકડ કરી જેલહવાળે કર્યા બાદ એસીબી દ્વારા તપાસ કરતાં તેની પાસે આવક કરતાં ૪૧૦ ટકા વધુ અપ્રમાણસરની મિલકત મળી આવતા વધુ એક ગુનો નોંધવામાં

અનુસંધાન પાના ૭ પર

## પાંડેસરાની મીલમાં કરંટ લાગતા કારીગરનું મોત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૦૨

સુરત શહેરમાં કરંટ લાગતા એક સગીર વયનાં છોકરાનું મોત નિપજ્યું છે. પરપ્રાંતિય ૧૬ વર્ષનો છોકરો પાંડેસરાની મીલમાં કામ કરતો હતો ત્યારે વિજ કરંટ લાગતા તેનું કરુણ મોત થયું હોવાનું જાણવા મળે છે.

માહિતીગાર સૂત્રોએ જણાવ્યા મુજબ પાંડેસરા ગણેશનગરમાં રહેતાં ગંગાપ્રસાદ યાદવનાં ૧૬ વર્ષનાં છોકરો બલરાજ પાંડેસરાની ડાઈંગ મીલમાં કામ કરતો હતો ત્યારે ફરજ દરમિયાન કારીગર બલરાજ યાદવને આકસ્મીક રીતે વીજળીનો કરંટ લાગતા તે ગંભીર રીતે દાઝી ગયો હતો. કારીગરને ખાનગી

અનુસંધાન પાના ૭ પર

# પલસાણામાં ૨૩.૦૬ અને ઓલપાડ તાલુકામાં સીઝનનો ૩૧.૪૦ ટકા વરસાદ

### ગત ૨૦૨૩ના જુન મહિનામાં ઓલપાડ તાલુકામાં માત્ર ૯૧ મી.મી. વરસાદ હતો

સુરત, તા.૦૨

સુરત જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે જિલ્લામાં છેલ્લા દસ વર્ષમાં પડેલા કુલ સરેરાશ વરસાદની વિગતો જોઈએ તો, ઉમરપાડા તાલુકામાં ૨૨૬૨ મી.મી., ઓલપાડમાં ૧૦૦૯ મી.મી., કામરેજ તાલુકામાં ૧૩૨૯ મી.મી., ચોર્યાસી તાલુકામાં ૧૩૪૧ મી.મી., પલસાણા તાલુકામાં ૧૪૮૭, બારડોલીમાં ૧૪૧૬ મી.મી., મહુવામાં ૧૫૨૭ મી.મી., માંગરોળમાં ૧૭૨૧, માંડવીમાં ૧૨૮૭ મી.મી., સુરત સીટીમાં ૧૪૧૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

જ્યારે આ વર્ષે તા.૩૦મી જુન ૨૦૨૪ના રોજની સ્થિતિએ છેલ્લા દસ વર્ષમાં પડેલા વરસાદની સરેરાશ ટકાવારીએ જોઈએ તો, ઉમરપાડા તાલુકામાં ૨૦૩ મી.મી. સાથે સિઝનનો ૮.૯૭ ટકા વરસાદ,

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેરમાં સતત વરસાદ પડતા કુલ ૩૪ વૃક્ષો ધરાશાયી

### ફાયર બ્રિગેડે ઝાડ કાપી રસ્તાઓ ખુલ્લા કર્યા

સુરત, તા.૦૨

છેલ્લા બે દિવસથી સુરત શહેરમાં આવીરત વરસાદને કારણે ગધરાતે ૧૨:૦૦ વાગ્યાથી આજે સવારે ૧૦ વાગ્યા સુધીમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૩૪ વૃક્ષો તૂટી પડ્યા હોવાના બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો છે. ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના જુદા જુદા વિસ્તારોમાં છેલ્લા બે-ત્રણ દિવસોથી વરસાદ નોંધપાત્ર પ્રમાણમાં વરસી રહ્યો છે. છેલ્લા બે દિવસ મળીને કુલ્લે સરેરાશ ૭ થી ૮ ઈંચ વરસાદ ફલડ કંટ્રોલરૂમમાં નોંધાયો છે. પવન સાથેના વરસાદને કારણે શહેરના સેન્ટ્રલ ઝોન, રાંદેર ઝોન,

અનુસંધાન પાના ૭ પર